


સાંતાલ ઝૂંપડાં · લીનોકટ · શ્રીમતી રતિ પિટિટ

વર્ષ અઢારમું · અંક બારમો · ડિસેમ્બર ૧૯૪૧ ★ ૨૧૬ ★ તંત્રી · રવિશંકર રાવળ · સંપાદક · બચુભાઈ રાવત

કુમાર



ચિત્રો

સાંતાલ ઝૂંપડી	રતિ પિટિટ	પૂંઠું
ઢીંગલા-ઢીંગલી	ચન્દ્રશંકર રાવળ	ત્રિરંગી મુખચિત્ર
ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ		મુખચિત્રની પાછળ
કથકલી નૃત્યકારો (ઇચિંગ)	યજ્ઞેશ્વર શુક્લ	૪૨૦
ઉદયપુરના રાજ્યમંદિરે (ફોટો)	આબીદમિયાં સૈયદ	૪૨૧

કવિતા

હિમાદ્રિ	નાથાલાલ દવે	૪૧૩

ચરિત્ર

સાત હિંદી એફ. આર. એસ.	ડૉ. કાંતિલાલ છ. પંડ્યા	૪૧૯

વાર્તા

અંતરીક્ષમાં તરતો ટાપુ	ચંદ્રમણિશંકર જેઠાલાલ પંડિત	૪૨૫

લેખો

ભાગી જવાની કળા	અનંત કાણેકર · વસંત જોષી	૪૨૪
આપણી વનશ્રી	રામસિંહજી રાઠોડ ડી. ડી. આર.	૪૩૦
ચાલો સ્વપ્નની સહેલગાહે	હરિકૃષ્ણ વ્યાસ	૪૩૩
ભૂતકાળની શોધમાં	અમૃતલાલ વ. પંડ્યા	૪૩૮

વિભાગો

મારી નજરે	ર. મ. રા.	૪૧૪
અથાણું		૪૨૯
Our Friends Abroad		૪૩૭
સંસારનાં શહેરો (૨૭—મૉસ્કો)		૪૪૧
પંચતંત્રની વાર્તાઓ	દે. વા.	૪૪૨
ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ	બલવંત ભટ્ટ	૪૪૩
જીવી જાણનારા (૧૭) પિતૃદેવો ભવ	દે. વા.	૪૪૪
માધુકરી		૪૪૫
આ મહિનો (ડિસેમ્બર) ઇતિહાસમાં		૪૪૭
છેલ્લું પાનું		૪૪૮

કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે


મુદ્રક-બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક—રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ, વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના; મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ મુંબાઈ-૧; તથા બીજા એજન્ટો: આર.આર શેઠની કં., પ્રિન્સેસ સ્ટ્રીટ ને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ-૨





ઢીંગલા-ઢીંગલી

ચિત્રકાર • ચન્દ્રશંકર રાવળ



હરીફાઈનું પરિણામ

ડાબી બાજુ મથાળેથી અનુક્રમે : (૧) 'જીવતરનું સાધન'—ડી. ડી. બારોટ (મુંબાઇ) બીજું ઇનામ (૨) 'સરાણિયા' -રાવજીભાઈ ટી. પટેલ (નડીઆદ) નોંધપાત્ર; (૩) 'રંગારો'—જયંત આર. લાલન (મુંબાઇ) નોંધપાત્ર; (૪) 'વર્તુલ અને છાયા'—જયકુમાર પંડયા (મુંબાઇ) નોંધપાત્ર; (૫) 'સ્વર્ગીય પ્રેમ'—કંચનરાય અમીન (અમદાવાદ) નોંધપાત્ર; (૬) 'ચાત્રકને કાંઠે'—ચંદુભાઈ ભટ્ટ (અમદાવાદ) ત્રીજું ઈનામ.



સધર્ન ર્હોડેશિયામાં બ્રિટિશ સાઉથ આફ્રિકા કંપનીની ગોલ્ડન જ્યૂબિલી પ્રસંગે કાઢવામાં આવેલી ટિકિટો

મથાળેથી ડાબી બાજુથી : ½ પેન્સ-બ્રિ. સાઉથ આફ્રિકા કંપનીનું રાજ્યચિહ્ન; ૧ પે.-૧૮૯૦માં ફૉર્ટ સૅલિસબરી મુકામે ધ્વજ-રોપણ; ૧½ પેન્સ, ર્હોડેશિયાનો મુત્સદ્દીવીર સેસિલ ર્હોડ્ઝ; ૨ પે.-ફૉર્ટ વિક્ટોરિયા મુકામે પ્રથમ કિલ્લો અને ટપાલગાડી; ૩ પે.-ર્હોડ્ઝ સુલેહ કરે છે; ૪ પે.-વિક્ટોરિયા ધોધ પરનો પૂલ; ૧ શિ.-મહારાણી વિક્ટોરિયા અને જ્યૉર્જ છઠ્ઠાની મુખછબી; ૬ પે.-સર ચાર્લ્સ કૉગહાનની શિલ્પપ્રતિમા

હિમાદ્રિ

·મિશ્ર·

ઉત્તુંગ હે ભવ્ય નગાધિરાજ!
કાયા તારી વ્યાપતી દિગ્દિગન્તે,
સ્પર્શે વ્યોમે શૃંગમાલા અનન્ત,
ઊભો જાણે પૃથ્વીનો માનદંડ.

ન્યારું તારું ભીષણ ભવ્ય રૂપ,
શીર્ષે તારે હિમ કેરો કિરીટ,
કટિ પરે શ્યામલ મેઘમેખલા,
સ્કંધે ઊડે પામરી શા પ્રવાહો
સિંધુ, ગંગા, બ્રહ્મપુત્રા તણા જે
સોહી રહ્યા શ્વેત સુફેન પુંજે;
ગાજે ઘેરી નોબતો નિર્ઝરોની;
અરણ્યનાં અંગરખું નીલવર્ણાં.
નિબીડ કૈં કાનનની વનસ્પતિ
અર્ચે તને ધૂપ ધરી તુષારનો.
ઝંઝાનિલોનાં ડમરુ બજી રહે,
ને વ્યોમના શ્યામ સુનીલ ઘુમ્મટે
ઝૂલી રહે ઝાલર મેઘ કેરી,
તારાગણોનાં લહેરાય તોરણો.

ન્યારાં તારાં આયુધો, હે વિરાટ!
ઝીંકે જોસે હિમ કેરા પ્રપાતો,
તૂટે પ્હાડો, કંપી ઊઠે કરાડો,
ગાજે નાદે કોતરો કંદરાઓ;
પ્રતિધ્વનિ દૂર સુદૂર ઘૂમતા.
ને વીંઝે તું વાયુ તારા પ્રચંડ,
ઘૂમે હંડા મસ્ત ઉન્મત્ત વેગે;
ન્હાસે સેના શ્યામવર્ણા ઘનોની;
હિલ્લોલતા સાગર કૈં તુષારના;
ઝૂકી ઝૂકી પ્રાર્થી રહેતાં અરણ્યો.
તારી ફૂંકે કંપતા લોકલોક.

ઢોળાય હે તાત! અનન્ત વૈભવ,
ઋતુઋતુની સઘળી સમૃદ્ધિ,
સૃષ્ટિ કેરો રૂપરાશિ તવાંકે.
ન્યારાં ખાલે રમ્ય રંગે પ્રભાત,
ભાનુ ઢોળે કુમળા રશ્મિપુંજ;
સંધ્યા વળી નૂતન ને અપાર્થિવ
તેજે રંગે શૃંગમાળા સમસ્ત.
ને ભીંજાતાં ચાંદનીમાં રૂપેરી
શોભે તારાં શિખરો હિમછાયાં.
ઊડે શૃંગે ત્યાં પ્રતિચ્છાય જાણે
ખીલે સો સો સામટાં ચંદ્રબિંબ.
અકલ્પ્ય રે ભીષણ રૂપ તારું
ડૂબે જ્યારે સર્વ ઉત્તુંગ શૃંગો
અમાસના ઘોર ઘનાંધકારે.
અંગે ઓઢી વ્યોમમંદાકિની ને
સંન્યાસી શો સંયમી, આત્મલીન
ન્યારી સાધે શાન્ત કેવી સમાધિ
નિષ્પંદ ને નિશ્ચલ, હે હિમાદ્રિ!

હેમન્તમાં હિમ તણા પ્રચંડ
દુર્દમ્ય આવેગભર્યા તુફાનો.
વસન્તના સ્પર્શથી કાનનોમાં
ખીલી ઊઠે પુષ્પની રમ્ય સૃષ્ટિ.
ગૂંથે જાળી તેજની સૂર્યરશ્મિ,
વૃક્ષે વૃક્ષે ફૂજી ઊઠે વિહંગો.
આવે જ્યારે ઘોર વર્ષા પ્રચંડ,
ડોલે દ્રુમો શ્યામ તમાલના વને,
ઘૂમે વ્યોમે નૂતન તોયવાહ.
વિદ્યુત કેરાં નર્તનો શૃંગશૃંગે,
ખીણે ખીણે ગર્જનાઓ કરાલ.
મેદાનનો હું વસનાર માનવી,
નાની મારી કલ્પના શે નિહાળે
અનન્ત સામર્થ્ય તણી લીલા સમાં
તારાં મદોન્મત્ત વિરાટ તાંડવ!

મારા દેશે જાહ્નવીના પ્રવાહ
જેવાં ઢોળ્યાં પ્રેરણાનાં અખૂટ
વારિ. સર્વે મંત્રદ્રષ્ટા મહર્ષિ
તુ પાસેથી પામીને દિવ્ય દૃષ્ટિ
ગુંજ્યા મંત્રો, વેદ કેરી ઋચાઓ,
અધ્યાત્મનાં ગૂઢ રહસ્ય સર્વે.
તેં શીખવી જીવન કેરી નિષ્ઠા,
પુષ્પો ખીલ્યાં સંસ્કૃતિનાં પ્રફુલ્લ;
રે કૃષ્ણના જીવનની ખીલી કળા,
ઘૂમ્યો યુદ્ધે પાર્થ ગાંડિવધન્વા,
ભીષ્મે ડાર્યો કાળને; ભવ્ય ત્યાગે
બુદ્ધે રોપ્યાં વિશ્વપ્રેમાંકુરો જ્યાં,
ખંડે ખંડે વિસ્તર્યાં જે અશોકે.
આ ધન્ય દેશે પ્રગટી પ્રતિભા
જ્યાં વ્યાસની, વાલ્મીકિએ વદાની
રઘુપતિના યશપુંજની કથા.
આ દેશમાં જે કંઇ ભવ્ય, મંગલ,
તે સર્વનો પ્રેરક તું હિમાચલ!
તું સર્વનો સાક્ષી રહ્યો નિહાળતો
સંસાર કેરાં તપ ઊર્ધ્વગામી,
ને ખીલતી જીવન કેરી કુંજ.
આજે મારા રાષ્ટ્રના સુપ્ત પ્રાણ,
ભીંસે એને શૃંખલા દૈન્ય કેરી;
પ્રજા તણો જીવનસ્રોત લુપ્ત
નિર્વીર્ય, નિશ્ચેતન, નષ્ટગૌરવ,
ઢળી રહ્યો ભીષણ કો મહા રણે;
રે! લૂ ઝરે કારમી પારતંત્ર્યની.
હે ઊર્ધ્વ! હે ભીષણ! હે કરાલ!
ધુણાવીને આજ સમસ્ત શૃંગો
રે છોડ તારા હિમઘોષ ભવ્ય.
પ્રચંડ ઘેરા ડમરુ તણા રવે
ગજાવ કોટિ ઘનઘોર કંદરા.
ઝંઝાનિલે આજ ઉડાવી દે બધા
પ્રમાદના જીવન પે ચડ્યા થરો.
જગાડ રે રાષ્ટ્રની સુપ્ત ચેતના
તારા કરાલ પ્રલયંકર વજ્રપાતે.
હૈયે મારે કારમી કામનાઓ.
પીડે આજે કૈંક ઇચ્છા અપૂર્ણ.
મિથ્યા કર્મો કેરી ધૂલિ મલિન
રૂંધી રાખે આત્મનું શાન્ત તેજ.
તારી ફૂંકે દૈન્ય મારાં ઉડાવી
રેલાવી દે પ્રાણ કેરા પ્રકાશ.
ઉત્તુંગ તું, સ્થાવરશ્રેષ્ઠ! તું મહા
સ્રષ્ટા તણી સત્ત્વભરી વિભૂતિ,
યોગી સમા હે અચલ પ્રતિષ્ઠ!
પ્રાંર્થુ સદા મારી સમસ્ત જિંદગી
આરાધના ભવ્ય તણી રહો બની.

નાથાલાલ દવે



વૃક્ષારોપણ-ઉત્સવ

● તા. ૧૬મીના સવારે તો સૌ વર્ષામંગળના એક અંગ 'વૃક્ષારોપણ'ના વિધિની તૈયારીમાં પડેલાં દેખાતાં હતાં. ચોમેરથી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ક્રીડાંગણ-વિસ્તારની ચોતરફ બાંધેલા શમિયાણા તરફ જઈ રહ્યાં હતાં. આજે ગુરુદેવના સ્મારકમાં એક વટવૃક્ષનું રોપણ તેમના પુત્ર શ્રી રથીન્દ્રબાબુના હસ્તે થવાનું હતું. ગુરુદેવ દરેક ઉત્સવને કલાત્મક સમારંભનું રૂપ આપવાની તીવ્ર ઇચ્છા રાખતા. અમે શમિયાણામાં પહોંચ્યા ત્યારે વૃક્ષો માટે બાંધેલા જયપુરી ઘાટના મોટા અષ્ટકોણ ચોતરાની સામે પાટ ઉપર સુંદર નવીન વેષભૂષામાં પાંચ મુકુટધારી બટુકો પાંચ તત્ત્વોનું રૂપ ધરી બેઠા હતા. મંડપની વચ્ચે શ્રી નંદબાબુનાં મોટાં પુત્રી શ્રી ગૌરીદેવીએ સુંદર આલ્પોનાઓ (રંગોળીઓ) કર્યાં હતાં અને દેવપૂજાની તૈયારી જેવું ગાંભીર્ય અને આતુરતા ચોમેર પ્રસરી રહ્યાં હતાં. સમય થતાં શ્રી રથીન્દ્રબાબુ વૃક્ષના ચોતરા સામે બાંધેલી એક પીઠિકા ઉપર આવી બેઠા તેમના આસનમાં કાઠિયાવાડી ચાકળો પાથર્યો હતો, જે રંગનો સુંદર મેળ પૂરતો હતો. તેમની સામેની બીજી ખુરશી પર શ્રી ક્ષિતિબાબુ, શ્રી નંદબાબુ વગેરે આવી બેઠા. ત્યાં તો દૂરથી શંખનાદ અને મધુર સંગીતના સ્વરો સંભળાયા.' પૂર્વતૈયારી પ્રમાણે, સુંદર અલંકારાં વસ્ત્રો અને માથે પટકો ધારણ કરેલા પાંચ યુવકોએ વૃક્ષોના રોપ ઊંચક્યા હતા. તેમની આગળ શ્રી શાંતિદા (આશ્રમના સંગીતાચાર્ય), શ્રી ચારુોજી અને સંગીતવિદ્યાર્થીઓ ગુરુદેવનાં વર્ષામંગળનાં પદો ગાતા ચાલતા હતા. તેમની આગળ સાત કન્યાઓએ સાત નદીઓનાં પ્રતીક રૂપ મંગળ જળભર્યા ઘડા ઉપાડ્યા હતા અને સૌથી આગળ શંખ તથા તૂરીનો નાદ કરતી બેચાર કન્યાઓ મોખરે ચાલતી હતી. હારબંધ ધીરે ધીરે આગળ આવતું આ નાનું સરઘસ વર્ષામંગળનું આકર્ષક તત્ત્વ હતું. આ પ્રસંગ માટે શ્રી ક્ષિતિબાબુએ ચૂંટેલી પ્રાચીન વૈદિક સાહિત્યમાંની છાપેલી ઋચાઓ ને સ્તવનોની પત્રિકા સૌને મળી. તેમાં મંત્રો નાગરી લિપિમાં હતા. અને અર્થો બંગાળી લિપિમાં હતા. ગુરુદેવનાં કેટલાંક પદો પણ હતાં. આ વખતે એક ઇચ્છા થઈ કે આ બધું જ નાગરી લિપિમાં હોત તો ઠીક થાત, કેમકે બંગાળી ભાષા શ્રવણથી તો જલદી સમજાય એવી છે. ક્ષિતિબાબુ મંત્ર વાંચતા ગયા; અર્થો બીજાએ વાંચ્યા. મંત્રો વંચાતા ગયા તેમતેમ, અગ્નિ, વાયુ, વરુણ—જે તત્ત્વનું આવાહન તેમાં થતું તે વેષભૂષાવાળો બટુક ઊભો થઈ તથાસ્તુ કહી બેસી જતો. આમ, જડ બની ગએલા વિધિઓમાં ઉતારેલાં સંસ્કાર તથા કળાએ અને વચ્ચે વચ્ચે ગાતા સંગીતે નવીન રસાસ્વાદ ને પ્રાણપ્રેરણા ઉપજાવ્યાં છે.



વૃક્ષારોપણવિધિ માટેનો શમિયાણો



(ફોટો · નરેન્દ્ર રાવળ) નવતર વેશભૂષામાં પાંચ તત્ત્વોના રૂપધારી બટુકો



વૃક્ષારોપણવિધિ માટે નદીઓ અને વનસ્પતિઓનાં પ્રતિનિધિત્વ લઈ આવતી આશ્રમકન્યાઓનું વૃંદ ગીત અને વાદ્યધ્વનિ સાથે મંડપ તરફ જાય છે.

આ પ્રસંગે જ ખબર પડી કે શાંતિનિકેતનના સમારંભોમાં કૅમેરા વડે તસ્વીરો લેનારને આશ્રમસચિવની રજા લેવી પડે છે. તેથી પહેલી જ તકે અમે આશ્રમસચિવ સુરેનબાબુને મળી ચિ. નરેનને ફોટોગ્રાફો લેવાની અનુજ્ઞા અપાવી.

હૅવેલ ભવન

● આ સમારંભ એક કલાકમાં પૂરો થયો એટલે અમે ઠરાવ્યા મુજબ હૅવેલ ભવનમાં ગયા. મ્યૂઝિયમના પાછલા ભાગમાં પ્રદર્શન માટે એક વિશાળ ખંડ બાંધ્યો છે અને તેનું નામ હૅવેલ ભવન રાખવામાં આવ્યું છે. ભારતીય કળા માટે પ્રારંભિક ભૂમિકા બાંધનાર તથા સ્વાર્પણ કરનાર એ અભિનવ અંગ્રેજ કલાવિદ્‌ના નામસ્મરણ માટે આ સર્વથા ઉચિત સ્મારકકાર્ય ગણાશે. મિસિસ હૅવેલે પોતાના પતિનાં કેટલાંક મૌલિક ચિત્રો અહીં ભેટ આપ્યાં છે. મિ. હૅવેલનું કળાવિવેચક તરીકે તો અનન્ય સ્થાન છે જ, પરંતુ જેઓ આ ચિત્ર જુએ તેમને એ પણ જણાય કે કલાકાર તરીકે પણ તેમની દૃષ્ટિ અને પીંછી ઉત્તમ કલાકારના નામને શોભ આપે એવી છે. એમનું એક સુંદર નાનું ફોટો-પોર્ટ્રેટ મને ત્યાં પહેલી જ વાર જોવા મળ્યું. એટલે શ્રી નંદબાબુની રજા લઈ ત્યાં ને ત્યાં કૅમેરાથી તેની નકલ કરાવી લીધી. આ નાનીશી પ્રાપ્તિને પણ હું એક સદ્‌ભાગ્ય ગણું છું, કારણ કે હિંદી કલાના એ મહાન ઉપકારકની કોઈ સારી છબિ હજુ સુધી મને સાંપડી ન હતી.

હૅવેલ ભવનની બાંધણી કુતૂહલ ને પ્રશ્નો ઉપજાવે એવી છે. કોઈ મંદિરના ગર્ભાગારમાં તમને લાગે એવી શાંતિ અને એકાંતનું અહીં ભાન થાય, છતાં પ્રકાશ ને હવાની ઊણપ ન લાગે. ભીંતોમાં કોઈ તરફ બારીઓ ન હોવા છતાં ઉપર-નીચેથી હવા આવવાને ખૂબીભરી યોજના કરી છે. ભીંત પરનાં ચિત્રો માટે, માથા પર વચલા ભાગમાં કરેલી કાચની ઘુમટી દ્વારા અકસરઓ ૪૫ ડિગ્રીનો પ્રકાશ મળી રહે છે અને આંખને ક્યાંયથી પણ પ્રકાશ અથડાતો નથી. આ સ્થળે વચમાં સાદડીઓ પાથરી શ્રી નંદબાબુ, શ્રી વિનોદદા તથા કલાભવનના બીજા વિદ્યાર્થીઓ સાથે બેસીને મેં ગુજરાતની કળાના છાપેલા તથા અસલ નમૂના તેમજ લોકજીવનના ફોટોગ્રાફો બતાવ્યા. તેમાં જામનગર તરફની ગ્રામ સ્ત્રીઓએ ભીંત પર લીંપણમાં પાડેલાં ડિઝાઈનો, શ્રી પંચાણભાઈ વારાના ઘરની ભીંતો પરનાં ચીતરામણો અને ભાવનગર તરફનાં રાસનૃત્યોના ફોટોગ્રાફોએ બહુ સાનંદાશ્ચર્ય ઉપજાવ્યું કે દેશની તળપદી કળાપ્રવૃત્તિઓ હજુ આપણે ત્યાં જીવંત



નંદબાબુના પુત્રી શ્રી ગૌરાદેવીનો ખાસ કલાવિષય આલ્પોનાઓ (રંગોળી)છે. તેના થોડા નમૂના (ફોટો : શ્રીમતી રતિ પિટિટ)



ભારતીય કલાના મહાન પક્ષકાર ને પુરસ્કર્તા, અભિનંદત અંગ્રેજ સ્વ. ઈ. બી. હૅવેલની આ છબિ પહેલી જ વાર અહીં પ્રકટ થાય છે.

છે. અમારો વાર્તાલાપ ઘણો ચાલ્યો. ગુજરાતની કળા પરના પ્રવચન તેમજ આ નમૂનાઓના પ્રત્યક્ષ પરિચય માટે એ બધું પ્રદર્શન કેમ મ્યૂઝિયમમાં જ મૂકવા ઠરાવ્યું.

પ્રકીર્ણ પરિચય

● બપોરે શાંતિનિકેતનનાં કેટલાંક મકાનો જોયાં. દરેક મકાનમાં કલાભવનના ભૂતપૂર્વ અને હાલના વિદ્યાર્થીઓએ કંઈ ને કંઈ સુશોભનો તથા ફ્રેસ્કો કરીને આકર્ષણ તથા ચિંતન વધાર્યાં છે. શાંતિનિકેતનના સર્વ સંસ્કારમાં કળા કેટલો સજીવન અંશ છે તેનું તે ભાન કરાવે છે. શ્રી નંદબાબુનું પણ માનવું છે કે આવા પ્રકારની કામગીરીમાં વિદ્યાર્થીઓને અનેક જાતની ક્રિયાઓની તાલીમ અને અનુભવ મળે છે, સંયુક્તકાર્યના પ્રભાવનું ભાન થાય છે તથા કામ કેવી રીતે સંપૂર્ણતાએ પહોંચે છે તેનો સાક્ષાત પરિચય તેઓ મેળવે છે. સંગીત તેમજ ભાષાના વિદ્યાર્થીઓને પણ તેનો રંગ ચડે છે અને એ રીતે શાંતિનિકેતનના નાનકડા સમાજમાં કળા મહારાણીપદ ભોગવે છે.

કલાભવનના વર્ગો માટે પાંચ કે છ શિક્ષકો શ્રી નંદબાબુની સહાયમાં છે અને વિદ્યાર્થીઓ તેમની રુચિ પ્રમાણે દરેકના હાથ નીચે મુકાય છે. કન્યા વિદ્યાર્થિનીઓની સંખ્યા પણ મોટી છે. તેમની વચ્ચે શ્રી નંદબાબુનાં મોટાં પુત્રી ગૌરીદેવી કામ કરે છે. તેમનો ખાસ વિષય 'આલ્પોના' (રંગોળી) અને ભરતકામનાં ડેકોરેશન છે. લીનો કટ, ચર્મ-ચિત્રણ વગેરે વિભાગો કળાના ઐચ્છિક વિષયો તરીકે છે. તે ઉપરાંત નંદબાબુ દરેક વિદ્યાર્થીને સંગીતમાં વાદ્ય કે ગાનનો પરિચય મેળવવા ખાસ ભલામણ કરે છે. વાર્તાલાપમાં તેમણે મને કહ્યું હતું કે ચિત્રકળા માટે સંગીત એ ઉદ્દીપક સાધન છે અને કળાની ઊર્મિઓ તે વડે વધુ દીપ્તિમાન કરી શકાય છે. વિશ્વભારતીના વિદ્યાર્થીઓમાંનો મોટો ભાગ થોડું ચિત્રકામ તથા સંગીત શીખીને પોતાના સાહિત્ય-સંસ્કારનો વધારે ગાઢ અને તાત્ત્વિક પરિચય પામી શક્યા છે અને કળાના સમુદ્ધાર તેમજ પ્રચાર માટે સારા વિવેચકો બની શક્યા છે.

કેટલાક અધ્યાપકોએ આશ્રમને પોતાનું ઘર જ બનાવ્યું છે અને પગારનો વિચાર કર્યા વિના દિનરાત ઉપાસનામાં જ રત રહે છે. અધ્યાપકો શોધવામાં નંદબાબુની પરીક્ષા જ યશ મેળવે છે. ક્યાંથી રત્ન શોધી લેવું તેની તેમને સારી ગમ છે. અમે કલાભવન તરફ જતા હતા ત્યાં સામેથી લાંબી લાકડી ઠુકાવતા એક કાળા જુવાનને ઝપાટાબંધ કેડીઓ અને વળાંકો પસાર કરી આવતા જોયા. કોઈએ કહ્યું કે એ કાલુદા સંગીત અને તાલમાં એક રત્ન છે અને પોતે દિવ્ય-ચક્ષુ હોવા છતાં અનુમાનશક્તિથી જ આશ્રમમાં બધે ફરે છે ને સૌને બરોબર પિછાને છે. તેની ખરી ખૂબી તો માણસને સ્પર્શ કરી નામ કહી આપવાની મેં જોઈ. મારી પિછાન કરાવી અને બીજે દિવસે તેના હાથમાં હાથ મૂકી મેં પરીક્ષા કરી તો તરત જ કહ્યું કે વજુદા (વ્રજલાલ)ના નવા આવેલા મહેમાન છે! આ વિચક્ષણ તરુણ આનંદમસ્ત દેખાતા હતા, —પોતાનાં ચક્ષુની ખોટ જાણે જરા યે સાલતી ન હોય.

કલાભવન—સંસ્થા અને શિક્ષણ

● કલાભવનની ફરજ માત્ર શાળાસમયમાં જ પર્યાપ્ત થતી નથી. વિદ્યાર્થી-નિવાસો આસપાસમાં જ બંધાયેલા છે, એટલે પ્રવીણતા પામેલા વિદ્યાર્થીઓ, પોતે પોતાના નિવાસમાં કામ કરી રહ્યા છે એટલું જો તે ગુરુજનોને બતાવી શકે તો તેમને શાળાની હાજરી નિયમિત ભરવી પડતી નથી. કેટલાક નવા બંધાયેલા વિદ્યાર્થીનિવાસોના પ્રકાર તો ખરેખર નવા જ છે. દરેક વિદ્યાર્થીગૃહમાં જ કામ કરવાનો ખંડ બનાવી ત્યાં નીચી બારે મોટી કાચની બારીઓ કરી આપી છે. તેને સ્ટુડિયો કહે છે. અહીં કળાના વિદ્યાર્થીઓ પોતાનાં ચિત્રો શાળાના જેવી જ સગવડથી પૂરાં કરી શકે છે. કળા-શિક્ષકનાં ગૃહોમાં પણ આવો સ્ટુડિયો વિભાગ બાંધી આપેલો છે. અહીં કામ કરતા વિદ્યાર્થીઓ શાળામાં ન ગયા હોય તો શ્રી નંદબાબુ કે કોઈ અધ્યાપક ત્યાં જઈ તેને માર્ગદર્શન

આવે છે. નૂતન વિદ્યાર્થીને ઘણીવાર આ બધું સમજમાં આવતું નથી, પણ કામની જેમને લગની લાગી હોય છે તે દિવસરાત એકધારા ગમ્યા જ રહે છે.

શ્રી નંદબાબુ કહેતા હતા કે ઘણા વિદ્યાર્થીઓને ખબર પડતી નથી કે ક્યારે તેમનાં શિક્ષણનું કાર્ય ચાલી રહ્યું હોય છે. તેમના માટે પરીક્ષાઓ કોઇ નથી હોતી. ગુરુજનોને ખબર પડે છે કે તેઓ કેટલા ચડ્યા છે. શ્રદ્ધા રાખી તેમના કહેવા પ્રમાણે કામ કર્યે જાય તે તરી જાય. શ્રી નંદબાબુ શાળાપદ્ધતિથી ઘણા નારાજ છે. છતાં વિદ્યાર્થીઓ વધી જવાથી કેટલાંક નિયમનો અમલમાં મૂકવાં પડ્યાં છે. તેઓ માને છે કે જે દિવસે આશ્રમનું કલાભવન 'સ્કૂલ ઑફ આર્ટ' બનશે તે દિવસે 'સ્ટુડિયો-લાઈફ' મટી જશે અને વિદ્યાર્થી તથા ગુરુ વચ્ચે જે શાન્ત સ્વસ્થ વ્યવહાર છે તેનો ભંગ થશે. વિદ્યાર્થીઓ અને તેમની વાંછનાઓ વિષે તેમને બહુ વિશાળ અનુભવ છે. ખરા ખોટા વિદ્યાર્થીને તેઓ તુરત પારખી શકે છે. પણ સંસ્થા સાર્વજનિક હોવાથી દરેકને તક આપવી જોઇએ એમ માને છે. 'આ બધામાંથી એકબે જ ખરા સર્જક કલાકારો થશે; બાકીના કળાની સાધારણ પ્રવૃત્તિઓ ચલાવનાર થશે અને કેટલાક પોતાના જીવનમાં કળાના પરિચયથી મળેલ આનંદ ભોગવશે.' તેમણે કહેલી આ હકીકત લગભગ દરેક કળાશાળા માટે સત્ય ઠરે છે.

કલાભવનમાં બધું શિક્ષણ આપવામાં પૌરસ્ત્ય નમૂનાઓનો જ ઉપયોગ કરવામાં આવે છે. ડિઝાઈન, ચિત્રસર્જન અને સુશોભન એ ત્રણ મુખ્ય વિષયો છે. ચિત્રનાં સાધનોમાં વૉટરકલર અને ટેમ્પેરા (ચિકાશમાં મેળવેલા કોરા રંગોનું કામ) મુખ્ય છે. શ્રી નંદબાબુનો મોટો ફાળો તો ભીંતચિત્રો માટે જોઈતા જથ્થાબંધ રંગ વાપરવામાં થતા દેશી માટીના ઉપયોગનો છે. મજૂરો રાખી રંગરંગના પથ્થરો દળાવીઘૂંટાવી તેના ડબ્બા તે ભરાવી રાખે છે ને એ રંગોની મર્યાદામાં જ ભીંતચિત્રોની રચના કરવાનું વિદ્યાર્થીઓને કહે છે. ચિત્રકળા ઉપર વ્યાખ્યાનો, પુસ્તકો કે નિબંધોનો પ્રસ્તાવ ત્યાં નથી; પરંતુ ઉત્તમ ચૂંટણીથી એકઠાં થએલાં હિંદી, યુરોપી અને ચીન-જાપાન તથા જાવાનાં પુસ્તકોનું નવનીત ત્યાં છે. ઑઇલ પેઇન્ટિંગ અને પોર્ટ્રેટ પેઇન્ટિંગ કલાભવનમાં નથી, પરંતુ તેની સામે ખાસ વિરોધ પણ નથી; કારણકે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તેની ઉપાસના પોતાના નિવાસગૃહમાં ચાલુ રાખે છે. શ્રી કિંકરદા અદ્યતન (રૉમૅન્ટિક) પદ્ધતિના એક પ્રવીણ ઑઈલપેઈન્ટર છે. એમણે યુરોપીય પદ્ધતિએ કરેલાં દૃશ્યચિત્રો મેં જોયાં. શ્રી નંદબાબુનો યુરોપી પદ્ધતિ સામે એટલો જ વાંધો છે કે આપણા વિદ્યાર્થીઓ તેમનું કોઈ 'માસ્ટરપીસ' (અતિ શ્રેષ્ઠ કૃતિ) જોઇને શીખે તો ઠીક છે; પણ સાવ બજારૂ નમૂના ઉપર ચડી જાય તે અનિષ્ટ છે શ્રી નંદબાબુએ પોતાનું આખું જીવન



મ્યૂઝિયમના પ્રવેશદ્વાર ઉપર મૂકેલી સ્વ. ગુરુદેવ ટાગોરના ચહેરાની કાષ્ઠપ્રતિમા

કળાના નવનવા પ્રયોગો, અભ્યાસ, ચિંતન અને સંશોધનમાં ગુજાર્યું છે અને મોટી પદવીઓ તથા પગારો કે આવકનો ભોગ આપી દીધો છે. તેમનું કેટલું યે જૂનુંનવું કામ જોઇને તેમના માટે 'અહોધન્ય' કહ્યા સિવાય રહીએ નહિ.

કળાભવનની સવિશેષ સાધનસામગ્રી તો મ્યૂઝિયમમાં ભરી છે. શ્રી અવનીબાબુએ પોતાનાં કેટલાં યે અસલ ચિત્રો અહીં ભેટ કરી દીધાં છે. તે જોતાં હજુ પણ લાગે કે તેમનું ગુરુસ્થાન અવિચળ છે. બહુ થોડાં પણ સુનંદાં મુઘલ, રાજપુત અને ઇરાની ચિત્રો પણ અહીં છે. તે ઉપરાંત કેટલીક મૂર્તિઓ, પથ્થર અને માટીના નમૂના, કાપડ, ભરત અને વણાટના નમૂના તથા ગ્રામજીવનની હસ્તકળાઓ હિંદના પ્રત્યેક પ્રાંતેથી ભેટ મળ્યાં છે. વાઘ ગુફાઓની ભીંતો ઉપરથી ઉતારેલા એક ચિત્રની આખી નકલ એક મોટી ભીંત ઉપર ભરી કાઢી છે. તે જોઈ વિદ્યાર્થીઓ અજંટા ને વાઘગુફાનો કંઈક અંશે સાક્ષાત્કાર અનુભવી શકે તેવું છે. મ્યૂઝિયમનાં હવામાન, સંરક્ષણ અને શાંતિની યોજના માટે તેના સ્થપતિ સુરેનબાબુને પણ યાદ કરવા જોઇએ.





ડાબી બાજુ: શાન્તિનિકેતન કલાભવનના વાર્ષિક પ્રદર્શનનું નિરીક્ષણ કરતા ર. મ. રાવળ • સામે શ્રી વ્રજલાલ ત્રિવેદી ઊભેલા છે. જમણી બાજુ: ગુજરાતની જૂની કળાના નમૂના નીરખતા વિશ્વભારતી વિદ્યાભવન તથા કલાભવનના વિદ્યાર્થીઓ.

આ બધાં સાધનો વચ્ચે ત્યાં હિંદી કળાશિક્ષણની કોઈ પરિપાટી નિશ્ચિત થયાનું પ્રમાણ મળતું નથી. પણ નંદબાબુનું એક વાક્ય યાદ આવે છે કે 'વાઘ બચ્ચાને શિકાર કરવાના પાઠ આપતો નથી. પોતે તેને વનમાં લઈ જાય છે ને શિકાર કરી બતાવે છે. બચ્ચું પોતાના પ્રયોગો કરી ને શક્તિ હાથ કરી લે છે.' આથી હમેશાં તેમનો આગ્રહ રહે છે કે ગુરુએ વિદ્યાર્થી વચ્ચે જ પોતાનું કામ કરી દેખાડવું જોઈએ. તેમનાં કામ સુધારવાં કરવાની મહેનત કરતાં કઈ રીતે પોતે આરંભથી અંત લગી પાર ઉતારે છે તે બતાવવું. સ્ટુડિયો-જીવનમાં આ સત્ય છે ખરું, પણ સાથે જ પ્રશ્ન રહેશે કે બધા વિદ્યાર્થીઓ પણ વાઘનાં બચ્ચાં હોવાં જોઈએ ખરાં ને? કંઈક નૈસર્ગિક શક્તિ કે પ્રતિભા કેળવીને જ આવે તેને આ વ્યાખ્યા અનુકૂળ બનવાની એ નક્કી.

(ચાલુ) ર. મ. ર.

આ લાંબી સંસ્કારયાત્રાના આવા જ રસપ્રચુર અને ચિત્રપ્રચુર હવે પછીના વિશેષ હપતા આવતા વર્ષમાં ચાલુ રહેશે



ડાબી બાજુથી: આશ્રમના સર્વ વિદ્યાર્થીઓ પર વત્સલતાની છાયા પાથરતા સંત સમા શ્રી ગુરુદયાળ મલ્લિક; નંદબાબુની સાથે કલાભવનમાં કામ કરતા તેમના જૂના શિષ્ય શ્રી વિશુદા; કલાભવનના એક બીજા અધ્યાપક શ્રી વિનોદ મુખરજી જે હિંદી ચિત્રકળાનો અદ્યતન ઇતિહાસ ભેગો કરી રહ્યા છે; સંગીત ગુરુદાસ શ્રી ભલુદા—જેમનો ઉલ્લેખ ઉપર આવી ગયો.



શ્રીનિવાસ રામાનુજમ્, સર જગદીશચન્દ્ર બોઝ, સર ચંદ્રશેખર વ્યંકટરામન્, ડૉ. બીરબલ સાહાની, ડૉ. હોમી ભાભા

સાત હિન્દી એફ્. આર. એસ.

અને પહેલા ગુજરાતી એફ્. આર. એસ.

લેખક : ડૉ. કાન્તિલાલ છ. પંડ્યા

'એફ્. આર. એસ.' (F.R.S.), 'ફેલો ઑવ ધ રૉયલ સોસાએટી'–રૉયલ સોસાએટીનો સભ્ય–એ આજે વિજ્ઞાનની આલમમાં બહુ સંમાનનું પદ છે. લન્ડનની રૉયલ સોસાએટી એ કેવળ બ્રિટનની જ નહિ પણ દુનિયાના સર્વ દેશોની સકળ વિજ્ઞાન-મંડળીઓમાં સૌથી પુરાણી છે. બ્રિટિશ સામ્રાજ્યમાં એ મોટામાં મોટી ને સૌથી વધારે ગૌરવવાળી વિદ્વત્સભા છે, એટલું જ નહિ પણ એ સામ્રાજ્યની બહારના દેશોમાં પણ એની મહત્તા તથા પ્રભાવ સ્વીકારાય છે. હવે તો દરેક સ્વતંત્ર ને સંસ્કારી દેશમાં આવી મોટી સંસ્થાઓ 'ઍકેડેમિ' કે એવા નામથી, વિજ્ઞાન–સાહિત્ય–કળા વગેરેને માટે સ્થપાઈ ચૂકી છે: પણ તે સર્વનો જન્મ, તેમ જ ઇંગ્લન્ડની પણ અન્ય વિદ્વત્સભાઓનો જન્મ રૉયલ સોસાએટીની પછી થયો હતો. ને તેઓનું જીવન પણ થોડે કે ઘણે અંશે, એના જ ધોરણને અનુસરે છે. વિજ્ઞાનનું આજે જે મહત્ત્વ છે તેને ખીલવવામાં રૉયલ સોસાએટી તથા એના સભ્યોનો કાંઇ જેવોતેવો હાથ ન હતો. બ્રિટનના મોટામોટા વિજ્ઞાનશાસ્ત્રીઓ ને વિજ્ઞાન-સેવકો એના સભ્ય થઈ ચૂકયા હોય છે. ઇ.૧૬૪૪–૪૫થી આરંભ પામેલી આ સોસાએટી હવે એત્રણ વર્ષમાં પોતાની ત્રિ-શતાબ્દિ પૂરી કર્યાનું વધુ ગૌરવ લેશે.

આ કારણથી આ સભાના સભ્ય થવા માટે પુષ્કળ હરીફાઈ હોય છે; હરકોઈ તેજસ્વી બ્રિટિશ વિજ્ઞાનીનો એ એક મોટો કોડ હોય છે. પણ એના સભ્યની ચૂંટણીનું ધોરણ ઘણું ઊંચું હોય છે, ને અતિસામાન્યતામાં પડી જવાનો ભય ટાળવાને માટે એની સભ્યસંખ્યા મર્યાદિત રહે છે. હાલ દર વર્ષે ચૂંટણીથી વીસ સામાન્ય સભ્યો જ ચૂંટવામાં આવે છે. એ ઉપરાંત એકાદ બે માન્ય સભાસદ-બ્રિટિશ કે પરદેશી-ચૂંટાય છે. રૅમ્સે મૅકડોનલ્ડ, એડવર્ડ પ્રિન્સ ઑવ વેલ્સ (હાલના ડ્યૂક ઑવ વિંડસર), ચર્ચિલ, લૉર્ડ ન્યુફીલ્ડ વગેરે જેવા બ્રિટિશ માન્ય સભ્ય થયા છે, ને વિદેશી ઉચ્ચતમ વિજ્ઞાનીઓમાંના ઘણા વિદેશી સભ્ય (Foreign F.R.S.) ચૂંટાયા છે. આજે પણ વિજ્ઞાનની શોધખોળો કરવામાં તથા પ્રેરવામાં, વિજ્ઞાનને લોકજીવનમાં ઉતારવામાં વિજ્ઞાનીઓને ઉત્તેજન કે સહાય આપવામાં, એમ અનેક તરેહનું કાર્ય રૉયલ સોસાએટી કરે છે. એ સંસ્થાનો લગભગ ત્રણસેં વર્ષનો ઇતિહાસ ને એની કાર્યસિદ્ધિનો વૃત્તાન્ત ગુજરાતીમાં સરસ રૂપમાં પ્રકટ થવાની બહુ જરૂર છે.

આપણા દેશમાં વિજ્ઞાનનું અંધારૂં કેટલું હતું ને છે એની એક સાબિતી એ વાતથી મળે છે કે રૉયલ સોસાએટીનાં પહેલાં લગભગ પોણા ત્રણસો વર્ષ લગી એના સભ્યોમાં કોઈ પણ હિન્દીનું નામ ન હતું. ૧૯૧૮માં પહેલો હિન્દવાસી એનો સભ્ય થયો, ને આજ ૧૯૪૧ લગીમાં માત્ર સાત જ હિન્દીઓ એના 'ફેલો' થઈ શક્યા છે.

હિન્દના પ્રાન્તની દૃષ્ટિએ, આ સાતમાંના ત્રણ દક્ષિણ હિન્દી છે, બે પૂર્વ–હિન્દી એટલે બંગાળી, એક ઉત્તરનો પંજાબી, ને (હમણાં જ) એક પશ્ચિમ હિન્દનો ગુજરાતી. આ સાતમાં છ હિન્દુઓ ને એક પારસી છે.

વિજ્ઞાનના છત્ર નીચે અનેક પૃથક્પૃથક શાસ્ત્રોનો સમાવેશ થાય છે. એ શાસ્ત્રોની ખીલવણી આપણા દેશમાં કેટલી ઉન્નતિએ પહોંચી છે તેનો કાંઈક ખ્યાલ એથી પણ આવશે કે આ સાતમાંના પાંચ તો 'ફિઝિસિસ્ટ'–ભૌતિકશાસ્ત્રીઓ–છે, એક ગણિતશાસ્ત્રી ને એક

વનસ્પતિશાસ્ત્રી છે. આપણા દેશમાં રસાયનશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર ને વૈદ્યકશાસ્ત્રની આટલી વિસ્તારી દેખાતી તાલીમ છતાં, એ શાસ્ત્રોમાં કોઈ પણ હજી એફ. આર. એસ. થવા જેટલી સિદ્ધિએ પહોંચી શક્યો નથી, એ હકીકત નોંધવા તથા વિચારવા જેવી નથી? ભૌતિકશાસ્ત્રમાં આપણું સ્થાન બેશક કાંઇક ગર્વ કરવા જેવું ય છે, કારણ કે આ પાંચમાંના કેટલાકે તો આન્તરરાષ્ટ્રીય નામના મેળવી છે ને રામને તો એફ. આર. એસ.થી પણ બહુ અધિક ઉચ્ચ પદ—નોબેલ પારિતોષિક—મેળવી હિન્દને જગતના વિજ્ઞાનમાં યે સ્થાન કરી આપ્યું છે.

પશ્ચિમ દેશોમાં રહી પાશ્ચાત્ય પદ્ધતિથી વિજ્ઞાનની તાલીમ મેળવનારાઓમાં સૌથી અગ્રેસર હિન્દીઓ (સર) જગદીશચન્દ્ર બોસ ને (આચાર્ય) પ્રફુલ્લચન્દ્ર રાય હતા. એ બન્નેની આ જાતની કદર થએલી જોવાને આપણે બહુ ઉત્સુક હતા: ને એવી ચૂંટણી ન થઇ એથી આપણા દેશની પરાધીન હાલતમાં સ્વાભાવિક એવા માનસથી, ઘણાને એમાં રૉયલ સોસાએટીની ત્રુટી દેખાઇ અને કેટલાકને એમાં રંગના કે રાજકીય દ્વેષની ગન્ધ પણ આવી.

એવામાં એકાએક, સન ૧૯૧૮ની વસન્ત ઋતુમાં સમાચાર આવ્યા કે શ્રીનિવાસ રામાનુજમ્ રૉયલ સોસાએટીના સભ્ય તરીકે ચૂંટાયા. યુરોપીય યુદ્ધ હજી ચાલતું જ હતું: વસ્તુતઃ ૧૯૧૮ના માર્ચ–એપ્રિલમાં બ્રિટનની સ્થિતિ ઘણી ખરાબ હતી. મને એ કાળ બહુ સારી રીતે સાંભરે છે: યુદ્ધના સમાચારમાં—આજની પેઠે—સૌનાં ચિત્ત વ્યગ્રતાથી પરોવાયાં હતાં. તેવામાં એકાએક આ સમાચાર આવ્યાથી સાનન્દાશ્ચર્યની મોટી ઊર્મિ સર્વત્ર ફરી વળી. પણ એ શ્રીનિવાસ રામાનુજમ હતા કોણ?

બહુ થોડા એને હિન્દમાં ઓળખતા. બહુ જ જૂજ માણસોને યાદ રહ્યું હશે કે થોડા સમય પૂર્વે એક મદ્રાસી યુવકમાં ગણિતની પ્રતિભા જોઇને ઈ. ૧૯૧૪ના માર્ચમાં એને મદ્રાસ યુનિવર્સિટિએ ૨૫૦ પાઉંડની વાર્ષિક સ્કોલરશિપથી કેમ્બ્રિજ રવાના કર્યો હતો. એ વાતને ચાર વર્ષ વીતી ગયાં હતાં; તે પછી કાંઈ સમાચાર ન હતા.

૧૯૧૩ના નવેમ્બરમાં રવીન્દ્રનાથ ટાગોરને નોબેલ પારિતોષિક મળ્યું તે વખતે આપણા દેશમાં ને આપણાં ચિત્તોમાં જે ખળભળાટ થયો હતો, તેને કાંઈક મળતો ને તેથી કાંઇક જુદો એવો ખળભળાટ ૧૯૧૮ના એપ્રિલમાં થયો. નોબેલ પારિતોષિક એ સમસ્ત વિશ્વ તરફનું એક સાહિત્ય–સંમાન હતું. એફ. આર. એસ. એ બ્રિટિશ સામ્રાજ્યનું વૈજ્ઞાનિક સંમાનચિહ્ન હતું: એક રીતે, હિન્દી વૈજ્ઞાનિક પ્રતિભાનું પરદેશ તરફથી આ પ્રથમ અભિજ્ઞાન હતું.

ઈ. ૧૯૧૮માં આપણા દેશમાં વિજ્ઞાનના અભ્યાસ, સંશોધન તથા પ્રસારનો ઉષઃકાળ બેશી ચૂક્યો હતો. ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ પાંચેક બેઠક ભરી ચૂકી હતી: યુનિવર્સિટીઓનું તેમજ પ્રજાનું ધ્યાન વિજ્ઞાન તથા વૈજ્ઞાનિક સંશોધન તરફ કાંઇક ખેંચાયું હતું: અને જો કે તે વખતે મોટે ભાગે અગત્યના સંશોધકો અંગ્રેજો જ હતા, બેચાર અંગ્રેજ એફ. આર. એસ. પણ આ દેશમાં હતા: છતાં જનતાને મન તો બોસ ને રાય એ બે જ અગ્રેસર હતા.

એમાંથી કોઇ નહિ ને એક તદ્દન અજાણ્યો મદ્રાસી યુવક આ પદ ઉપર પહોંચી ગયો એથી આનન્દમાં કુતૂહલ તથા ગૂંચવાડા પણ ઉત્પન્ન થયો. અને એ મદ્રાસી પણ કેવો? બોસ–રૉયનાથી ઉમરે ઘણો નાનો; જેને ત્રીસ વર્ષ પણ પૂરાં થયાં નહોતાં એવો; જે, ડૉક્ટર ઑવ સાયન્સની વાત તો આઘી જ રહી પણ કોઈ યુનિવર્સિટીનો સ્નાતક-ગ્રૅજ્યુએટ-પણ થઈ શક્યો નહોતો, એટલું જ નહિ પણ મદ્રાસ યુનિવર્સિટિની જ ઇન્ટરમીડિયેટની પરીક્ષામાં બબ્બે વાર નપાસ થઇ જેને છેવટે પરીક્ષા ને કૉલેજ સર્વ છોડી દેવું પડેલું: એવો એકદમ એફ. આર. એસ. થાય! વળી, વધારે તાજૂબીની વાત તો એ હતી કે એનું નામ રજૂ થયું કે તરત પહેલે જ વર્ષે—તે સ્વીકારાયું. આવું તો અંગ્રેજ વિજ્ઞાનશાસ્ત્રીઓની બાબતમાં પણ સાધારણરીતે બનતું નહિ.

પણ હવે આપણને સમજાયું છે કે રામાનુજમ્ જેવી પ્રતિભા ઇંગ્લન્ડ કે જગતભરમાં યે જવલ્લે મળી આવે છે. આવી અસાધારણ નૈસર્ગિક પ્રતિભાની સાથે નિઃસીમ કરુણતા રામાનુજમના વૃત્તાન્તમાં એ સંકલિત થઇ છે કે ગરમ દેશમાં ને દક્ષિણી બ્રાહ્મણના રૂઢિચુસ્ત વાતાવરણમાં તેમજ બહુ ગરીબાઇમાં ઊછરેલો એનો દેહ કેમ્બ્રિજની ઠંડીને અનુકૂળ થઈ શક્યો નહિ, ને થોડા જ વખતમાં ક્ષયથી પીડાઇ, તદ્દન અકાળે ને પૂરા વિકાસની તક વિના, મૃત્યુ પામ્યો. એનો ગુરુ, એનો મિત્ર, એનો સહાયક, કેમ્બ્રિજ યુનિવર્સિટીનો પ્રોફેસર હાર્ડી એનું ઉત્તમ શ્રાદ્ધ કરી રહ્યો છે: રામાનુજમની નોટબુકો, ગણિતની શોધો વગેરે એણે ધારેધારે પ્રગટ કરવા માંડયું છે. કહે છે એ બધું સમજનાર ઇંગ્લન્ડમાં ય ગણ્યાગાંઠ્યા જ છે. ને એનું જીવન પણ એમણે જ પ્રકટ કર્યું છે.

રામાનુજમ્ પછી ત્રીજે વર્ષે, ઈ. ૧૯૨૦માં, સર જગદીશચન્દ્ર બોસની ચૂંટણી થઈ. તેની એક વર્ષ પહેલાં હિંદી સરકારે એમને નાઇટનો ખિતાબ આપ્યો હતોઃ પણ રૉયલ સોસાએટીની વરણીએ બોસને પોતાને તેમજ એના અનેક મિત્રો-પ્રશંસકોને ઘણો જ વધારે સંતોષ આપ્યો હશે. બંગાળે તેમજ હિંદ આખાએ આ પ્રસંગ ઊજવ્યો. 'Disinherited'નું તખલ્લુસ એક સૂત્ર તરીકે સ્વીકારનાર આ બંગાળી વિજ્ઞાનશાસ્ત્રીનાં છેલ્લાં વર્ષો સૌ તરફથી મળતા સંમાનમાં પસાર થયાં ને સિત્તેરેક વર્ષનું આયુષ્ય એ ભોગવી શક્યા એ ઘણા સંતોષની વાત છે. બોસે જીવન ભૌતિકશાસ્ત્રી તરીકે શરૂ કર્યું હતુંઃ 'વાયરલેસ'—'બેતાર સન્દેશ'ની ખીલવણીમાં યુવાન વયે પણ બોસનો ફાળો મહત્ત્વનો હતો. જો બોસ આ જ ક્ષેત્રમાં કામ કરતા રહ્યા હોત તો એમની કદર ને ખ્યાતિ—'એફ. આર. એસ.'નું પદ પણ—ઘણાં વ્હેલાં મળ્યાં હોત એમ કેટલાકનું માનવું છે. પણ તે વનસ્પતિજીવનના પ્રદેશમાં એકાએક ઊતરી પડ્યા, ને એમાં એમની પદ્ધતિ, એમનાં અનુમાનો વગેરેને લીધે તે મોટામોટા વનસ્પતિશાસ્ત્રીઓની સામે અથડામણમાં આવ્યા. રખેને કોઇ એમ માની બેસે કે રૉયલ સોસાએટીના સભ્ય તરીકે એમની ચૂંટણી થઈ એટલે આ વિરોધ ને આ અથડામણનો અંત આવ્યો હશે, તથા બોસના વાદની જીત થઇ હશે. એવું કશું નથી થયું. બોસના વનસ્પતિશાસ્ત્ર વિષયના કામની સામેનો વિરોધ તો એવો ને એવો જ છે. જે કદર થઇ છે તે તો એમણે આ કામની બોજને અંગે જે અદ્ભુત નાજુકાઇવાળાં તથા સૂક્ષ્મ માપ કરે એવાં યંત્રોની યોજના કરી તથા પોતે બનાવી કામમાં લીધાં, એ અસાધારણ શક્તિની જ આ કદર હતી. યંત્રરચનામાં ભૌતિકશાસ્ત્ર ઉપરનું પ્રભુત્વ બહુ સરસ રીતે પ્રકટ થયુંઃ એટલે વાસ્તવિક રીતે, વનસ્પતિશાસ્ત્રી બોસની નહિ પણ ભૌતિકશાસ્ત્રી બોસની વરણી રૉયલ સોસાએટીએ કરી છે. જનસમાજ એમાં બોસનો સર્વથા વિજય માને, બોસે પોતે પણ પોતાના વનસ્પતિવિષયક સંશોધનનો આથી પરોક્ષ રીતે સ્વીકાર થયો માન્યો હોય—તો તેમાં નવાઈ પામવા જેવું નથી. છતાં સત્ય તે નથી.

બોસની મૂર્તિ આપણે ત્યાં બહુ પરિચિત થઇ ગઇ છેઃ એમનું નામ ને એમનું કામ ખરી ખોટી રીતેય આદર તથા લોકપ્રિયતા પામ્યાં છે. જોકે પ્રચારકાર્યની એમની બુદ્ધિ તથા શક્તિ અનુપમ હતાં, તોપણ સૌ કબૂલ કરશે કે લગભગ છેલ્લે લગી એમણે પોતાના વ્યક્તિત્વનો પ્રભાવ અને વ્યાખ્યાનની છટા તથા ચાતુર્ય સાચવી રાખ્યાં હતાં. જ્યારે બોસ પોતાની ઉચ્ચતમ કળાએ પહોંચ્યા ત્યારે આ પ્રભાવ, આ છટા ને આ ચાતુર્ય હિન્દમાં અજોડ હતાં. ને ઘણાં વિદેશી શ્રોતૃમંડળને ય એમણે મુગ્ધ કરી નાખ્યાં હતાં. છેવટનાં વર્ષોમાં એમાં વૃદ્ધત્વનાં ચિહ્નો, કાંઇક વિજયનો નશો, આત્મનિમગ્નતા વગેરે, આપણુને ખૂંચે એટલી હદ લગી, દૃષ્ટિએ પડતાં હતાં. પણ પોતાની કળાને શિખરે હતા ત્યારે બોસ અદ્ભુત વ્યાખ્યાતા હતા.

બોસનું મોટું દુર્ભાગ્ય—જે એમના સમજવામાં ય નહિ આવ્યું હોય તે—એ હતું કે એમના જીવનકાર્યની કદર વિજ્ઞાની આલમ કરી શકતી નથી. કદર કરી શકતી નથી એટલે એ સાચું છે કે ખોટું છે, સારૂં છે કે નઠારૂં છે, તે નિર્ણય પણ કરી શકતી નથી. કારણ કે બોસે પોતે જ વિજ્ઞાનના સમુદ્રમાં એક એકલવાયા બેટ જેવા રહીને કોઈ સાથે વૈજ્ઞાનિક સંબન્ધ રાખ્યો નથી. આવાં અદ્ભુત યંત્રો બીજા કોઈના હાથમાં—પોતાના મરણ લગી—જવા દીધાં નથી, ને તેથી જ એની શોધો તથા અનુમાનોની કોઈ તપાસ કે પરીક્ષા કરી શકતું નથી.

પછી ચાર વર્ષ લગી ત્રીજો કોઈ હિન્દી ચૂંટાયો નહિ. ૧૯૨૪માં બીજા દક્ષિણ-હિન્દી અને બીજા ને ખરેખરા ભૌતિકશાસ્ત્રી ચન્દ્રશેખર વ્યંકટરામનની ચૂંટણી થઈ. રામનની એક ને ખરેખરી મગરૂરી એ છે કે એમણે હિંદમાં જ તે તાલીમ લીધી હતી, હિંદમાં જ સર્વ કાર્ય કર્યું હતું. ઈ. ૧૯૨૩માં એ પહેલી વાર છઆઠ માસ માટે ઇંગ્લન્ડ ગયા. ફિનાન્સ સર્વિસના જેવી સારામાં સારી નોકરી, ઍકાઉન્ટન્ટ-જનરલ કે તેથી યે ઊંચા પદ લગી ચડવાની વકી ને સરકારી મોટા હોદ્દા, એ સર્વ ત્યજીને માત્ર પ્રોફેસરપણું એમણે પસંદ કર્યું,—ને સાર્થક કર્યું. હિંદના શિક્ષણશાસ્ત્રીઓમાં તથા શિક્ષણનેતાઓમાં સર આશુતોષ મુકરજી જેવું કોઈ થયું ન હતું, ને હજી કોઈ થયું નથી. એમની કદર ને સાહાય્ય રામનને બહુ જ કામમાં આવી. કલકત્તાની ડી.એસસી. આપી એમણે જ રામનને વિલાયત મોકલેલા. કલકત્તામાં ઇન્ડિયન એસોસીએશનમાં ને યુનિવર્સિટી કૉલેજ

ઑાવ સાયન્સમાં પ્રોફેસર તરીકે કામ કરનાર રામનની ચૂંટણીએ સર્વ મંડળોને આનંદ આપ્યો. તે પછી ચાર વર્ષે, સન ૧૯૨૮માં, રામને 'રામન ઇફેક્ટ' તરીકે હવે જે મશહૂર થઈ છે એ શોધ કરી જગતનાં બીજાં ઘણાં ઉચ્ચ માન મેળવ્યાં, જેમાં રૉયલ સોસાએટી તરફથી હ્યૂઝ-ચન્દ્રક, નોબેલ પારિતોષિક (૧૯૩૦) અને હમણાં જ અમેરિકાનો ફ્રૅન્કલિન-ચન્દ્રક (૧૯૪૧)—એ મુખ્ય છે. ભૌતિકશાસ્ત્રનાં ઘણાં અંગોને સ્પર્શવા ઉપરાંત એમનું ખાસ ને મુખ્ય કાર્ય પ્રકાશ-શાસ્ત્ર (optics) સંબંધમાં છે.

આજે રામનના જેવી વૈજ્ઞાનિક પ્રતિભા હિંદમાં બીજી કોઇ નથી. વર્ષોના અનુભવ પછી બુદ્ધિ, જ્ઞાન અને અનુભવની પકવતાએ પહોંચેલા આ વિદ્વાન હજી ઘણાં વર્ષો જીવો અને વધુ ને વધુ સિદ્ધિ પામો. પૂર્વવાસીઓ કલ્પનાશીલ, વાદપ્રિય ને વિચારતર્ક આદિમાં જ પ્રખર શક્તિ બતાવી શકે એ આપણી ઉપરનો આરોપ પહેલી વાર રામનના નોબેલ પારિતોષિકે ખોટો કરાવ્યો. આખા એશિયામાં બે જ નોબેલ પારિતોષિકો આવ્યાં, ને તે બન્ને હિંદના પુત્રોએ મેળવ્યાં એ જરૂર અતિશય આનન્દની કથા છે. રામન હાલમાં કેટલાંક વર્ષોથી બૅંગલોરમાં કામ કરે છે, હજી એમની પ્રતિભામાં ઘડપણ આવ્યું નથી, એ બહુ જ આશા આપનાર છે. જે સંમેલનોમાં રામન હાજર હોય તેમાં એમની પ્રબલ જોમવાળી મોહક ને આંજી નાખે એવા વ્યક્તિત્વની મૂર્તિ જાણે અનેરો પ્રકાશ જ પાડે છે. બોસની પેઠે તૈયારી કરી સુંદર કલામય વ્યાખ્યાન એ આપી શકે નહિ, પણ સ્વાભાવિક જોમ, વાણીનું સામર્થ્ય તથા વાત રજૂ કરવાની ખૂબી એ સર્વથી ઉત્સાહ, જોશ તથા ઊંડી છાપ એ ઉત્પન્ન કરી શકે છે. આજે હિંદમાં એમના જેવો સમર્થ વૈજ્ઞાનિક વક્તા બીજો નથી. વર્તમાન હિંદને સુધરેલી દુનિયામાં પ્રતિષ્ઠા મેળવી આપનાર હિંદના સુપુત્રોમાં, ટાગોર તથા ગાંધીની સાથે, રામનનું નામ પણ અમર રહેશે.

પછી ઈ. સ. ૧૯૨૭માં બીજો બંગાળી અને ત્રીજો ભૌતિકશાસ્ત્રી આ વરણીમાં આવ્યો: તે અલ્લાહાબાદ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર ડૉક્ટર મેઘનાદ સાહા. રામનની જેમ જ સાહાની ડૉક્ટરની ડિગ્રી કલકત્તા યુનિવર્સિટીએ આપેલી છે—વિદેશી નથી. છતાં મેઘનાદ સાહાએ ૧૯૨૦—૨૨ લગી ઇંગ્લંડ, જર્મની વગેરે સ્થળોની અનુકૂળ લૅબોરેટરીઓમાં મોટા ભૌતિકશાસ્ત્રીઓની સાથે કામ કરેલું. સાહાનો વિષય વળી અનેરો છે: તારાઓનું ભૌતિકશાસ્ત્ર (astro-physics). તારાઓમાંથી આવતા પ્રકાશનો અભ્યાસ, તે ઉપરથી થતાં અનુમાનો તથા વાદો વગેરેથી રચાએલા આ પ્રદેશમાં મેઘનાદનું વિચારેલું ને લખેલું સાહિત્ય તે ક્ષેત્રના વિદ્વાનોમાં ખૂબ ચર્ચાયું ને જાણીતું થએલું છે. એમનું કામ પ્રયોગાત્મક હોવા કરતાં ચિન્તનાત્મક વધુ છે, ગણિત—ભૌતિકશાસ્ત્રી (Mathematical Physics)નું વધુ છે. હાલમાં તેઓ કલકત્તા યુનિવર્સિટીમાં પાછા ફર્યા છે ને ત્યાંની યુનિવર્સિટી કૉલેજ ઑાવ સાયન્સમાં પ્રોફેસર છે.

મેઘનાદ સાહાની પછી લાંબો ગાળો આવ્યો ને નવ વર્ષે છેક ૧૯૩૬માં પાંચમા હિંદીની ચૂંટણી થઇ: જે પહેલો પંજાબી ને પહેલો વનસ્પતિશાસ્ત્રી હતો. એ પ્રો. બીરબલ સાહની લખનૌમાં વનસ્પતિશાસ્ત્રના પ્રોફેસર તથા લખનૌ યુનિવર્સિટીની સાયન્સ ફૅકલ્ટીના ડીન છે. ખાદીધારી, ગૌર, લગભગ કૃશ દેહવાળા આ પંજાબીનું ખરૂં ક્ષેત્ર 'Palocobolany' છે, ને તેને આધારે ભૂશાસ્ત્રની સાથે એમને સંબંધ રહે છે. જમીનમાંથી નીકળેલા અવશેષો. વનસ્પતિ તેમજ વનસ્પતિની પથ્થર ઉપરની આકૃતિઓ વગેરે ઉપરથી તે પ્રદેશનું તે કાળનું ઘણું જ્ઞાન પ્રાપ્ત થાય છે. હિંદમાં વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ વધારવામાં તથા એને લગતાં મંડળોની યોજનામાં સાહનીએ ઘણો ભાગ લીધો છે. લન્ડન તથા કેમ્બ્રિજ બન્નેની ડૉક્ટરની ઉપાધિઓ એમણે મેળવી છે. એમની તાલીમ મુખ્યત્વે ઇંગ્લન્ડની જ છે, જ્યાં તેઓ વારંવાર રહે છે. છતાં હિંદના વનસ્પશાસ્ત્રીઓના ખરા ગુરુ—પ્રોફેસર શિવરામ કશ્યપ એમના ય ગુરુ હતા: દુર્ભાગ્યે એ પણ અકાળે મૃત્યુ પામ્યા, અને આજે સાહની અહીંના વનસ્પતિવિદોમાં અગ્રેસર છે.

રામાનુજમ્ સિવાયના ઉપરના ચારે હિંદી એફ. આર. એસ. હિંદી વિજ્ઞાનપરિષદ્—ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ—નું મુખ્ય પ્રમુખનું પદ મેળવી ચૂક્યા છે: બોસ, લાહોર, ૧૯૨૭; રામન, મદ્રાસ, ૧૯૨૯, સાહા, મુંબઈ, ૧૯૩૪; સાહની, મદ્રાસ, ૧૯૩૯.

સાહની પછી ચાર વર્ષ ગયાં ને ઈ. ૧૯૪૦માં ત્રીજા દક્ષિણ હિન્દી ને ચોથા ભૌતિકશાસ્ત્રી, પ્રોફેસર કરિયામાણિક્કમ્ શ્રીનિવાસ કૃષ્ણનની છઠ્ઠા હિન્દી

એફ. આર. એસ. તરીકે ચૂંટણી થઈ. કૃષ્ણને મદ્રાસની ખ્રિસ્તી કૉલેજમાં રસાયનના ડેમૉન્સ્ટ્રેટર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી હતી. તેથી આજે તે ભૌતિકશાસ્ત્રી તરીકે વિખ્યાત થયા હોવા છતાં રસાયન તરફ એ ઘણા અભિમુખ છે. મદ્રાસથી કલકત્તે આવી રામનની પાસે એમણે સન ૧૯૨૩માં કામ શરૂ કર્યું ને પાંચ વર્ષમાં ભૌતિકશાસ્ત્રની વિવિધ શાખાઓમાં નવાં સંશોધનો કરીને એમણે એવી પ્રતિષ્ઠા મેળવી કે ૧૯૨૮માં એ ઢાકાની યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના ઉપ-અધ્યાપક (રીડર) નીમાયા. ત્યાં પાંચ વર્ષમાં તો એમણે ઘણું કર્યું, અને ૧૯૩૩માં રામને જ્યારે બૅંગલોર જવાને કલકત્તા છોડયું ત્યારે રામનની જગ્યાએ કૃષ્ણનની નિમણૂક થઈ. હજી પણ એ ત્યાં જ છે. સ્ફટિકનું લોહચુમ્બન (magneto-crystallic action), સ્ફટિક-રચના તથા બીજા અનેક વિષયો ઉપર નવું સંશોધન કરી એમણે એવું નામ જમાવ્યું કે સન ૧૯૩૬માં વૉરસૉમાં ભરાએલા 'Photolumini·Science' ઉપરના આન્તરરાષ્ટ્રીય સંમેલનમાં એમને નોતરવામાં આવ્યા, ને વૉરસૉમાં તથા યૂરોપનાં ને ઇંગ્લન્ડનાં મોટાં વિજ્ઞાન-કેન્દ્રોમાં (દાખલા તરીકે કેમ્બ્રિજની કૅવેન્ડિશ લેબૉરેટરી લન્ડનનું રૉયલ ઇન્સ્ટિટ્યૂશન વગેરેમાં) એમણે ૧૯૩૬–૩૭માં વ્યાખ્યાનો આપ્યાં. લીજની યુનિવર્સિટીએ એમને એક ચન્દ્રક પણ આપ્યો. ૧૯૩૯માં સ્ટ્રાસબુર્ગમાં 'લોહચુમ્બકત્વ' (magnetism) પર મોટું વિદ્વત્સંમેલન ભરાયું ત્યારે પણ એ ગયા હતા ને ઇંગ્લન્ડમાં તેમજ યુરોપમાં વ્યાખ્યાનો આપ્યાં હતાં. એમના જેવા સાદા, સરળ, આનન્દી ને માનવતાભર્યા બહુ થોડા વિદ્વાનો હોય છે. 'મહેન્દ્રલાલ સરકાર પ્રોફેસર' તરીકે હજી પણ એ કલકત્તામાં ઘણું ભૌતિક સંશોધન પ્રેરે છે ને કરે છે.

કૃષ્ણનની પછી બીજે જ વર્ષે એક વધુ સાતમો હિંદી એફ. આર. એસ. થાય એ આશા બહુ જણાએ રાખી નહિ હોય. જોકે એ પદ પામવા માટે પ્રયાસ કરનારા હિંદીઓની સંખ્યા હવે સારીપેઠે મોટી છે. આ સાતમા હિંદી પણ ભૌતિકશાસ્ત્રી છેઃ પણ તે સાતમાંથી પાંચમા ભૌતિકશાસ્ત્રી છે, તો પહેલા જ પારસી ને પહેલા ગુજરાતી છે એ આપણને ખાસ ગર્વ લેવાની વાત છે. મુંબાઇમાં વિજ્ઞાનનાં શિક્ષણ તથા તાલીમ બહુ ઊંચા દરજ્જાનાં છે એવો ફાંકો રાખનારા યુનિવર્સિટીના માણસો ને શિક્ષણશાસ્ત્રીઓ હવે સમજે કે આજ લગી તો, પહેલા હિંદી એફ. આર. એસ.ની ચૂંટણી થયા પછી ત્રેવીસ વર્ષ લગીમાં, મુંબાઈ–ગુજરાત–દક્ષિણનું કોઇ પણ એ શિષ્ટતા પામી શકયું ન હતુંઃ અને આજે છેક એક ગુજરાતી વિજ્ઞાનશાસ્ત્રી એ પદ મેળવે છે, તેનો ગર્વ કે આનન્દ લેતી વખતે બીજી એ વાત પણ યાદ રાખવાની છે કે એ ડૉ. ભાભાની તાલીમનું સઘળું કામ વિદેશોમાં થયું છે, ને સ્વદેશ આવ્યા પછી યે તે બૅંગલોરમાં કામ કરે છે.

ડૉ. હોમી ભાભા ઈ. ૧૯૦૯માં મુંબાઇના જાણીતા કુટુમ્બમાં જન્મ્યા હતા. મુંબાઇના રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સમાં એમણે અભ્યાસ શરૂ કર્યો, પણ ૧૭ વર્ષની વયે તે કેમ્બ્રિજ ગયા. ત્યાંની એમની કારકિર્દી ફર્સ્ટ કલાસ રહી. ગણિત, યંત્રશાસ્ત્ર તથા ઇજનેરીનો અભ્યાસ શરૂ કરી, તેમાં ગ્રૅજ્યૂએટ થઇ, તે matheahial Physics તરફ વળ્યા, અને બે વર્ષ કેમ્બ્રિજમાં પ્રોફેસર ડાઇરેક તથા પ્રોફેસર મૉટની પાસે કામ કર્યું. ૧૯૩૨માં એમને સફર કરવાની શિષ્યવૃત્તિ (travelling scholarship) મળી એટલે ઝૂરિકમાં પ્રોફેસર પાઉલી પાસે એ રહ્યા. ૧૯૩૩–૩૪માં રોમમાં પ્રોફેસર ફર્મિની પાસે તથા યૂટ્રૅકટમાં પ્રોફેસર ક્રૅમર્સની પાસે, ને ૧૯૩૭–૩૭માં કોપનહાગનમાં વિખ્યાત નીલ બ્હોર્સની પાસે કામ કર્યું.

સન ૧૯૩૫માં એમને બીજી સ્કૉલરશિપ મળતી ને તે કેમ્બ્રિજમાં વ્યાખ્યાન પણ આપતાઃ મુખ્યત્વે કરીને વિશ્વ-કિરણ (cosmic radiation), પરમાણુનું ભૌતિકશાસ્ત્ર (nucleas Physics) અને relativitist quantum mechanicsની ઉપર. રૉયલ સોસાએટીએ પણ ૧૯૩૯માં આર્થિક મદદ આપી એમને પ્રો. બ્લૅકેટની સાથે વિશ્વ-કિરણો ઉપર કામ કરવા રોકયા. વચ્ચે વચ્ચે ઉનાળામાં એ હિન્દુસ્તાન આવતા. યુદ્ધ શરૂ થયા પછી પાછા જવાની જરૂર રહી નહિ અને હવે તે બૅંગલોરમાં કામ કરે છે. અલ્લાહાબાદમાં મેઘનાદ સાહાની જગ્યાએ એમની નિમણૂક થઇ છે, પરંતુ ત્યાં પોતાનું કામ આગળ વધારવાની કાંઇ અનુકૂળતા નથી એમ કરીને તે આખરે ના પાડશે એમ કહેવાય છે.

આ ઉપરથી એટલું તો સ્પષ્ટ થશે કે જેને 'નવું ભૌતિકશાસ્ત્ર' કહે છે તેના મુખ્ય વિધાયકોની સાથે ભાભા રહ્યા છેઃ હિંદમાં તો આજ એવું બીજું કોઈ નથી જેણે આ વિષયનો આટલો અભ્યાસ કર્યો હોય ને જેણે તે

ઉપર આટલું કામ પણ કર્યું હોય. એ કાર્ય ઊંચા દરજ્જાનું છે: કેવળ હિંદમાં જ નહિ, પણ ઇંગ્લૅન્ડમાં, ભૌતિકશાસ્ત્રની આખી આલમમાં પણ. માટે જ રૉયલ સોસાયટીએ એમને સભ્ય તરીકે ચૂંટવાનું યોગ્ય ધાર્યું.

ડૉ. ભાભા, તંદુરસ્ત, ઊંચા, લાંબા, કદાવર, ગૌર વર્ણના યુવાન છે: મુખ ઉપર તેજ તથા વ્યક્તિત્વમાં પ્રભાવ છે. એમણે તો જાણે હમણાં જ જીવન શરૂ કર્યું છે ને ઘણું ઘણું કરશે એમ સૌ આશા રાખે.

આ એફ. આર. એસ.—સપ્તક હિંદને કીર્તિ ને પ્રેરણા આપો એ જ ઇચ્છવાનું.

શ્રી અનંત કાણેકરનો નર્મનિબંધ

ભાગી જવાની કળા

નાનપણમાં હું નિશાળમાં ભણતો એ વખતની એક વાત મને યાદ છે. તે વેળા મુંબાઇમાં રમાતા ક્રિકેટના ચતુરંગી જંગ મફતમાં જોવાની અમને ઘણી હોંશ રહેતી. મફત જોવામાં જેટલો આનંદ હોય છે એટલો જ ભય પણ રહેલો હોય છે. પોલીસ દાદા ક્યારે આવી પહોંચશે એ કહેવાય નહિ! એવે જ એક વખતે ત્યાં બંદોબસ્ત જાળવવા નિમાયલો એક સોલ્જર, કોઇને ન સમજાય એવી પોતાની અંગ્રેજી ભાષામાં અમારા પર બરાડા પાડવા માંડ્યો. અમારા એક ચિબાવલા દોસ્તે એના ચાળા પાડ્યા. એક સારી ગાળ ચોપડીને એને પકડવા સોલ્જરે તરાપ મારી, પણ એની બાથી એ પકડે તે પહેલાં તો એવી સિફતથી અમારો મિત્ર એના હાથમાંથી સટકી ગયો, કે અમે જોતા જ રહ્યા! સોલ્જર તો આથી વધુ ચિડાયો અને એની પાછળ પડ્યો અમારો દોસ્ત આગળ અને પેલો ગોરો પાછળ, એમ એ બે જણા વચ્ચે અરધોક માઈલ દોડવાની જોવા જેવી હરીફાઈ ચાલી રહી! પણ અમારો ભાઈબંધ સટક્યો એ તો સટક્યો જ.

એના જોડા, ટોપી વગેરે ભેગાં કરી એને આપવા અમે એને ઘેર ગયા ત્યારે વિજયના મોટા ઉત્સાહથી હસતોહસતો એ અમને મળ્યો અને, 'શું પણ હું જીવ લઈને નાઠો!' એમ બોલી અમે એની મશ્કરી કરીએ ત્યાર પહેલાં એ જ અમને કહે, 'કેમ? વટ છે ને? કેવો ભાગ્યો!' ભાગવા માટે પોતાનાં વખાણ કરતો એને જોઇ અમે તો આભા જ બન્યા!

પણ આભા બનવા જેવું ખરેખર એમાં કાંઈ જ ન હતું એમ હવે મને લાગે છે; કેમકે આગળ જતાં જ્યારે ગયા મહાયુદ્ધની ખબરો અમે વાંચતા થયા, ત્યારે કેટલી યે વાર અમારા વાંચવામાં આવતું, કે ફલાણા સેનાપતિએ પોતાની ફોજની યશસ્વી પીછેહઠ (glorious retreat) કરાવી. કોઈ મોટો સેનાપતિ એના સૈન્ય સાથે ભાગી જાય તો એણે યશસ્વી પીછેહઠ કરી એમ કહેવાય; અને પોતાનો જીવ બચાવવા અમારો દોસ્ત નાઠો એ બિચારો કાયર કહેવાય! મનુષ્યસ્વભાવ જ એવો છે કે નાના પ્રમાણમાં બનેલી જે ઘટના એને ઉપહાસ કરવા જેવી લાગે તે જ મોટા પ્રમાણમાં બને તો આશ્ચર્યકારક ને પ્રશંસાને પાત્ર નીવડે!

અમારો મિત્ર ભાગ્યો એ એણે ઠીક જ કર્યું એમ હું માનું છું. તે વખતે અમે એને 'કાયર' કહીને એની મશ્કરી કરી એ ખરૂં. પણ એનું કારણ એટલું જ કે ત્યારે અમારા બહાદુરી વિષેના ખ્યાલ ભલભલેરા હતા. એણે પેલા સોલ્જર સાથે થોડી ઝપાઝપી કરી હોત અથવા બેચાર દાંત કે એકાદ આંખ એ ખોઇ બેસત, તો એને મોટો શૂરવીર ગણી અમે એનું અભિનંદન કરત. કારણ સાદું જ છે, કે આપણો એક વાળ સરખો પણ વાંકો થવા દીધા વગર સુરક્ષિત જગ્યા પરથી રક્તપાત જોવાની આપણી હોંશ કોઇ ભલો માણસ પૂરી કરે, તો એને માથે લઈ 'શૌર્યશાલી વીરાગ્રણી' તરીકે એનાં ગુણગાન કરી આપણે એને શા માટે ન નચાવવો?

મને લાગે છે કે રક્તપાત જોવાની થોડીઘણી હોંશ તો ઘણાખરા માણસોને હોય છે. ખૂબ જ જૂના વખતમાં જ્યારે માનવજાત જંગલી અવસ્થામાં હતી ત્યારના સ્વભાવનો કદાચ એ અવશેષ હશે, અને સંભવ છે કે તે કારણથી જ આપણા શૌર્ય વિષેના વિચારો હજી યે જરા જંગલી છે. કેવળ શારીરિક બળના જોરથી પોતાનું ઉપરીપણું સ્થાપવાની અવસ્થામાંથી આગળ વધી મનુષ્યે પોતાના મગજનો કેટલો બધો વિકાસ સાધ્યો છે અને મગજના બળથી પોતાનું શ્રેષ્ઠત્વ સ્થાપવાની અવસ્થામાં તે કેવો આવી પહોંચ્યો છે, એ આપણે ઘણીવાર ભૂલી જઇએ છીએ; એટલે જ 'લાઈટ બ્રિગેડ'ના ફક્ત છસો લોકો જ્યારે પ્રચંડ રશિયન સેના સામે ઝઝૂમ્યા અને તેઓમાંનો દરેક સિપાઈ મરી ગયો, ત્યારે ટેનિસન જેવા મહાકવિને પણ ભ્રમ થયો; અને એણે કાવ્યમાં એ બ્રિગેડ પર સ્તુતિનો જાણે વરસાદ વર્ષાવ્યો. ખરી મઝા એ છે કે એ સિપાઇઓને થોડી પણ અક્કલ હોત, પોતાના મગજનો એ લોકો થોડોક ઉપયોગ કરત તો એવા મોટા સૈન્ય સામે લડવાને બદલે જાન બચાવવા એ લોકો પાછા હઠી જઈ ભાગી ગયા હોત. યશસ્વી પીછેહઠ એનું જ નામ. એ જ ખરી વીરતા. નહિ તો દીવાલ સાથે માથું અફાળી મરી જતા માણસને વીરશ્રેષ્ઠ શા માટે ના કહેવો?

જેમ શું બોલવું એના કરતાં શું ન બોલવું એ સમજી શકે એ સાચો વક્તા, શું લખવું એના કરતાં શું ન લખવું એ સમજી શકે એ સાચો લેખક, તેમ જ લડવા કરતાં ભાગી જવાની કળા જેને અવગત હોય છે તે જ સાચો વીર! **વસંત જોષી**

અંતરીક્ષમાં તરતો ટાપુ

વિજ્ઞાનના
અદ્‌ભુત રસની ભૂમિકા પર ગૂંથેલી એક વાર્તા

—ગયાં અંકને અનુસંધાને પૂરી—



૮ લેઈન કામે લાગે છે

પછીના બે દિવસ લેઇને બહુ કંટાળામાં ગાળ્યા. એને એ બેટની ધારે આવેલા ઓરડામાંના ત્રણ ઓરડા આપવામાં આવ્યા હતા. એક રીતે એને પરહેજ જ કરવામાં આવ્યો હતો; કેમકે બારણાં ખૂબ ચોકસીથી બંધ કરવામાં આવતાં હતાં, એક મૂગો માણસ એનો ખોરાક આપી જતો અને દિવસમાં ત્રણ વખત પહેરેગીર એના ઓરડા તપાસી જતો.

આમ હોવા છતાં સુખસગવડ પરત્વે એના ઓરડા કોઇ કારાગૃહ કરતાં ફર્સ્ટ ક્લાસ સ્ટીમરના વૈભવશાળી દીવાનખાનાને વિશેષ મળતા આવતા હતા. ત્યાંથી નાસવાની કોઈ બારી મળી શકે એમ છે કે નહિ એની એણે બધે સ્થળે તપાસ કરી જોઈ, પણ તેમાં તે નાસીપાસ થયો. હવાને પેસવા-નીકળવા માટે ઝીણી નળીથી જડેલાં બાકાંનો એને સારૂ ઉપયોગ કરી શકાય એવો સંભવ એને જણાયો.

પહેરેગીર પોતાના અંગ પર ભરેલી ત્રણ પિસ્તોલો રાખતો હતો. એ બહુ અલ્પભાષી હતો. પહેરેગીરને ફોડવાનો લેઇને પ્રયત્ન કર્યો, પણ તે નિષ્ફળ ગયો.

બીજે દિવસે એણે માર્ગ કાઢ્યાં અને આખી યોજના ઘડીને એણે કાગળ પર ટપકાવી કાઢી.

એવામાં લેવરેટ એની મુલાકાતે આવ્યો. એણે કહ્યું: 'તમે જાણો છો કે હું અહીંનો માલિક નથી. એ આજ અહીં આવનાર છે. પછી તમારૂં શું કરવું એનો નિર્ણય થશે. તમે આ બાબતમાં એટલું બધું જાણો છો કે મારા ધારવા પ્રમાણે તમે એને પણ ઓળખતા હશો.'

'હા, ઓળખું તો છું; મને માત્ર સાબિતીની જ જરૂર હતી.'

'અને તે હવે જ્યારે તમને મળવાની છે ત્યારે તમે તેને માટે કાંઇ જ પગલાં લઇ શકશો નહિ! કેવું ખરાબ વારૂ?'

'લેવરેટ, બહુ મુસ્તાકીમાં રહેતા ના. એ તો ઠીક, પણ વારૂ, તમને તાજના સાક્ષી બનાવવામાં આવે તો કેમ? તમને તમારો જીવ બચાવવાની તક મળશે અને વિશેષમાં તમે દુનિયાને તમારી શોધનો લાભ આપી શકશો.'

'મને તમારા બોલ પર પૂરતો ભરોસો છે, લેઇન; પણ મેં તમને ક્યારનું યે જણાવ્યું છે કે હું કદી મારા માલિકનો વિશ્વાસઘાત નહિ કરૂં.'

'હું એમ જ ધારતો હતો,' લેઇને કહ્યુ ને પૉર્ટ પાસે તારાખચિત આકાશ સામે જઈ જોઈ રહ્યો. પછી કહ્યું: 'વારૂ, આનો અંત ક્યાં આવશે? આખી પૃથ્વી પર પ્રભુત્વ મેળવવું ધાર્યું છે?'

માથું ધુણાવી તેણે કહ્યુ. 'એવી બાબતમાં મને લેશમાત્ર રસ નથી. પણ મારા સમજવા પ્રમાણે શેઠનો વિચાર એવો ખરો.'

'હું પણ એ જ માનું છું.' લેઇને કહ્યુ: 'હું દિલગીર છું કે આપણે આનાથી વધુ સારા સંજોગોમાં ભેગા ન થયા.'

લેવરેટે એક ક્ષણવાર એની સામે ધારીને જોયું અને કહ્યું: 'એક રીતે તમારૂં કહેવું ખરૂં છે. કદાચ એક દિવસ એમ બનશે.' પછી તે તરત ત્યાંથી ચાલ્યો ગયો.

લેઇન તો તે બારી આગળ જ હેતુપૂર્વક ઊભો રહ્યો. પાછળ એક સ્ટૂલ હતું તે હવે તેણે લાત મારી પાડી નાખ્યું. પછી ઘડિયાળ જોઈ તો પહેરેગીરની મુલાકાતનો સમય થયો હતો. એટલે તેની સાથે કેમ કામ લેવું તેનો તેણે વિચાર કરી લીધો.

તે વખતસર આવ્યો. તેણે બધું તપાસી જોયું. પછી લેઇને એને પાસે બોલાવી બહાર ઊંચે બતાવતાં કહ્યું: 'પેલું શું, વિમાન દેખાય છે?'

પહેરેગીરે ક્ષણભર ધારીને જોયું. પછી બોલ્યો: 'કાંઈ જણાતું નથી. કદાચ ખરતા તારા હશે, અગર તો તમારો કોઈ મિત્ર હશે. જો એમ હોય તો હું તેને માટે દિલગીર છું.'

'કદાચ હું ભૂલતો હોઈશ.' કહી બારીએથી તેઓ બંને પાછા ફર્યા એટલે લેઇન સ્ટૂલ સાથે અથડાયો અને પેલા ચાંચિયાને લઇને નીચે પડયો. પડતી વેળાએ જાણે ટેકા માટે વળગતો હોય એમ પોતાના બે હાથે તેને વળગી પડયો.

'અરે, આ શું—? કેમ કાંઈ ડોકબોક ભાંગવી છે?' પહેરેગીર બૂમ પાડી ઊઠયો, અને લેઇન ઊભો થયો ત્યાં તો તેણે પોતાના

પેટ તરફ પિસ્તોલની નળી ધરેલી દીઠી. તેણે હસવાનો ડોળ કરીને કહ્યું:

'હું દિલગીર છું; એ સ્થલ મારા જોવામાં આવ્યું નહિ.'

'વારુ, ફરી એવી ભૂલ ન કરતા.' કહી તે ચાલ્યો ગયો, પણ આ ગોટાળામાં લેઇને એની એક પિસ્તોલ છાનીમાની સેરવી લઈને નજીકમાં પોતે ખાસ કરી રાખેલા ઓશીકાના ઢગલામાં છુપાવી દીધી હતી. પેલાના ગયા બાદ એણે તે ઉપાડીને તપાસી તો એની બધી કોઠીઓ ભરેલી માલૂમ પડી.

'આનાથી બાર બહાર તો કરી શકાશે. હવે અહીંના કારીગર મનુષ્યો માટે કાંઇક કામ કાઢું.'

પછી એ ઓરડામાં જેટલા જ્વાળાગ્રાહી પદાર્થો હતા તેટલા એકઠા કરી તે હવાનાં બાકાં આગળ મેલી તેમાં દીવાસળી ચાંપી. એક ક્ષણમાં ભડકો થયો અને પછી ધુમાડો નીકળ્યો, જેની તેને ખાસ જરૂર હતી. એના ગોટા ત્યાં ફેલાઇ હવા બહાર નીકળવાનાં બાકાંની જાળીમાં ચુસાઈ પેલી પાર નીકળ્યા.

'મારું ધારવું ખરું હોય તો' તેણે મનથી વિચાર્યું, 'પંપના ઓરડામાં, ક્યા ઓરડામાં હવા બગડી છે એની આપમેળે ખબર પડશે. લેવરેટે એના બસોથી અધિક મનુષ્યોની ટોળીમાં મારા દેખાવનું વર્ણન જાહેર ન કર્યું હોય તો સારું.'

ત્રણ મિનિટમાં તો કમાડ ઊઘડ્યું અને ભૂખરા રંગના પહેરવેશવાળો કામનો જાણકાર કસબી દોડતો અંદર આવ્યો.

'આ ઓરડામાં આગ લાગી છે,' લેઇન બોલી ઊઠ્યો; અને જેવો પેલો એની આગળથી પસાર થયો તેવું જ તેણે કહ્યું: 'મહેરબાની કરી છતને પહોંચવા પ્રયત્ન કરો (હાથ ઊંચા કરો).'

પેલાની દૃષ્ટિ લેઇનની પિસ્તોલ સામે પડી અને એના હાથ ઊંચા થયા.

'આને માટે બહુ દિલગીર છું,' એમ કહી તરત લેઇને પિસ્તોલનો બાર કર્યો. પેલો માણસ નીચે પડ્યો એટલે એને અંદરના ઓરડામાં લઇ જઈ લેઇને પોતાનાં કપડાં કાઢી નાખી એનાં પહેરી લીધાં.

આગ હોલવી નાખી ઓરડામાંથી બહાર નીકળી કમાડને સજ્જડ કરી, લેઈન ગૅલેરી પર દોડતો ગયો. પછી એક બીજા ઓરડામાં જઇ, હવા પ્રવેશ ન કરી શકે એવો એક વજનદાર (પ્રેશર) સૂટ પહેર્યો. ત્યાંથી થોડે આગળ એક વર્તુળાકારનું કાચનું પૉર્ટહોલ આવ્યું. એમાં તેણે બંદૂકના ત્રણ બાર કર્યા એટલે કાન ભેદી નાખે એવા અવાજથી કાચના ટુકડે ટુકડા થઇ ગયા, અને ઓરડાની ભારે હવા બહારની પાતળી સ્ટ્રેટોસ્ફિયરની પાતળી હવા તરફ ધસીને ગઇ. તે વખતે લેઈન નીચે પડતાંપડતાં રહી ગયો.

ચાસો પાડતા પવન સામે જેમતેમ કરી તે ધસ્યો અને ગૅલેરીની પેલી પાર ઍલાર્મ ઘંટ પાસે જઇ ચાંપ દબાવી. તે દાબતાં જ ટાપુ પર સેંકડો ઘંટના ધ્વનિ સંભળાવા માંડ્યા. પછી પ્રેશરસૂટમાંનો ટેલીફોનનો તાર ટેલીવીઝન (દૃશ્યવાહક) વૉલ-ફોનમાં ફિટ કરી, લેઇને તેણે એ ટાપુના મુખ્ય કેન્દ્રને (મગજને) હાકોટયું. પણ તેમ કરતી વેળાએ એણે પોતાનો ચહેરો ટેલીવીઝન પ્લેટથી દૂર રાખ્યો. 'આ ભાગમાં આકાશમાંથી ખરતો તારો વાગ્યો છે!' તેણે કહ્યું: 'કાચનું પૉર્ટ હોલ ભાંગીને ભુક્કો થઈ ગયું છે. ઍલાર્મ બેલ વગાડી દીધો છે.'

ચાંપ બંધ કરી તરત હવાના પ્રવાહ સામે તે ગૅલેરી પર દોડ્યો અને અકસ્માત વેળાએ વાપરવાના લિફ્ટ આગળ આવી પહોંચ્યો. તેમાં બેસીને ટાપુની વચલી સપાટી પર તે ઊતર્યો. અહીં પોતે કયા સ્થળે હતો તે નક્કી કરવા એક ક્ષણવાર તે થોભ્યો. પછી જે માર્ગે લેવરેટ તેને લઇ ગયો હતો એ જ તે છે એમ ખાત્રી થવાથી પંપના ઓરડા તરફ જતી ગૅલેરીમાં ઊતરીને તે દોડ્યો.

એ ટાપુની ધારનો પ્રદેશ છોડતાં પહેલાં એની ધરીના માર્ગ તરફ જતા અરધોઅરધ રસ્તાના ચાર પૉર્ટોના એણે ભુક્કા કર્યા. ત્યાર સુધીમાં તો ત્યાં જબરી ધમાલ મચી ગઈ. ભારે કપડાંવાળા ઓરડા તરફ અથવા ટાપુના કેન્દ્ર સાથે વાતચીતનો સંબંધ જોડવા, મનુષ્યો આમતેમ દોડવા માંડ્યા, પણ કોઈએ એની સામે જોયું નહિ.

પંપના ઓરડા આગળ જઇ તેનું દ્વાર ઉઘાડી એ અંદર પેઠો. ઠબઠબ અવાજ કરતા એક યંત્ર નીચે ત્રણ માણસો બેઠા હતા. બધા શસ્ત્રસજ્જ હતા, છતાં કામમાં લાગી ગએલા હતા. લેઇને પ્રવેશ કર્યો એટલે એકે એને પૂછ્યું:

'આવતાં આટલી બધી વાર?' ત્યાં બીજો ધૂરકી ઉઠ્યો: 'પણ કૉબેટ, આ પહેરવેશ કેમ પહેર્યો છે? બોલ, આ પંપને—' પછી તેની સામે બારીકાઈથી જોઈ કહ્યું: 'અરે તમે તો કૉબેટ નહિ—તમે અહીં કેમ આવ્યા છો? એ ક્યાં ગયો?'

મોં પરની પ્લેટમાંથી અને પંપના અવાજ વચ્ચે તેઓ સાંભળી શકે તેવો ઘાંટો પાડી લેઇને કહ્યું: 'કૉબેટ ઉપરના મજલા પર રોકાઈ ગયો છે ને મને ખબર આપવા મોકલ્યો છે.'

'એમ કે?' એમ કહેતાની સાથે પેલાએ હાથમાંનું ઓજાર ફેંકી દઇ પિસ્તોલ કાઢતાંને લેઈન સામે તાકી. તરત જ સાથેલાગા બે અવાજ થયા, અને પેલો ચાંચિયો જમીન પર ઢળી પડ્યો. બાકીના બે સામે પિસ્તોલ તાકી લેઇને કહ્યું: 'ખબરદાર! હાથ ઊંચા કરો, નહિ તો તમારીયે એ વલે થશે.'

હવે થોડા વખતમાં એને ઘણું કરવાનું હતું. પોતાની પાસેની કૉબેટની પિસ્તોલ વડે એણે પંપને નકામા કર્યા: હવાનો મુખ્ય માર્ગ ને પેટામાર્ગ બંને રૂંધાયા, એટલે સિલિંડરનો ઉપલો ભાગ ધડાકા સાથે ઊડી ગયો. પછી કૉબેટની પિસ્તોલ ચાલી ત્યાં સુધી તે વડે, અને તે ખાલી થઈ એટલે પેલા બેની પિસ્તોલ વડે તેણે તમામ કળો તોડી નાંખી.

છેવટની સાવચેતી તરીકે એણે ટેલીવાઈઝર (દૃશ્યવાહક યંત્ર) તોડવા પિસ્તોલ ઉઠાવી, ત્યાં તો એની પીઠ પર એક પિસ્તોલની નળી અડકીને એક જાણીતો અવાજ એના કાને પડ્યો:

'મિ. લેઇન, એ પિસ્તોલ ફેંકી દ્યો.' ડૉક્ટર લેવરેટે કહ્યું. લેઈન ધીમેથી પાછો ફર્યો અને પિસ્તોલ નીચે પડવા દીધી. લેવરેટસાથે એક બીજો માણસ હતો એના તરફ લેઇન તાકી રહ્યો.

'ડૉક્ટર લેવરેટ, તમે જીત્યા છો.' લેઇને કહ્યું.

૯ આ તંત્રનો માલિક

લેવરેટે પોતાના ઓરડામાં જઈ મોટા કંટ્રોલબૉર્ડ દ્વારા ટાપુના જ્ઞાનતંતુઓના કેન્દ્ર સાથે સંબંધ સાંધ્યો. જુદેજુદે સ્થળે નુકસાન થયાનો રીપોર્ટ માગ્યો અને તે તે સ્થળે મરામત કરનારી ટુકડીઓ રવાના કરી. પછી લેઇન સામે જેણે પિસ્તોલ તાકી હતી તેના તરફ ફરી લેઇનને ઉદ્દેશી બોલ્યો: 'તમે કામ તો બહુ સરસ કર્યું, લેઇન' અને લગારે રોષે ભરાયા વિના કહ્યું: 'તમે તમારી પ્રવૃત્તિ યોજનાપુરઃસર ચલાવી. પણ વારુ, તમે આ મારા શેઠને તો ઓળખો છો ને?'

જે માણસે લેઇનને પિસ્તોલથી આવર્યો હતો તેના તરફ ફરી લેઇને સ્મિત કરતાં કહ્યું: 'મિ. બર્નર્સ, આપણે અગાઉ મળેલા છીએ. ખરું જોતાં મારે "અટલાંટિક સ્ટાર"માં ઊપડતાં પહેલાં તમને પકડાવવા જોઇતા હતા.'

'તમે ખૂબ જ ચાલાક છો, ખરું ને? લેવરેટ, આપણા ટાપુને આ સ્થિતિએ પહોંચાડતાં પહેલાં તમે આને પૂરો કેમ ન કર્યો?'

લેવરેટે ગમ્મતના ભાવ સાથે કહ્યું: 'દોસ્ત મારા, હું કાંઈ ખૂની નથી. અને વળી ઇન્સ્પેક્ટર લેઇન મારા ગુરુત્વાકર્ષણની મોટરનો ખાસ કદર કરનારો છે. એને મારવો એ મારા પ્રત્યે આદર ધરાવનારને મારવા બરોબર છે.'

'કાંઈ ગાંડા તો થયા નથી ને?'

'ના, તેમ નથી. માત્ર, હું વસ્તુઓ પ્રત્યે જે સમજદાર દૃષ્ટિથી જોઉં છું તે રીતે તમે જોઈ શકતા નથી.'

એટલામાં ફોનની ઘંટડી વાગી અને લેવરેટે રીસીવર ઉપાડ્યું. વાત બહુ ટૂંકી હતી. રીસીવર મૂકી તેણે કહ્યું: 'લેઇન, જે પંપોને તમે નકામા કર્યાં તે જલદી ચાલુ થશે એવી હું આશા ધરાવું છું. જોકે તે કામનો નિષ્ણાત તો એમ થવાનું કહેતો નથી, અને હું તેના મતને મળતો આવું છું.'

'પંપને શું કરવા છે?' બર્નર્સે કહ્યું: 'આવા પચાસ અકસ્માતોમાં ચાલે એટલી હવા આપણી પાસે છે.'

'હવાની મને ચિંતા નથી.' લેવરેટે કહ્યું: ને પછી લેઇન તરફ ફરીને બોલ્યો: 'તમારી હિંમતને પણ ધન્ય છે, લેઈન; કેમકે એ પંપથી જ ગ્રૅવીટી-મોટર (ગુરુત્વાકર્ષણની મોટર)ને ઠંડી રાખી શકાય છે. તેમ છતાં તમે એ પંપ તોડ્યા!'

બર્નર્સનું ડાચું પહોળું થઇ ગયું: 'શું, શું લેવરેટ? ફરી કહે જોઈએ, કે એ શું થયું છે?'

'ગ્રૅવીટી-મોટરનાં ગૂંચળાંને ઠંડાં રાખવાનું જે એક માત્ર સાધન હતું તે નકામું થયું છે, એટલે તે જો હવે ફરી ચાલુ ન થાય તો તે હદ ઉપરાંત ગરમ થઇ જઇને ઓગળી જાય!'

બર્નર્સનો ચહેરો રૂની પૂણી જેવો થઈ ગયો: 'તો પછી શું થાય . . . ?' પોતે તે જાણતો હોવા છતાં તેણે પ્રશ્ન કર્યો.

લેવરેટે વિચારમગ્ન સ્થિતિમાં પોતાની હડપચી પર થાપટ મારતાં કહ્યું. 'દિક્ અથવા સ્થળની વિકૃતિનો સ્થાનિક અમળાટ આસ્તેથી, ધીમે પગલે બંધ કરવો જોઇએ, એટલે કે આપણા બળના આ કૃત્રિમ પ્રદેશનો બહુ જ ધીમેથી નાશ કરવો જોઇએ. સ્થળની વિકૃતિ એકદમ પાછો ધક્કો મારે તો . . . તમે વીજળીના દીવાની ચાંપ દબાવો છો ત્યારે શું થાય છે એ તમે જાણતા હશો. ક્ષણવાર અતિશય દબાણયાને ઊછળતી ગતિ માલૂમ પડે છે. તેમ જ જ્યારે ખાસ પ્રકારનાં બળો એમની અસલ સ્થિતિએ જોસથી ફેંકાય છે ત્યારે એના રાક્ષસી ફટકા સામે કોઈપણ પદાર્થ એક ક્ષણવાર પણ ટકી શકતો નથી. આ ટાપુના, એની સર્વ વસ્તુઓ સાથે, છેલ્લામાં છેલ્લા અણુ સુધી ચૂરેચૂરા થઇ જશે.'

૧૦ એક સ્વપ્નનું છેવટ

બર્નર્સનો ચહેરો પ્રેત જેવો થઈ ગયો. તેણે કહ્યું, 'લેવરેટ, કોઇ પણ રસ્તે આપણે અહીંથી નીકળી જવું જોઇએ. પછી સમય નહિ રહે. તીજોરીમાંથી પૈસા ઊપજે એવી બધી જામીનગીરીઓ અને કેટલોક ઉપયોગી સરંજામ સાથે લઈ—'

લેવરેટે એને બોલતો બંધ કરી કહ્યું: 'અરે મૂર્ખ, તે લઇને આપણે ક્યાં જવાના હતા? આપણાં ચાંચિયાનાં લૂંટણિયાં વિમાનો દુનિયાભરના વિમાન હાંકનારાને જાણીતાં છે આપણે કોઈ પણ સ્થળે પકડાયા વિના રહીએ એમ નથી. આપણો એક માત્ર માર્ગ અહીં જ રહેવાનો છે, કેમકે અહીં જીવતા રહેવાનો કાંઇક સંભવ છે.'

ફરી ફોન વાગ્યો. સંદેશો સાંભળી લેઇન સામે જોઇ તેણે કહ્યું: 'મને ભય છે કે આપણાં નસીબ લાંબો કાળ સાથે રહેવા સર્જાયાં નથી. બાર કલાક સુધીમાં પંપ સમા થાય એમ નથી.' તેણે જે શાંતિથી આ ખબર કહી તેથી લેઇન બહુ આશ્ચર્ય પામ્યો. તેણે ઊંડો શ્વાસ લઇ કહ્યું, 'ત્યારે આ ટાપુનું હવે આવી બન્યું!'

બર્નર્સ ગાંડાની માફક ચીસ પાડી બોલી ઉઠ્યો: 'આણે આપણી આ દશા કરી.' અને ટેબલ પર મૂકેલી પિસ્તોલ ઊંચકી તેણે લેઇનને કહ્યું: 'તું હવે ક્યાં જવાનો છે? તારે તો છ કલાક રાહ નહિ જોવી પડે!'

બર્નર્સ ઘોડો દબાવે ન દબાવે ત્યાં તો લેઇને કૂદકો માર્યો. પણ ગોળી ધગધગતા લોખંડની જેમ એના ખભામાં પેસી ગઇ. એ નીચે ગબડ્યો ત્યાં તો કોઈ બીજી ગોળી છૂટી. તે સાથે જ બર્નર્સનો ચહેરો શૂન્ય જેવો થઈ જતાં તેની આંખના કાચ ઢળી પડ્યા અને તે જમીન પર પટકાયો.

લેવરેટે કહ્યું: 'આખરે મારે ખૂન કરવું જ પડ્યું.' પછી તેણે પિસ્તોલ નીચે મૂકી ઢળી પડેલા લેઈનને બેઠો કર્યો.

'હું બચી ગયો છું;' લેઇને આંચકા સાથે કહ્યું: 'માત્ર

આપણી વનશ્રી

આ વાંચશો ત્યારે જ તમને જણાશે કે કેટલા વિવિધ પ્રકારનાં આપણાં જીવનનાં અંગોને આપણાં જંગલો અખૂટ રસસ્ત્રોતથી પોષી રહ્યાં છે. આપણી એ પ્રચૂર વનસમૃદ્ધિનો, કદાચ પહેલી જ વાર, પરિચય આપતી આ લેખમાળા વાંચવી ચૂકનાર પોતાના જીવનને જ ઓળખવાની તક ગુમાવશે

લેખક · શ્રી **રામસિંહજી રાઠોડ** ડી. ડી. આર.

જંગલોનાં મુખ્ય પેદાશ લાકડું છે. જુદાંજુદાં અનેકવિધ કામોમાં ઉપયોગી અને અનુરૂપ એવું વિવિધ પ્રકારનાં વૃક્ષોનું, વિવિધ ગુણો ધરાવતું લાકડું આપણાં જંગલો પૂરું પાડે છે. રેલવેના પાટાના સ્લીપર માટે અને તેની વર્કશૉપમાં ગાડીઓના ગૉડી બાંધવા વગેરેનાં અનેક કામો માટે સાગ, કૉરલ, સિલ્વર ગ્રે, પડક, સીસમ, ગર્જન, સાલ વગેરેનાં વિવિધ ઇમારતી લાકડાં આપણાં જંગલોમાંથી પૂરાં પાડવામાં આવે છે. પહેલાં આ કામને માટે તો પુષ્કળ પરદેશી લાકડું આયાત થતું, પણ હવે ફૉરેસ્ટ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટના સુપ્રયત્નોથી અને સિદ્ધ થએલા સંશોધન અને પ્રયોગોથી વધુ ને વધુ પ્રમાણમાં સ્વદેશી લાકડું વપરાતું થયું છે. જે પ્રદેશમાં જે ઝાડ થતાં હોય ત્યાં તેનું લાકડું તે પ્રદેશનાં હવામાનને કુદરતી અનુરૂપ થઇને વધારે ઉપયોગી બની વધારે ટકાઉ નીવડે છે. વળી લાકડાંનાં રક્ષણ અને ટકાઉપણા માટે એસ્કુ (ascu) વગેરે જેવાં રસાયનોની શોધો કરીને તથા નવાનવા ઉપાયો યોજીને લાકડાંની ઉપયોગિતા પુરવાર કરવાથી સીમેન્ટ અને લોઢાની સજ્જડ હરીફાઇ સામે પણ આપણા કાષ્ઠઉદ્યોગને ઉત્તેજન મળ્યું છે.

વહાણો બાંધવામાં અને દરિયાઇ કામો માટે સાગ, સાલ અને સુંદરીનાં લાકડાં કામ લાગે છે. આપણા લશ્કરની બંદૂકો માટે અખરોટ અને ગાડીઓ માટે બાવળ તથા સીસમ પણ આપણાં જંગલો પૂરાં પાડે છે. દીવાસળી અને તેની પેટી બનાવવામાં શીમળનાં લાકડાંનો ઉપયોગ થાય છે. તુન અને સીડરનાં લાકડાં પેન્સિલ અને હોલ્ડરો બનાવવામાં વપરાય છે. કાગળ અને તેના માવાના ઉદ્યોગમાં વાંસ તથા વિવિધ પ્રકારનાં (બેઇલ, મુંજ, ઉલા, સબાઇ વગેરે). ઘાસ તેમજ બીજી રેસાવાળી વસ્તુઓ ઉપયોગમાં લેવાય છે. હિંદમાં જે જાતના કાગળ તૈયાર થાય છે તેનો પણ માત્ર ૭૫ **ટકા હિસ્સો** જ હિંદનાં કારખાનાં પૂરો પાડે છે. દર વર્ષે **સરેરાશ આશરે** ૨.૧૦,૦૦૦૦૦ ટન કાગળ હિંદની જરૂરિયાત લેખાય છે તેમાંથી માત્ર ૪૮,૦૦૦ ટન જ હિંદમાં ઉત્પન્ન થાય છે. બાકીના માટે અઢી કરોડ રૂપિયાના કાગળ અને અરધા કરોડનો માવો હિંદ પરદેશથી આયાત કરે છે. કાર્ડબોર્ડ, પૅકિંગપેપર, રૅપર અને છાપાં વગેરે માટેના હલકી જાતના લગભગ ૧,૧૫,૦૦૦ ટન કાગળો મંગાવવામાં બીજા દોઢ કરોડથી વધારે રૂપિયા હિંદ દર વર્ષે પરદેશ મોકલાવે છે. હિંદમાં કાગળોની બનાવટને માટેનો કાચો માલ એટલો તો વિપુલ છે કે હિંદ ધારે તો તેનો સંપૂર્ણ ઉપયોગ કરી સારી યે દુનિયાને કાગળો પૂરા પાડી શકે. છતાં યે હિંદ કાગળનો માવો પરદેશથી આયાત કરે એ સ્થિતિ ખરેખર શોચનીય છે. સંતોષ માત્ર એટલો જ છે કે નવીનવી શોધો દ્વારા આ ઉદ્યોગ દિવસાનુદિવસ હવે વિકસતો જણાય છે. વાંસ તો કાગળ ઉપરાંત વાંસુલી અને તમાકુની ચિલમથી માંડી ભાલાના હાથાઓ અને ઘરના છાજ માટે વપરાય છે. ડ્રૉઇંગનાં સાધનો બનાવવા બૉક્સવૂડ વપરાય છે. સંગીતનાં વાજિંત્રો માટે તુન, લીમડા અને ખેરનું લાકડું કામ લાગે છે. ઍશ, મલબેરી, ચુઇ, ચુગ્લામ વગેરેમાંથી રમતગમતો (હૉકી, ક્રિકેટ, ટેનિસ વગેરે)નો સામાન તૈયાર કરવામાં આવે છે. હાથા બનાવવા હલ્દુ અને મેલાયનાનું લાકડું કામ લાગે છે. ઉપર્યુક્ત ઉપયોગોમાં કામ ન લાગે તેવાં હલકી જાતનાં ને બીજાં કેટલાંક લાકડાં પૅકિંગની પેટીઓ બનાવવામાં વપરાય છે. આમ, હિંદની વનશ્રી અસંખ્યાત ઉપયોગો માટે અનુકૂળ લાકડાં પૂરાં પાડે છે. પણ સાલ, સાગ અને દેવદાર તેમની ગુણમત્તા અને વિપુલતાને લીધે વધુ ઉપયોગી લેખાઇ તેમની ખૂબ કીમત અંકાય છે.

ટર્પેન્ટાઇન અને રેઝીન જેમાંથી મેળવાય છે તે ચીડ પાઇનનાં હિંદી જંગલો તો બહુ મહત્ત્વનાં છે. ઉત્તમ પ્રકારનું ૧,૫૦,૦૦૦ મણ રેઝીન અને બે લાખ ગૅલનથી વધુ ટર્પેન્ટાઇન આ જંગલોમાંથી દર વર્ષે મેળવાય છે, અને આપણી ઘણીખરી જરૂરત તેમાંથી પૂરી પડે છે.

હિંદી જંગલોનાં અમુક વૃક્ષો પર થતા જીવાતના એક પ્રકારના ઉત્સર્જનમાંથી નીપજતા ગુંદર જેવા પદાર્થમાંથી એ ઝાડો પર લાખ નામે જાણીતો પદાર્થ બંધાઇ જાય છે. હાલના વીજળીક યુગમાં તેનાં સાધનોમાં તથા રંગ, વાર્નિશ, ગ્રામોફોનની રેકર્ડ, બુટપૉલિશ, ફોટોગ્રાફીની કેટલીક વસ્તુઓ, શાહીઓ વગેરે ચાલુ ઉપયોગની વસ્તુઓમાં વપરાતી આ લાખ દર વર્ષે ૩૨,૦૦૦ ટન વજનમાં હિંદમાંથી પરદેશ નિકાસ થાય છે. હિંદી સુખડ અને સુખડના તેલને તો તેના ઉત્તમ ગુણોને લીધે, ઑસ્ટ્રેલિયન સુખડની કટ્ટર હરીફાઇ છતાં યે, ચીન, જાપાન, અમેરિકા ને ખુદ ઈંગ્લંડમાં પણ પસંદગી અપાય છે. એ એક ટન સુખડની આશરે ૧૫૦૦ રૂપિયા કીમત પડે છે અને તેના તેલની એક આઉંસની કીમત રૂપિયા બે લગભગ ઊપજે છે. આપણે પાનમાં ખાઇએ છીએ તે કાથો ખેરનાં લાકડાંના ગર્ભ ભાગમાંથી મેળવાય છે. મહુડાંમાંથી દારૂ તૈયાર થાય છે અને ટીમરૂ તથા આપટાનાં પાનની બીડીઓ બનાવાય છે.

અને હિંદી જંગલો ઔષધિનો તો ભંડાર છે. હિંદના જુદાજુદા ભાગમાં ઘણીખરી ઔષધોપયોગી વનસ્પતિ થાય છે. આપણે ત્યાં મળી આવતી લગભગ ૧૧,૦૦૦ જાતની વિવિધ વનસ્પતિમાંથી બે હજારથી વધારેની સંખ્યા એક કે બીજી દવામાં કામ લાગે છે. પાશ્ચાત્ય અને અન્ય વૈદક ગ્રંથોમાં નિર્દેશાએલી વનસ્પતિનો પોણો ભાગ આયુર્વેદના સ્રષ્ટા હિંદમાં થાય છે અને બાકીની પણ સહેલાઇથી ઉછેરી શકાય તેવી છે. હિંદમાં આડેધડ જ્યાંત્યાં રઝળતા મળી આવતા વર્ગો લેગ્યુમિનોસી, કમ્પોઝીટી, લેબીએટી, રૂટેસી, રેનનક્યુલેસી, અંબેલીફેરી, કુકરબીટેસી, સોલેનેસી, એપોસાયનેસી, માલવેસી વગેરે વર્ગોમાંની ઘણીખરી વનસ્પતિ ઔષધોપયોગી છે. તેમાંની કેટલી યે કીમતી વનસ્પતિ કાચા માલ તરીકે પરદેશ ચડે છે અને એ જ વસ્તુ શુદ્ધ સ્વરૂપે બાટલીઓમાં પૅક થઇ આપણને પાછી અત્યંત મોંઘા ભાવે મળે છે. એવો આશરે ૪૨ લાખ રૂપિયાનો માલ હિંદમાંથી દર વર્ષે નિકાસ થાય છે અને તેને બદલે ૨૦૦ લાખ રૂપિયાનો માલ આપણે આયાત કરીએ છીએ ! આપણા આયુર્વેદનાં પ્રાચીનતમ શાસ્ત્રોમાંથી નવી નજરે જ્ઞાન કેળવી આધુનિક રસાયણશાસ્ત્ર પ્રમાણે વૈજ્ઞાનિક ઢબે યાંત્રિક સાધનો વડે જો પૂરતી શોધખોળ થઇ દવાઓ તૈયાર કરવામાં આવે તો વનૌષધિ માટે આપણી પાસે વનસ્પતિનો એટલો વિપુલ અને અખૂટ જથ્થો છે કે હિંદ ધારે તો પોતાના ઉપયોગ ઉપરાંત બીજા ઘણા દેશોને દવાઓ પૂરી પાડી શકે; અને હિંદનાં જે કરોડો માણસોને આજે દવા શી વસ્તુ હશે તેનું ભાન નથી તેમને ઘેરઘેર રાહત પહોંચે. આ ઉદ્યોગનો વિકાસ થતાં હિંદી જંગલોની કેટલી યે એળે જતી અને સડી જતી વસ્તુઓ ઉપયોગી નીવડી એક કીમતી ખજાનો થઇ પડે. દવાઓ સિવાય બીજા પણ ઉપયોગી મસાલા, ગૂંદરો, રંગો, તેલો, સુગંધી ને કેટલાં યે રસાયણો આપણાં જંગલોની વનસ્પતિમાંથી મળે છે. ચામડું કમાવવા ને રંગવામાં આવળ બાવળ જેવી ને બીજી વનસ્પતિની છાલ, ફળ અને પાંદડાં ઉપયોગી હોઇ જોઇએ તેટલાં મળીરહે છે.

બાંધકામમાં અને ગરમી તથા શક્તિ ઉત્પાદન કરવામાં થતા લાકડાંના સાધારણ ઉપયોગનું સ્થાન હવે લોઢા તથા સિમેન્ટે અને પેટ્રોલ કે વીજળીએ ઝડપી લીધું છે. પણ વૈજ્ઞાનિકો એમ કયાં લાકડાંને છોડે તેમ છે. એ હરીફાઇમાં ઉપર્યુક્ત વસ્તુઓ સામે લાકડું વધારે ઉપયોગી નીવડી ટકી રહે તેના ઉપાયો તેમજ લાકડાંના નવાનવા ઉપયોગો તેઓ શોધતા જ રહે છે અને જંગલોનું ભાવિ વધુ ઊજળું થતું જતું માલૂમ પડે છે. પ્લાઇવૂડથી માંડી નવાં શોધાએલાં અગ્નિરોધક પાટિયાં (Insulation boards)માં તેમનો ઉપયોગ જાણીતો છે પણ હવે તો વિચિત્ર લાગતી વસ્તુઓના ઉત્પાદન માટે પણ લાકડાંની ઉપયોગિતા પુરવાર થઇ છે. ખાંડ અને એવા જ બીજા કેટલાક ખાદ્ય પદાર્થો તથા તેજ્નય અને સુરકો લાકડાંના રસમાંથી મેળવવાના અખતરા સફળ થયા છે અને તેના રેષામાંથી તૈયાર થતી વસ્તુઓ ઊન રેશમ અને જ્યુટ (Jute)ના બદલામાંવપરાયછેઅને એવાં મશીનો ને મોટરો પણ તૈયાર થયાં છે કે જે લાકડાંથી ચાલે અને પેટ્રોલ ન મળે તોપણ મુંઝાવું ન પડે.

હિંદી જંગલોનાં વૃક્ષોમાંથી મેળવાતી સરેરાશ આવક શુમારે અઢી કરોડથી વધુ રૂપિયા લેખાય છે અને જંગલોની વ્યવસ્થા, નિયંત્રણ, રક્ષણ, ઉછેર વગેરેમાં ખર્ચ થઇ એક કરોડથી વધુ રૂપિયાનો તેનો ચોખ્ખો ફાયદો ગણવામાં આવે છે. આ વનસ્પતિજન્ય પેદાશ ઉપરાંત ચામડાં, શાગડાં, હાડકાં, હાથીદાંત, પક્ષીનાં પીછાં વગેરે

પ્રાણીજ પેદાશો અને અભ્રક, ઍલ્યુમિનિયમ, મૅગ્નેસાઇટ. મૅંગેનીઝ આદિ અનેક ખનીજો હિંદનાં જંગલોમાંથી મળે છે. અને મુખ્ય તો આપણા આ કૃષિપ્રધાન દેશના આત્મા જેવા ગ્રામજનોના નિર્વાહમાં જંગલો જે રીતે આધારભૂત બની રહેલાં છે તે તથા તે કરતાં યે આપણી એ કૃષિસંસ્કૃતિનું ભાર વહન કરનારાં ઢોરોને જંગલો જે રીતે પોષે છે તેમાં આપણી વનશ્રીની ખરી મહત્તા છે. આપણાં જંગલોની ૭૦૦ કરતાં પણ વધારે વિવિધ પ્રકારની વનસ્પતિ અને વૃક્ષો (જેમાં લગભગ ૨૬૦ જુદીજુદી જાતનાં ખાદ્ય ઘાસોનો પણ સમાવેશ થઇ જાય છે) આપણાં પશુઓને ચરિયાણ પૂરું પાડે છે અને સરેરાશ ૧૧થી ૧૨ લાખ ઢોરો વગડા સિવાયનાં તર જંગલોના ભાગમાં ચરી લાભ લે છે. જંગલોની કૃત્રિમ વાવણીમાં વનખેતી પર કેટલાયે રાનીપરજ લોકોનો નિભાવ થાય છે.

આપણી વનશ્રીની આ સમૃદ્ધિના ખ્યાલથી તથા દુનિયાનાં ઉચ્ચ પ્રકારનાં જંગલોની ઉત્તમોત્તમ નિપજવાળા દેશોમાં પણ હિંદનું સ્થાન મહત્ત્વનું છે એ જાણીને આપણને જરૂર ગૌરવ થાય; છતાં યે જાપાન જેવા પ્રગતિમાન દેશો તરફ નજર કરતાં આપણું અરમાન ઊતરી જાય છે. ત્યાંની વસ્તી દર ચોરસ માઇલે સરેરાશ ૩૫૮ માણસની લેખાય છે અને બેલ્જિયમના ૭૦૨ તથા ઇંગ્લાંડના ૪૬૮ને મુકાબલે વસ્તીની ગીચતામાં તે દુનિયાનું ત્રીજા નંબરનું રાષ્ટ્ર ગણાય છે; જ્યારે હિંદની વસ્તી દર ચોરસ માઇલે ૩૭ની ગણાય છે. આવી ગીચ વસ્તી ધરાવતા જાપાન જેવા દેશનો સેંકડે ૬૭ ટકા પ્રદેશ જંગલોથી છવાએલો ને નવાં જંગલો ઉછેરવા માટે રખાએલો છે. જંગલોનો આ વિકાસ જાપાનની રાષ્ટ્રોન્નતિનું એક મુખ્ય કારણ મનાય છે અને એ સમજનાં જંગલો તરફનું આપણું દુર્લક્ષ ને બેદરકારપણું આપણને સાલે એવું છે.

આપણા જીવનની ચાલુ જરૂરિયાતોમાં વપરાઇ ગએલી જંગલોના નિપજની આ બધી ઉપયોગિતા ઉપરાંત હવામાન, ઋતુ, ધરાતલ, ભૂગર્ભમાંની રસાંગ, પાણીના જમાવ અને પ્રવાહો વગેરે કુદરતનાં તત્ત્વો પર સમગ્રપણે થતી જંગલની જાત અને ગૂઢ અસરનું કાંઇક ભાન થતાં, પ્રકૃતિએ જ્યાં જ્યાં જંગલો નિર્માણ કર્યાં હોય ત્યાંની તેવી કુદરતી હેતુસરની યોજનાને ઉથલાવી મારવાનું આપણને ઉચિત લાગે છે? ઉચિત તો એ છે કે કુદરતી ક્રિયાને વશવર્તી તેને અનુસરી તેમજ વેગ આપી આપણે જંગલોનો વિકાસ અને સુધારણા કરવાં. આજે તો સોનાનાં ઈંડાં મૂકતી મુરઘીને મારી નાખનાર પેલા કમઅક્કલની પેઠે તેની સદંતર સફાઇ કરી એકીફેરે તેનો લાભ લઇ આપણે પરિણામે કુદરતનો ખોફ જ વહોરી લઇએ છીએ. એક વખત નાશ થયા પછી જંગલનાં વૃક્ષો ફરી વાવવાનો કે નવેસરથી જંગલો ઉગાડવાનો પ્રશ્ન અત્યંત વિકટ અને ક્યારેક તો અશક્ય થઈ પડે છે. અમુક જમીન અમુક વનસ્પતિને અનુકૂળ હોઈ જ્યાં જે બંધ બેસે તે વિસ્તારવું જોઇએ; કુદરતનાં તત્ત્વોથી વિરુદ્ધ જઇને કરવામાં આવતી જંગલોની કામગીરી ક્યારે ય પણ કારગત નથી નીવડી. માટે જંગલો જેમનાં તેમ જળવાઈ રહે અને માત્ર મુદ્દલ ઉપરના વ્યાજની રીતે આપણે તેની ઉત્પન્નનો ઉપયોગ કરીએ તેમાં જ આપણો ઉગાર છે. વનના જે વૃક્ષનો ઉપયોગ આપણે કરવો હોય તેને બદલે તેવું કે તેથી સારું ઝાડ રોપી તે સ્થાપિત થયાની ખાત્રી ન આવે ત્યાં સુધી વૃક્ષના થડ પર કુહાડી ચલાવવાનો કોઇને અધિકાર ન હોઈ શકે.

છાણાં વીણતી છોડી કે કરગઠિયાં વીણતી ડોશીથી માંડી આપણા વાદા અને નિષ્ણાત સુથારોને કામ આપી નિભાવતાં, બળતણ ઇમારતી લાકડું અને ઘરવખરીની ચીજોથી માંડી ઔષધિઓ સુધીના આપણા જીવનનિભાવની સામગ્રી પૂરી પાડતા તથા દેશના વેપારને સમૃદ્ધ કરતાં, પાવરધા શિકારશૉખીનોથી માંડી પ્રકૃતિપ્રેમી શોધક અને અભ્યાસક એવા વનેચરો અને વનવિહારીઓને પોતાના સદૈવનવાં આકર્ષણોથી લોભાવી તેમની મહેચ્છાઓને પોષતાં, પ્રકૃતિલીલાનાં રમ્ય અને ભવ્ય દર્શને કલાકારો અને કવિઓની ઊર્મિઓને ઉછાળી કાવ્ય સ્ફુરાવતા, દુઃખિયાંને વિસામો ને સંસાર અસાર માનતા કંઈક વૈરાગીઓનું વિશ્રામસ્થાન થઈ પડેલાં જંગલોનાં સૌંદર્ય ને શાંતિ આદિકાળથી આદરપાત્ર ઠરેલાં છે. પ્રથમ દૃષ્ટિએ જડ કે નિર્જીવ ભાસતું જંગલ, ઉઘાડી આંખે જોતાં જ્યારે સભર જીવસૃષ્ટિથી ઊભરાતું અને જીવનવિસ્તારની પૃથક પૃથક શ્રેણિઓમાંથી પસાર થતી વિવિધ વનસ્પતિનાં જુદાં જુદાં સ્વરૂપે દેખાય છે ત્યારે જીવનનું તત્ત્વદર્શન કરાવતાં જંગલોનું સાચું રહસ્ય સમજાય છે; અને પછી પ્રકૃતિના એ ખોળે આળોટી તેની અર્ચનાથી આપણી વનશ્રીને રીઝવી મેળવાતા પ્રસાદ વડે આપણું જીવન અવશ્ય સમૃદ્ધ બને છે.

મરજી પ્રમાણેનાં સ્વપ્નાં લાવવાના તથા તેમાં જણાતી વિચિત્રતાઓના ખુલાસા સમજવાના અખતરા દર્શાવતો લેખ

ચાલો સ્વપ્નની સહેલગાહે

સ્વપ્નાં તો આળપંપાળ છે; સ્વપ્નસૃષ્ટિ એટલે ધુમાડાના વાયુગોટા; એમાંથી તે શું મળી શકવાનું હતું? યુગેયુગમાં સ્વપ્નના વિજ્ઞાનની શોધ કરનારા શેખચલ્લીઓ થયા છે, અને ઉપરની માન્યતા તેમને ઉપહાસને પાત્ર બનાવતી આવી છે. પણ આજના માનસશાસ્ત્રીએ જ્યારે જોયું કે એ સ્વપ્નસૃષ્ટિ પોતે જેવી સૂક્ષ્મ છે એવાં જ સૂક્ષ્મ સત્યો તે આપણને આપી શકે તેમ છે, ત્યારે એ શેખચલ્લીઓ કરતાં પણ વધુ પ્રિય એ સ્વપ્નસૃષ્ટિનો અભ્યાસ કરવો એ માનસશાસ્ત્રીઓનો માનીતો શોખ થઇ રહ્યો.

પણ એ અભ્યાસમાં માનસશાસ્ત્રીને આજ સુધી એક મુસ્કેલી રહ્યા કરતી. અભ્યાસ કરવાની વસ્તુ જ્યારે જોઇએ ત્યારે રસાયણની શીશીઓ માફક ટેબલ પર આવવી જોઇએ. એ સગવડ સ્વપ્નસૃષ્ટિના અભ્યાસમાં ન હતી. એ અભ્યાસ તો માત્ર તકનો લાભ લઇને જ કરી શકાતો. અને એવી રીતે આકસ્મિક મળી જતી તકો અત્યંત લાંબા સમયે મળતી હોઈ આ અભ્યાસની ધીમી ગતિ વધારી શકાતી નહિ.

પણ માનસશાસ્ત્રી હતાશ થાય એમ ન હતો. ઘણા વિચારને અંતે એની વિચક્ષણ બુદ્ધિએ સ્વપ્નસૃષ્ટિને પણ પોતાની પ્રયોગશાળાની ચાર દીવાલો વચ્ચે કેદ કરી, અને જ્યારે જરૂર હોય ત્યારે પોતે એને ખોલી અંદર જોઈ શકે એવી સગવડ એણે મેળવી લીધી. આવી મહાભારત દેખાતી કરામતની તદ્દન સાદી ચાવી તે 'હિપ્નૉટિઝમ'!

હિપ્નૉટિઝમની સામાન્ય રીત આ પ્રમાણે છે: પ્રથમ તો જેના પર એ પ્રયોગ કરવાનો હોય તે પાત્રને સ્વેચ્છાપૂર્વક આરામ મળે એવી સ્થિતિમાં બેસાડી કે સુવાડીને, એને, શરીરના બધા સ્નાયુઓ ઢીલા કરી નાખવાનું તથા ઊંઘ સંબંધે જ વિચાર કરવાનું કહેવામાં આવે છે. આમ એની સ્વેચ્છા, ઊંઘનું મજબૂત સૂચન અને શરીરની શિથિલતા તેનામાં કાંઇક તંદ્રા લાવે છે. પ્રયોગ કરનારો પાત્રની સામે તેનાથી જરા ઊંચો બેસી, પોતાની હથેળીઓ તેના હાથ પર રાખી, એની ભમ્મર સામે તાકીને જોઈ રહે છે. આથી પાત્રની ઊંઘ જરા વધુ ઊંડી જાય છે. એ પછી પ્રયોગ કરનાર પાત્રના આખા શરીર પર પોતાના હાથ વતી 'પાસીઝ' કરે છે; એટલે કે પોતાના હાથ પાત્રના શરીરને ન અડે એટલે દૂર રાખીને તેના માથાથી શરૂ કરી પગ સુધી એક તરફ લઈ આવે છે. આ પાસીઝ પાત્રને સંપૂર્ણ મૂર્છામાં નાખી દે છે.

પણ સાદી ઊંઘ કરતાં આ ઊંઘમાં એક વિશેષતા છે. હિપ્નૉટિઝમથી ઊંઘમાં પડેલો માણસ એ ઊંઘમાં પણ પ્રયોગ કરનારના હુકમ સમજે છે અને તે પ્રમાણે વર્તન પણ કરે છે જ ઊંઘમાં. હાલવાચાલવાની કે બીજી કોઈ પણ ક્રિયા એ હુકમ પ્રમાણે કરી શકે છે તેમજ પોતાને થતા અનુભવોનું વર્ણન પણ આપણી સમક્ષ કરી શકે છે. આ બધું છતાં તે સંપૂર્ણ ઘેનમાં હોય છે, અને તેથી, તેના શરીર પર બહારની કોઈ પણ અસર થાય તો તેનું સાચું કારણ તે ન જોઈ શકવાથી સ્વપ્ન દ્વારા એ કારણને જાણવા તે પ્રયત્ન કરે છે. અને એવી રીતે એનામાં જ્યારે જોઇએ ત્યારે અનેક નવાં સ્વપ્ન ઉપજાવી શકાય છે!

આ ઊંઘમાં બીજી એક એવી ખૂબી છે કે એકવાર ઊંઘમાંથી જાગ્યા પછી તેને સ્વપ્નાવસ્થા યાદ ન આવતી હોય; પરંતુ ગમે ત્યારે પાછો ફરી એને હિપ્નૉટિઝમથી ઊંઘમાં નાખવામાં આવે એટલે ગયા વખતની ઊંઘના સળંગ થતા અનુભવનું તે ઘણીવાર વર્ણન કરે છે.

આવી બધી ખૂબીઓને લીધે હિપ્નૉટિઝમની ઊંઘ સ્વપ્નસૃષ્ટિના અભ્યાસ માટે ઠીક જોઇએ એવી જ માલૂમ પડી છે; અને તેથી અમેરિકાની ટેક્સસ યુનિવર્સિટીની માનસશાસ્ત્રીય પ્રયોગશાળામાં ડૉક્ટર ફ્લીને યુનિવર્સીટીના કેટલાક ઉત્સાહી વિદ્યાર્થીઓ પર કરેલા પ્રયોગોથી સ્વપ્નસૃષ્ટિનો વૈજ્ઞાનિક ધોરણે અભ્યાસ કરવાનું શક્ય બન્યું છે. એ પ્રયોગોમાં મળેલા કેટલાક ધ્યાન ખેંચે એવા અનુભવો આપણે હવે જોઇએ.

માનસશાસ્ત્રીઓ અત્યાર સુધી એટલું તો માનતા જ હતા કે સ્વપ્નમાં આપણને જે સમય દેખાતો હોય છે



વચ્ચેના ફોટોગ્રાફમાં દર્શાવ્યા મુજબ હિપ્નૉટાઇઝ કરેલા પાત્રને એક હળવી ચીમટી ભરવાથી તેને (ડાબી તરફના ચિત્રમાં દેખાય છે તેમ) એવું સ્વપ્ન આવ્યું કે જાણે એક મોટો કાળો ઉંદરડો દરમાંથી નીકળી આવી તેને બચકું ભરીને નાસી ગયો! બીજીવાર એ પાત્રના હાથ પર રૂની પોટલી હળવેથી થાબડવામાં આવતાં તેને, જમણી તરફના ચિત્રમાં દર્શાવ્યા મુજબ, એવું સ્વપ્ન આવ્યું કે જાણે ભૂરા રંગની કોઈ ગાય આવીને તેના હાથને ચાટે છે!

તે સાચા સમયથી ઘણો ટૂંકો હોય છે. દરેક સ્વપ્ન અનુભવનાર પણ આ વાત સામાન્યરીતે કબૂલ રાખશે. પણ એ સત્યને પ્રયોગસિદ્ધ કરી બતાવવાનું માન તો ડૉ. કલીનના પ્રયત્નોને જ મળે છે. અને છતાં એવી સાદી યુક્તિથી એ થઈ શકે છે કે આપણે આશ્ચર્ય પામીએ. પ્રથમ તો એ પોતાના પાત્રને ચેતાવે છે કે 'તમને થોડા વખતમાં એક સ્વપ્ન આવશે. જે ઘડીએ એ સ્વપ્ન પૂરું થાય એ જ ઘડીએ તમારે એનો આબેહૂબ ચિતાર મને આપવા માંડવો. સ્વપ્નમાં કેટલો સમય લાગે છે તે જરા ખ્યાલ રાખજો.' એ પછી હાથમાં સ્ટૉપ-વૉચ રાખી ડૉક્ટરે 'બચાવો' 'બચાવો' એવો પોકાર કર્યો અને તેની સાથે જ ઘડિયાળ ચાલુ કરી. એ પોકારથી ઉત્પન્ન થએલું સ્વપ્ન પણ ઘડિયાળની સાથે જ ચાલુ થયું હોવું જોઈએ. અને પછી જેવી પાત્રે સ્વપ્નની વિગત કહેવી શરૂ કરી કે તરત સ્વપ્ન પૂરું થયું સમજીને ડૉક્ટરે ઘડિયાળ બંધ કરી. આ વખત દરમ્યાન કાંટો વીસ સેકંડ ચાલ્યો હતો. ત્યારે પાત્રના હિસાબે સ્વપ્ન અર્ધો કલાક ચાલ્યું હતું!

આપણા અને સ્વપ્નસૃષ્ટિના સમયની આવી જાતની સરખામણીમાં કદાચ એમ બને કે સ્વપ્ન અનુભવનારની સાથે સ્વપ્નસૃષ્ટિમાં ઘડિયાળ ન હોવાથી. અટકળ બાંધવામાં તે ભૂલ કરે. પણ એના એક ઉપાય તરીકે એણે કરેલું બધું બારીક વર્ણન ટૂંકાક્ષરી લિપિથી અક્ષરશઃ ઉતારી લેવામાં આવ્યું હોય છે, અને એમાં વર્ણવેલા પ્રસંગો આપણા જગતમાં બનતાં કેટલો સમય લે તેનું માપ કાઢતાં તેટલો સમય લગભગ આવી રહે છે.

આ સંબંધમાં ડૉક્ટર કહે છે: 'અમે લગભગ ચોર્યાશી જેટલાં સ્વપ્નના સમય માપી જોયા છે. અમારા રેકૉર્ડમાં ટૂંકામાં ટૂંકું પાંચ સેકંડનું અને લાંબામાં લાંબું દોઢ મિનિટનું સ્વપ્ન નોંધાયું છે. અલબત્ત, આ કાંઈ સ્વપ્નની છેવટની મર્યાદા તો ન જ કહેવાય.'

હવે આપણે પેલા સ્વપ્નસ્થ વિદ્યાર્થીના માનસમાં 'બચાવો' શબ્દના ઉચ્ચારણે શો પડછાયો પાડ્યો તે જોઈએ. તે કહે, 'મને એક સ્વપ્ન આવ્યું. મારા ઘર પાસેથી પસાર થતા ધોરી રસ્તા પર હું મોટર હાંકી જતો હતો. મેં કંઈક ચીસ સાંભળી અને 'અમે' અટક્યા. હું ઊતરી નીચે ગયો, અને રસ્તાની એક બાજુ પર ગબડી ગએલી એક મોટર જોઈ. મોટર નીચે એક માણસ જમીન સાથે હાથ ભરાવી નીકળતો હતો. એ કહે મને તો ઈજા નથી થઈ, પણ ગાડી નીચે કોઈ પડ્યું છે. મેં તેને ગાડી ઊંચી કરવામાં મદદ કરી. નીચે સ્ત્રીને ગંભીર ઈજા થએલી હતી. અમે તેને દવાખાને લઈ ગયા.'

'તમે એ ગાડીને જોઈ હતી?' ડૉક્ટરે પૂછ્યું.

'હા;' ઊંઘમાં જ તેણે જવાબ આપ્યો. 'એ વાદળી રંગની હતી.'

જાગ્યા પછી પણ એ વિદ્યાર્થીએ એ અનુભવનું એવું જ વર્ણન કરેલું. બીજા એક વિદ્યાર્થી પર આવો જ પ્રયોગ કરવામાં આવેલો. પણ એ વખતે એ સ્વપ્નનો સાંકેતિક શબ્દ 'એ સળગ્યું!' એવો હતો. અને એ વિદ્યાર્થીને આવેલું સ્વપ્ન આ રહ્યું:

'બાલ્યાવસ્થામાં હું એકવાર ઘેરથી દૂર ગએલો એ જ એ પ્રસંગ હતો. હા, કેટલાક છોકરાઓ સાથે હું

ડુંગરાઓમાં રખડવા ગયેલો. અમે પાછા આવ્યા ત્યારે એમાંના એકનું ઘર સળગી ગયું હતું,–તદ્દન સળગીને પડી ગયેલું! માત્ર જાણે કોલસાનો ઢગલો જ દેખાતો હતો. ગઈ રાત્રે જ એ બધું બન્યું. કેટલાંક લાકડાં હજુ ઝગતાં હતાં–એક લગારેક–આ હજુ જ્વાળા નીકળે.'

આ પ્રમાણે બીજાં પણ કેટલાંક સ્વપ્ન કાન દ્વારા જાગ્રત કરી શકાયાં હતાં. જેમકે એક પાત્રના કાન પાસે ટ્યુનિંગ ફૉર્કનો અવાજ કરવાથી એને વિમાનોનો અવાજ સંભળાયો. અને પછી તો એણે આકાશમાં ટુકડીબંધ ઊડતાં કેટલાંક વિમાનો પણ જોયાં! કહેવાની જરૂર નથી કે કેટલાક વખત પહેલાં એક ટૉકીમાં એણે આ દૃશ્ય જોએલું એની જ સ્મૃતિ એને તાજી થઈ હતી.

વળી આવાં જ સ્વપ્ન ગંધથી પણ જાગ્રત થાય છે. એક વિદ્યાર્થીના નાક આગળ અત્તરની શીશી રાખતાં તેને જાણે પોતાની દાદીમાના બાગમાં પોતે ફૂલ વીણતો હોય એવું સ્વપ્ન આવ્યું. અને પછી જ્યારે તેને ક્લોરો-ફૉર્મની ઉગ્ર વાસ આપવામાં આવી ત્યારે જાણે તે દવાખાનામાં ઑપરેશન કરવાના ટેબલ પર સૂતો હતો અને ડૉકટર તેને ક્લૉરૉફૉર્મ સુંઘાડવાની તૈયારીમાં હતા એવું સ્વપ્ન આવ્યું!

પણ બધા કરતાં ત્વચાના સંસ્કારોથી નીપજનારાં સ્વપ્ન આપણે વધારે પ્રમાણમાં અનુભવીએ છીએ. એક ઊંઘતા વિદ્યાર્થીના જમણા હાથ પર ચીપિયાથી ત્રણ વખત ચીમટી લેતાં તેણે એનો આમ અર્થ કર્યો: 'એક ઉંદર દરમાંથી આવીને મને કરડી ગયો.' કરડવાની જગ્યા બતાવવાનું કહેતાં તેણેએ ચીમટીની જગ્યા બતાવી.

'કેવા રંગનો ઊંદર હતો?'

'કાળા રંગનો.'

'એ કરડ્યો ત્યારે તમે શું કર્યું?'

'મેં ચીસ નાખી અને મારો હાથ ખેંચી લીધો.'

પણ અહીં એ જોવા જેવું હતું કે એ ચીસ નાખવાનું કે હાથ ખેંચવાનું એ બિરાદરે માત્ર સ્વપ્નમાં જ કરેલું. બહારના કોઈ તે જોઇ કે સાંભળી શકેલા નહિ. વળી એ જ વિદ્યાર્થી પરના એક બીજા પ્રયોગ વખતે એના હાથ પર રૂની પોટલી થાબડવામાં આવી ત્યારે કહે, 'આસમાની શીંગડાંવાળી એક ભૂરી ગાય મારો હાથ ચાટે છે!'

એક પાત્રના મોઢાને કપડાથી થોડીવાર ઢાંકી દેતાં તેને મૂંઝારાનું સ્વપ્ન આવ્યું; અને બીજા એકના કપાળ પર ધાતુનું ઠંડું ચકરડું મૂકતાં તેને સ્વપ્ન આવ્યું કે 'આખી રાત અને સવાર સુધી બરફ વરસ્યો. મેં બરફનું એક પૂતળું બનાવ્યું.'

ત્વચાના સંસ્કારોથી ઊપજેલાં સ્વપ્નાંઓમાં વધુમાં વધુ ધ્યાન ખેંચે એવું તો પડવાનું સ્વપ્ન છે. આ સ્વપ્ન ઉપજાવવા માટે ત્વચાને કઈ રીતે ઉત્તેજિત કરવી એ જ પહેલો અને કપરો પ્રશ્ન હતો. પણ અગાઉના માનસ-શાસ્ત્રીઓના કેટલાક નિર્ણયો અહીં ઉપયોગી થઈ પડ્યા. એ તો જાણીતું જ હતું કે જે સ્વપ્ન ઉપજાવવું હોય એને જ મળતો બાહ્ય ઇન્દ્રિયસંસ્કાર હોવો જોઇએ. જેમકે ટાઢનું સ્વપ્ન ઉપજાવવા માટે પાત્રના શરીરને ઠંડી આપવી જોઇએ, સુગંધનું સ્વપ્ન ઉપજાવવા માટે એને સુગંધ આપવી જોઇએ, કે કોઈ સંગીતના જલસાનું સ્વપ્નઉપજાવવા કોઈ મનોરમ ધ્વનિ સંભળાવવો જોઇએ.

હિપ્નૉટાઇઝ કરેલા પાત્રને સ્ટ્રેચરમાં સુવાડી, ઓશીકાની એક બાજુ જરા ધીમું દબાણ આપી, તેના માથાને રજમાત્ર નિરાધાર બનાવતાં તેની કલ્પના એવું અતિશયોક્તિભર્યું સ્વપ્ન રચે છે કે (જુઓ જમણી બાજુ) તે કોઈ ખીણમાં ઊંધે માથે ચકરી ખાતો પડે છે! બીજી વખત સૂતેલા પાત્રના કાનમાં 'બચાવો!' એવો સાદો શબ્દ બોલતાં તેની કલ્પનાએ એક આખી વાર્તાની ઈમારત ચણી લીધી કે ખીણમાં કોઇ મોટર ઊંધી પડી છે, હાંકનાર ગભરાઈ ગયો છે, નીચે કોઇ સ્ત્રી ચગદાઈ ગઇ છે, તેની મદદનો અવાજ આવે છે, ને પોતે સહાયે ધસે છે! (ડાબી બાજુ)



અને એ જ પ્રમાણે પડવાના સ્વપ્ન માટે પણ પડવાનો અનુભવ આપવો જોઇએ. પણ જ્યારે આપણે યાદ કરીએ કે પડવાનું સ્વપ્ન અનુભવતી વખતે બધા કાંઈ ખાટલા પરથી હેઠે પડી જતા નથી, ત્યારે એ સાદો તર્ક ફલિત થાય છે કે એ અનુભવ એવા ઉગ્ર સ્વરૂપમાં નહિ પણ સૂક્ષ્મ માત્રામાં અપાય તો ચાલે. અને પડવું એટલે આધાર ગુમાવવો. એટલે શરીરના કોઇ ભાગને પળવાર નિરાધાર સ્થિતિમાં મૂકવાથી કદાચ આ સ્વપ્ન આવે એવી અટકળ સહેજે બાંધી શકાય.

આ તર્ક પ્રમાણે એક વિદ્યાર્થિની ઉપર પ્રયોગ કરવામાં આવ્યો. પ્રયોગના હેતુની એ કુમારીને ખબર ન હતી. ઊંઘમાં પડ્યા પછી તેને એક સ્ટ્રેચર પર સુવાનું કહેવામાં આવ્યું! પછી એની ઘૂંટી પાસેના સ્ટ્રેચરના કપડાને સહેજ દબાવવામાં આવ્યું, જેથી થોડા વખત એના પગ માથા કરતાં જરા નીચા રહ્યા. અને આમ એને ધારેલું સ્વપ્ન લાવી શકાયું. તેણે કહ્યું: 'હા. હું લપસતી નીચે ચાલી જાઉં છું. હું એક સહેલ કરવાના લપસણા પાટિયા પર લપસું છું.'

ડૉકટર ક્લીન કહે છે: 'આવો પ્રયોગ અગિયાર જણ પર કરવામાં આવ્યો હતો અને એ બધાને આવાં લપસવાનાં જ સ્વપ્ન આવેલાં. એટલું જ નહિ, પણ કઈ દિશામાં એ પાત્રને લપસાવવું એ પણ આપણા કાબૂની વાત છે; કેમકે જે બાજુ એને લઈ જવું હોય એ બાજુ જરા વધારે દબાણ દેવું! વળી એના લપસવાની શૈલી પર પણ આપણે કાબૂ રાખી શકીએ છીએ. જેમકે એક જણને એવું દબાણ પગ પાસે આપવાને બદલે એ સ્ટ્રેચરના એની કેડ પાસેના ભાગ પર બંને બાજુ પર આપ્યું, અને એને ગાડીમાં ધસડાતા જવાનું સ્વપ્ન આપ્યું! બીજા એક જણને ઓશીકા પર ડાબી બાજુ દબાણ આપતાં એ બાપડા જાણે ઊંધે માથે ડાબી તરફ ફરતો ઊંડાઊંડા જઈ પડ્યો.

અહીં એ પ્રશ્ન સહજ થશે કે આપણને જ્યારે આવાં પડવાનાં કુદરતી સ્વપ્ન આવે છે ત્યારે કોઈ આપણા બિછાના પર આમ દબાણ કરતું નથી હોતું. પણ એવે વખતે આપણે બીજી રીતે એ સ્થિતિ આપણી મેળે જ ઊભી કરતા હોઇએ છીએ. સામાન્યરીતે આપણે સૂઈએ છીએ ત્યારે આપણા બધા સ્નાયુઓને જતઈએ એવા શિથિલ કરી શકતા નથી, અને તેથી એ અક્કડ સ્નાયુઓ આપણા શરીરને બિછાનાથી જાણે જરા ઊંચું પકડી રાખે છે. અલબત્ત, લાંબા વખતની ટેવને અંગે આપણે જાગતાં આ અક્કડાઈ પકડી શકતા નથી. પણ આપણે ભર ઊંઘમાં પડી જઇએ છીએ ત્યારે આપણા સ્નાયુઓ પોતાની કુદરતી શિથિલાવસ્થામાં આવી જાય છે. એ વખતે આપણા શરીરની સપાટીનો બાકીનો ભાગ બિછાનાને અડકે એ પહેલાંની એકાદ વિપળની પણ આધારરહિતતા આપણા સ્વપ્નસ્થ માનસને બહુ લાગે છે, અને અતિશયોક્તિભરેલા સ્વરૂપમાં તે આપણને પડવાના સ્વપ્ન તરીકે દેખાય છે.

ઉપર કહી ગયા તેમ એકનો એક પ્રયોગ એક પાત્ર પર ફરીફરીને કરવાથી તેને આગલું સ્વપ્ન ફરીથી આવે છે. પણ એથી ઊલટું, એકનો એક પ્રયોગ જુદાંજુદાં પાત્રો પર કરવામાં આવે છે ત્યારે જુદાં જ પરિણામ આવે છે. જેમકે ઉપરના એક દાખલામાં હાથ પર રૂની પોટલી મૂકતાં એક જણને સ્વપ્નમાં ગાય હાથ ચાટતી દેખાઈ હતી, તો એ જ પ્રયોગ બીજા પાત્ર પર અજમાવતાં તેણે કહ્યું: 'હું દવાખાનામાં પડ્યો હતો. મારી સ્ત્રી મિત્ર મને મળવા આવી. મારા બિછાનાની એક બાજુ પર તે બેઠી, અને મારો હાથ પોતાના હાથમાં લઇ હેતથી પંપાળવા લાગી.' એ જ પ્રયોગથી ત્રીજાને 'જબરો કૂતરો' હાથ સાથે પોતાનું શરીર ઘસતો લાગ્યો, અને એક સ્ત્રીને એવી રીતે એક બિલાડીએ પ્રેમ કર્યો'

વળી એવી જ રીતે ટ્યૂનિંગ ફૉર્કના જે અવાજે એકને વિમાન બતાવ્યાં હતાં એ જ અવાજે બીજાને સબમરીનમાં બેઠાંબેઠાં કોઈ જોખમી ખડકનું અસ્તિત્વ પોકારતો નાદ સંભળાવ્યો હતો.

અને આ બધાંનું કારણ સ્પષ્ટ છે. જે બાહ્ય ઉત્તેજનથી આપણે આમ સ્વપ્ન ચાલુ કરીએ છીએ એ પોતે જ કાંઈ સ્વપ્નને જન્મ આપતાં નથી. એ તો માત્ર આપણા સુપ્ત કલ્પનાભંડારમાંથી અમુક કડીઓને જ જાગ્રત કરી દે છે, અને તેથી એ દરેક સ્વપ્ન એ પાત્રના ભૂતકાળના અનુભવોનું પરિણામ માત્ર છે. માનસના ઊંડા થરોમાં એવા અસંખ્ય અનુભવો કોઈ વિચિત્ર જાળ ફેલાવતા પડ્યા હોય છે, અને કદી પણ શાંત નહિ બેસનારું આપણું માનસ એ આખી જાળના અવયવોને દર પળે અનેક અવનવી રચનાઓમાં મૂક્યા કરતું હોય છે. એ આખી અટપટી રચનાના ક્યા બિંદુને

બહારનો સંસ્કાર સ્પર્શ કરે છે એના પર જ જાગ્રત થનારી કલ્પનાનો આધાર રહે છે. અને તેથી એ કલ્પનાનું કેન્દ્ર આપણા કાબૂમાં રહેવા છતાં એની બારીક વિગતોનું પ્રકરણ આખું આકસ્મિક બની જાય છે.

વળી સ્વપ્નસ્થ માણસની કલ્પનાનાં જુદાંજુદાં અંગોને વિવિધરીતે જોડીને મિશ્ર સ્વપ્ન પણ ઉપજાવી શકાય. તેનો એક પ્રયોગ લઇએ: જે વિદ્યાર્થીને હાથ પર ચીમટી ભરતાં કાળા ઉંદરના ડંખનું અને ક્રીઓસોટ-ની વાટથી ઑપરેશન ટેબલ અને ક્લૉરૉફૉર્મ આપતા ડૉકટરનું સ્વપ્ન આવતું એને એકીસાથે એક બાજુથી ક્રીઓસોટની વાસ અને બીજી બાજુ ચીમટા આપતાં સ્વપ્ન આવ્યું કે, 'કાળા પોશાકમાં સજ્જ થયેલો ડૉકટર; એને લાંબા નખ, દાઢી અને ચશ્માં પણ છે; મારા હાથ પરના ઘાને એણે સીવી લીધો.'

આવું વિચિત્ર આપણી કલ્પનાનું રમણ છે. રાત્રે આપણી આંખને બત્તીનો પ્રકાશ કે, ઓઢવાની ચાદરમાંથી ગળાઇ આવતો રંગ કે આવા છૂટાછવાયા સંસ્કારો ક્યારેક મળે છે. જીભને તો બિલકુલ મળતા નથી, પણ નાક, કાન અને ખાસ કરીને ત્વચા બિછાનામાં પડયાં પડયાં બાહ્ય સૃષ્ટિમાંથી ઝીણાઝીણા અનુભવોને વીણી-વીણીને આપણી કલ્પનાને આખી રાત કાંઇ ને કાંઇ ખોરાક આપ્યા જ કરે છે. અને જો કદાચ એવો કાંઇ ખોરાક ન મળે તોપણ કલ્પના પોતાના જ જોરે ભ્રમણ કરે છે; પણ ઘડી યે નવરૂં બેસવું એને પરવડતું નથી. જોકે આપણે એવાં આખી રાતનાં સ્વપ્ન યાદ રાખી શકતા નથી, પણ માનસશાસ્ત્રે શોધ કરી છે કે આપણને યાદ રહે યા નહિ, પણ ગાઢ નિદ્રામાં કલ્પનાનું રમણ ઊર્ફે સ્વપ્ન તો ચાલુ જ હોય છે. વળી થાકેલી બુદ્ધિ એ વખતે સુષુપ્ત પડેલી હોવાથી કલ્પના પર અંકુશ રાખનાર કોઈ નથી હોતું, અને તેથી એનું એ રમણ નિરંકુશ હોય છે. માટે જ ફિલસૂફોએ એ કલ્પનાને દારૂ પીધેલા વાનરની ઉપમા આપી છે ને!

હરિકૃષ્ણ વ્યાસ

('પૉપ્યુલર સાયન્સ'માં આવેલા અંગ્રેજી લેખ તથા તેનાં ચિત્રો ઉપરથી)

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : રાવળ ત્રંબકલાલ રવિશંકર · અમદાવાદ

જેમ્સટાઉન-મિસૂરી (યુ.એસ.એ.)
૭મી ઑક્ટોબર ૧૯૪૦

પ્રિય ત્રંબકલાલ,

તમારો પ્રેમ ને આકર્ષણભર્યો પત્ર મળતાં બહુ જ આનંદ થયો. ત્યાંના પત્રમાં મારૂં સરનામું પ્રસિદ્ધ થતાં મારા પર લગભગ ૧૫૦ જેટલા પત્રો હિંદમાંથી આવી પડયા એ બધાનો જવાબ આપવા હું અશક્ત બન્યો એટલે નિયમિત પત્રવ્યવહાર માટે તેમાં જે વધુ રસદાયક હતા તે જ પસંદ કરી લીધા.

હું ૧૯ વર્ષનો છું. મારી જન્મતિથિ ૭મી ઑગસ્ટ આવે છે. તમારી જન્મ તારીખ કઇ છે? મિસૂરીના મધ્યભાગમાં આવેલા જેમ્સટાઉન ગામમાં હું રહું છું. તમને તો ખબર હશે કે યુનાઇટેડ સ્ટેટ્સના ૪૮ જુદાજુદા પ્રાંતો છે અને દરેકનું પ્રાંતીય પાટનગર છે. મિસૂરીનું પાટનગર જેફરસન જેમ્સ-ટાઉનથી ૨૫ જ માઈલ દૂર છે, એટલે હું વારંવાર ત્યાં જાઉં છું.

તમને 'મૂવી' (સીનેમા) જોવાનો શૉખ છે ખરો? હું તો બહુ જ જોઉં છું અને હમણાં તો નિયમિત પ્રેક્ષક બન્યો છું. મેં જોએલાં ચિત્રોમાં 'Federal Agent,' 'Riding on Air,' 'In Old Montana ઈ૦ છે. બીજાં કેટલાંક નામ તો હું યાદ રાખી શક્યો નથી. 'City of Conquest' જોવાની બહુ ઈચ્છા થઈ છે. તેનું અવલોકન વાંચતાં તે સરસ હોય એમ લાગે છે. તમે હમણાં કયાં મૂવીચિત્રો જોયાં છે?

આ વર્ષે હવે બરફ સરસ પડવાનો એમ લાગે છે ઝાડ-પાનનો રંગ બદલાઈ ગયો છે અને રાત્રિઓ અતિશીતલ લાગે છે. દિવસો પણ ટૂંકા લાગે છે. આ લખતી વેળા વરસાદ પણ પડી રહ્યો છે. અને હવે પછી બરફ અને ઠંડી સાથે લાંબો શિયાળો આવશે તેની મને ખરેખર થથરાટી છૂટે છે. બરફ ન પડે ત્યાં સુધીની ઠંડી હવા તો હું સહન કરી લઉં છું.

તમે બાસ્કેટબૉલ ને વૉલીબૉલ કદી રમ્યા છો? અમારી અને બીજી સાતઆઠ હાઈસ્કૂલોની એક કૉન્ફરન્સ મળી છે ને તેઓ પરસ્પર બાસ્કેટબૉલ અને વૉલીબૉલની હરીફાઇઓ ગોઠવે છે. છોકરા બાસ્કેટબૉલ રમે છે ને છોકરીઓ વૉલીબૉલ. મને તો આ રમતોમાં ખરેખર બહુ રસ પડે છે. એવી મઝા ફૂટબૉલમાં પડતી નથી. મુક્કાબાજી અને કુસ્તીની કાપલીઓ હું સંઘરૂં છું. તમારા દેશના કોઈ મુક્કાબાજ યા કુસ્તીબાજની તસ્વીર મળે ત્યારે કૃપા કરી જરૂર મોકલજો.

બસ, હવે હું અટકું છું. આશા છે કે તમે હવે જવાબમાં વધુ લાંબો પત્ર લખશો, અને હું પણ તેમ જ કરીશ. તમારો ફોટોગ્રાફ જરૂર મોકલજો.

તમારો સાચો મિત્ર ક્લિન્ટન

Mr. Clinton Zaugg Jamestown (Missouri U.S.A.)

ભૂતકાળની શોધમાં ઉત્તર ગુજરાતમાં

પ્રાચીન સંસ્કૃતિ-શોધન માટે કરેલા પગપાળા પ્રવાસની લેખમાળા



પંચાસરની પશ્ચિમે એક ફર્લાંગ દૂર પચાસેક વર્ષ પર રાધનપુરના નવાબ સાહેબે દ્રવ્ય માટે કરાવેલા ખોદકામ વખતે નીકળેલી પૂર્વમધ્યકાળના સમયની મૂર્તિ

ઉતારે આવી જમા કરી થોડો આરામ લઈ, સાડા ચાર વાગ્યે હું જમાદારને સાથે લઈ વણોદને પંથે પડ્યો. જયશિખરીની સમાધિના ટેકરાની બાજુમાંથી પસાર થઈ પૂર્વોત્તરે આવેલ સરાણુને વટાવતા એરવાડા થઈને ૬ માઇલ દૂર આવેલી ચાપોત્કટ વનરાજની કહેવાતી જન્મભૂમિ વણોદને પાદરે અમે જઈ પહોંચ્યા.

'જમાદાર, વણોદમેં ક્યા ક્યા દેખનેકા હય!'

'ઇધર તો, સાહેબ, બોત ચીજ્જં દેખણે જેસી હય. તીન તો તળાવ હય. ભાદરવો તળાવ, વનેરૂં ઓર સોઢેરૂં. વેણકૂવા બોત જૂના હય. વનરાજકુ જો સાધુને ઉછેરાથા (શીલગુણસૂરિ) ઉનકા અપાસરા બી દેખણે જેસા હય.'

'તો, ચલો વો સબ ઝટઝટ દેખ લેવે. પીછુ અંધેરા હો જાયગા.'

ગામમાં પ્રથમ 'શાંતિનાથનું દેરાસર' કહેવાતા જૈન મંદિરે ગયા. સં. ૧૬૬૨માં આચાર્ય શ્રી વિજયસેનસૂરિને હાથે એની પ્રતિષ્ઠા થએલી હોવાનું ત્યાંના માણસો પાસેથી જાણવા મળ્યું. આ શાંતિનાથના દેરાસરની બાજુમાં જ 'શિલગુણનો અપાસરો' (ઉપાશ્રય) કહેવાતી ઇમારત આવેલી છે. થોડાક વખત ઉપર આ અપાસરાની દીવાલ મરામત માટે ખોદવામાં આવેલી, ત્યારે પૂર્વ-પશ્ચિમ જતી મજબૂત પથ્થરની દીવાલ, એવડાં પગથિયાં વગેરે કેટલુંક જૂનું બાંધકામ અંદરથી નીકળી આવ્યું હતું. આ ઉપરથી જણાય છે કે આ ઉપાશ્રય પ્રાચીન તો ખરો. એના ઉપલા ભોંયરામાં શીલગુણસૂરિએ વનરાજને છુપાવી રાખી ઉછેર્યો હતો એમ ત્યાંના લોકોએ કહ્યું.

પ્રાચીન સરોવરો

હવે અમે વનેરું તળાવ આગળ આવ્યા. એને



કાંઠે વણોદની ગ્રામમાતા વણાવ માતાની ભવ્ય દહેરી આવેલી છે, જે સાધુઓની નાની નાની સમાધિઓ અને વીર પુરુષોના પાળીઆઓથી ઘેરાએલી છે. એક પાળીઓ બતાવી મને જમાદારે કહ્યું કે આ માંડલના એક કંદોઇના દીકરાનો પાળીઓ છે. એની જાન વણોદ આવતી હતી. અંધારૂં થતાં ગામને પાદરે આ સ્થળે જાન ઉપર લૂંટારૂઓ તૂટી પડ્યા અને એ મીંઢળબંધો જુવાન તેમની સામે ઝઝૂમતાં કામ આવ્યો. પાળીઆ ઉપર સંવતવાળો ભાગ તૂટેલો જણાયો, પણ એ યુવકની આકૃતિ કોતરેલી દેખાતી હતી.

આ પછી ભાદરવા તળાવે પહોંચ્યા. તેની નજીક એક ટેકરા ઉપર પાલેવડા નામનું ગામ વસેલું હતું. એનું અસલ નામ વાલ્મીકિનગર, જ્યાં વાલમ (વાલ્મીકિ) બ્રાહ્મણોના મૂળ પુરુષ વાલ્મીકિ ઋષિનો આશ્રમ આવેલો હતો. અહીં એક પ્રાચીન ઇમારતમાંથી છેક મોઢેરા સુધી ભોંયરૂં હોવાની વાત સાંભળી.

વણોદમાં જ્યાંત્યાંથી પ્રાચીન મૂર્તિઓ વગેરે જે કંઇ લોકોને મળી આવેલું છે તે ભાદરવા તળાવની નજીકમાં જ એક ઓટલા પર ગોઠવીને રાખેલું જોયું. પોતાના ગામનાં પ્રાચીન સ્મારકો પ્રત્યેની વણોદવાસીઓની આ કાળજી ખરેખર પ્રશંસાપાત્ર હતી. દરેક ગામવાસી જો એમ કરતા હોય તો કેવું સારૂં! પરંતુ, હવે અંધારૂં થતું જતું હોવાથી અમે જલદી વેણકૂવા તરફ વળ્યા.

વેણકૂવો

ગામની ઉત્તર તરફ જરા દૂર આવેલા વેણકૂવાના ભવ્ય પાષાણો શિલ્પકામથી ભરચક કોતરેલા હતા. ત્યાં ઘણાં ખંડિયેરો દેખાતાં હતાં ને એ સ્થળ ખરેખર ઘણું પ્રાચીન હોવાની છાપ મારા પર પડી. પણ અંધારૂં થઈ જવાથી હું તેની પ્રાચીનતા નક્કી કરી શક્યો નહિ

આમ, વણોદની ઊડતી મુલાકાત લઇ રાત પડ્યે અમે પાછા પંચાસર આવી પહોંચ્યા. વણોદનું પુરાતત્ત્વ-સંશોધન મોડું થવાને લીધે થઇ શક્યું નહિ; પણ પંચાસર-ની જેમ આ સ્થળે પણ ચાપોત્કટ કાળના અવશેષો મળી આવવાની પૂરી શક્યતા હોવાથી કોઈકવાર ફરી આ સ્થળને જોવાની ઇચ્છા છે.

પંચાસરમાં બીજી રાત ગાળી સવારે મેં ઝિંઝુવાડા જવાની તૈયારીઓ કરવા માંડી. ઉત્તર ગુજરાતના આંતર-પ્રદેશમાં પુરાન્વેષણ માટે મેં ખેડેલા આ પગપાળા પ્રવાસની એ છેલ્લી મજલ હતી. ઝિંઝુવાડા પંચાસરથી સોળ માઇલ થાય છે, એટલે અરધા દિવસમાં ત્યાં પહોંચી જવાશે એમ ધારી જમી પરવારીને નીકળવાનું ઠરાવ્યું. અગિયાર વાગ્યે જમાદાર મારા માટે એક ઘરડો મજૂર શોધી લાવ્યો. સાડા અગિયારે જમાદારને રાજી કરી મેં વીર વનરાજના વડવાઓની પુરાતન પાટનગરી પંચાસરપુરી છોડી અમે પશ્ચિમ દિશામાં પ્રયાણ કર્યું.

પંચાસરમાં દ્રવ્ય માટે થએલું ખોદકામ

અરધા કલાક પછી રસ્તાની ડાબી બાજુએ એક ફર્લાંગ દૂર એક ઊંચો ટેકરો મને દેખાયો. તેની ટોચે દહેરી જેવું કશુંક જણાતું હતું. 'આ શું છે?' મેં ડોસાને પૂછ્યું. 'અમારાં લેમોજ માતાની દહેરી છે.' લીમજા માતા તો દેલમાળનાં વતની છે; તે વળી અહીં ક્યાંથી આવીને બેઠાં? એમ વિચારી હું એ ટેકરા તરફ વળ્યો. ટેકરો કુદરતી હોય એવાં ચિહ્નો જણાયાં નહિ, એટલે મને થયું કે અવશ્ય કોઈ પ્રાચીન ઇમારત એના ગર્ભમાં દટાએલી પડી છે. ટોચે આવેલી લીમજા માતાની દહેરી તપાસતાં તેની બધી ઇંટો ૧૪½×૧૧×૨½ના માપની (પંચાસરના પ્રાચીન અવશેષોની ઇંટોના માપની) જણાઇ. પણ દહેરીની નવી બાંધણી ઉપરથી જણાયું કે એ ઇંટો મૂળ આ સ્થળની નથી; ક્યાંકથી ખોદી લાવીને પચાસ પોણોસો વર્ષ ઉપર આ દહેરી ઉભી કરવામાં આવી છે. અંદર બિરાજેલાં માતાજીની મૂર્તિ દેલમાળની લીમજા માતાની મૂર્તિથી જુદા પ્રકારની જણાઇ. મેં ડોસાને પૂછ્યું કે આ મૂર્તિ લીમજા માતાની તો લાગતી નથી. ડોસો બોલ્યો કે સાહેબ, ખરું કહી દઉં, કે પચાસેક વર્ષ ઉપર સીતાપુર (બેચરાજી પાસે)ના એક બ્રાહ્મણે તેની પાસેના એક જૂના લખાણમાં તપાસી અમારા નવાબ સાહેબ (રાધનપુર)ને કહેલું કે આ ટેકરાની પૂર્વાભિમુખે જમીનમાં માયા દટાએલી છે. નવાબ સાહેબે સો મજૂરો રોકી એ જગ્યા ખોદાવવા માંડી. ખોદા-ણમાં અસલના પંચાસરની પથ્થરની ઇમારતોની ભીંતો, પગથાર વગેરે નીકળ્યાં. પરંતુ ઘણું ખોદાવ્યું છતાં દ્રવ્ય નીકળ્યું નહિ, એટલે એ કામ બંધ રખાવ્યું. એ ખોદ-કામમાં હું યે મજૂરીએ આવ્યો હતો. તે વખતે ઘણી મૂર્તિઓ નીકળેલી, તેમાંની આ એક માતાજીની જણા-વાથી અમારા નારોદા લોકોએ તેને આ ટેકરા ઉપર, લેમોજ (લીમજા) માતાનું નામ આપી સ્થાપી દીધી; અને ખોદાણમાંથી નીકળેલી જૂની ઇંટોની આ દહેરી ચણી દીધી છે. આમ દહેરી વિષે બાંધેલો મારો નિર્ણય ખરો પડ્યો. આ દૃષ્ટિએ માતાની મૂર્તિ અગત્યની લાગવાથી મેં તેનો સ્કેચ કરી લીધો (જુઓ લેખને મથાળે). પંચાસરના પ્રાચીન અવશેષોમાંથી નીકળેલી હોવાની વાત સાંભળતાં એ સાતમા સૈકાની હોવાનું પ્રાથમિક વિધાન મેં બાંધ્યું. ટેકરીના નીચે ઊતરી પૂર્વ તરફ આવીને જોયું તો પચાસ વર્ષ પૂર્વે ખોદાવેલા માટીથી પુરાઇ ગએલા ખાડાઓનો વિસ્તૃત વિસ્તાર પણ નજરે પડ્યો.

ઝારીઆણું

ઝારાંના વૃક્ષોના ગીચ પરંતુ નાના વનની ઊંચા-નીચા ભૂમિ ઉપર કેડીપંથ કાપતાકાપતા બે વાગ્યે અમે ઝારીઆણા ગામે આવી પહોંચ્યા. મને તરસ લાગી હતી. રસ્તાથી થોડેક દૂર નિશાળ હતી ત્યાં જઇ પાણી પી આગળ ચાલ્યા. ઝારીઆણા પછી આવતું સણી ગામ તેનાથી પા અર્ધોક માઇલ દૂર હતું. બંનેની વચ્ચે સરાણ આવે છે. આજે જે પંથ હું કાપી રહ્યો હતો તે જ છએક વર્ષ પર ઝિંઝુવાડાથી પંચાસર જતાં શ્રી હરિનારાયણ આચાર્યે કાપ્યો હતો. તેમનો આ પ્રવાસ 'કુમાર'ના ૧૪૬મા અંકમાં પ્રગટ થયો છે. તેમણે જ્યાં પાણી પીધેલું (ને જે હવે આ મોસમમાં સુકાઇ ગઇ હતી) તે ઝારીઆણા સણીની સરાણ વટાવ્યા પછી ત્રણ સાડા-ત્રણે આદરીઆણા ગામને પાદરે અમે જઇ પહોંચ્યા.

ખારાપાટના પ્રવેશદ્વારે

આદરીઆણે આવતાં વઢિયાર (પ્રાચીન વૃદ્ધિ-પથક)ની લીલી, ફળદ્રુપ સપાટ ભૂમિનો સાથ છૂટ્યો અને ખારોપાટ શરૂ થયો. ખારોપાટ એટલે દરિયા-કાંઠાની અમુક ખારવાળી ભૂમિ. તેમાં અમુક પ્રકારનો જ, ને તે પણ ઓછા પ્રમાણમાં, પાક નીપજે છે. ગુજ-

રાતમાં આમ તો અનેક 'ખારાપાટ' છે, પણ તેમાં એ નામથી જાણીતા થએલા પ્રદેશો માત્ર ત્રણ જ છે ને વિશેષતા એ છે કે એ ત્રણે સમુદ્રને બદલે કચ્છના રણની સાથે જ સંબંધ ધરાવે છે. પહેલો ખારાપાટ ભાલ પાસેનો, બીજો આ ઉત્તર ગુજરાતનો અને ત્રીજો કચ્છમાંનો. આ ત્રણેમાં ઉત્તર ગુજરાતનો ખારોપાટ વિશેષ પ્રખ્યાત છે. આને મુકાબલે ઉત્તર ગુજરાતના કડીતાલુકાનો પ્રદેશ લોકસમાજમાં 'માટોપાટ' કહેવાય છે.

આદરીઆણું

આદરીઆણું એટલે ખારાપાટનું પ્રવેશદ્વાર અને વઢિયાર તથા આ પ્રદેશને સાંકળતા માર્ગોનું જંકશન. શંખેશ્વર, પંચાસર, દસાડા, ઝિંઝુવાડા અને કુંવરના માર્ગો અહીં જ એકઠા થાય છે. માંડલથી દસાડા થઇ આદરીઆણા સુધી મોટરસર્વિસ છે. આ દસાડા તે આપણે ત્યાં સામાન્ય થઇ પડેલી 'દસાડા દફ્તર'વાળી કહેવતમાંનું જ દસાડા. પંચાસર અને વણોદના લોકો માટે ખરીદી કે વેચાણ કરવાનું એક મથક આદરીઆણાથી દક્ષિણ–પૂર્વે બાર માઇલ દક્ષિણે છે. વીરમગામથી સવારે ૯ વાગે રાધનપુર જવા ઊપડતી મોટર સર્વિસ માંડલ પછી દસાડે આવે છે, અને ત્યાંથી પંચાસર, શંખેશ્વર, મુંજપુર અને સમી (હારીજ રેલવે સ્ટેશનથી દસ માઇલ પશ્ચિમે) થઇ સાંજના પાંચ વાગ્યે રાધનપુર પહોંચાડે છે.

આદરીઆણાને આંગણે આવતાં ભૂપૃષ્ઠ ઉપર ખાસ ફેરફાર એ જણાયો કે વઢિયારની ભૂમિ જે કેવળ કાંપની બનેલી છે તેને બદલે આ ભૂમિ કાંકરાવાળી લાલ જણાઇ. ગામ બહાર પૂર્વ દિશામાં આછા લાલ રંગના બે ઊંચા કુદરતી ટેકરા દેખાતા હતા. લોખંડના મિશ્રણવાળા ખડકોનો રંગ લાલ થાય છે અને એવા પ્રકારના ખડકોના ઘસારા તથા ધોવાણથી જે લાલ માટી બંધાય છે તે લેટરાઇટ (Laterite) કહેવાય છે. આ ગોરમટીનો એક પ્રકાર છે. ગુજરાતમાં અનેક ઠેકાણે આની લેટરાઇટ જમીન આવેલી છે: મુખ્યત્વે પંચમહાલમાં ઝાલોદ અને નારૂકોટ તરફ, સુરત જિલ્લાના દરિકાંઠાથી દૂરના ભાગમાં અને કાઠિયાવાડમાં પાંચાળ પ્રદેશમાં. અને હિંદમાં વિન્ધ્યાચલની દક્ષિણે મહારાષ્ટ્રને બાદ કરતાં ત્યાં રેગર–Black Cotton soil–આવેલી છે જે આપણા પ્રાંતમાં સૂરત, ભરૂચ ને કાઠિયાવાડમાં પ્રસરેલી છે) આખા દક્ષિણ હિંદ ઉપર તે પથરાએલી છે.

ડોસો ૭૦ વર્ષનો હોવાથી મારી સાથે બહુ ચાલી શકતો નહોતો, એટલે તેને મારા સરસામાન સાથે ગામમાં એક સ્થળે બેસાડી આવી હું આદરીઆણાના તળાવને પૂર્વ કાંઠે આવેલા રાતા ટેકરાઓની ટોચે જણાતી દહેરીઓનાં અવલોકન માટે ગયો. એ તપાસતાં અતીતોની સમાધિઓ હોવાનું જણાયું, જેમાં લેખ કે મૂર્તિ વગેરે હતાં નહિ. અલબત્ત, એક વસ્તુ નોંધપાત્ર લાગી કે આ પ્રદેશમાં રેતીપથ્થર–sandstones નીકળતો હોવાથી ઇમારતોમાં મુખ્યત્વે તે જ વપરાતો જણાયો. આથી ઇંટોની ઇમારતો કરતાં આ પથ્થરની દહેરી વગેરે પ્રાચીન ઇમારતોના ઘાટમાં સહેજ ફેરફાર જણાતો હતો, જે શૈલીને નહિ પણ ઇમારતી પદાર્થના જુદાજુદા પ્રકારના ગુણોને આભારી હતો.

અફીણીએ અંતરિયાળ રઝળાવ્યો

ટેકરા તપાસી કરી ગામમાં પાછો ફર્યો. આદરીઆણામાં મઝાનું બજાર છે. જોઇતી વસ્તુઓ મળી રહે છે. એને ગામને બદલે કસબો કહી શકાય. એક હૉટેલમાં ચાપાણી કરી મેં ડોસા પાસે જઇને જોયું તો તે ટાંટીઆ ઘસડી રહ્યો હતો. જણાયું કે તે અફીણી છે. અફીણનું ઘેન ઊતરી ગયું હતું, ને બીજું અફીણ તેની પાસે હતું નહિ. તે બોલ્યો કે મને પૂરતું અફીણ લાવી આપો તો આગળ ચાલું, નહિતર તમે જાણો ને તમારૂં કામ જાણે!

સારૂં થયું કે એ તો ગામ હતું, નહિતર એણે મને ક્યાંક જંગલમાં રઝળાવ્યો હોત તો ભારે થાત. એવા માણસને તો પતાવવો જ સારો એમ ગણી ડોસાનો હિસાબ ચૂકવી રજા આપી. આજે જ ઝિંઝુવાડા પહોંચવાની મારી આશા ધૂળ મળી. મારી બેગ ગાંસડાં-પોટકાં ઊંચકી પૂછતો પૂછતો હું ધર્મશાળાએ પહોંચ્યો. પણ ત્યાં ઓરડી જેવું કાંઇ મળે નહિ, એટલે ત્યાં રહેતા મહારાજને ઘેર વસ્તુઓ મૂકી મજૂરની શોધમાં આદરીઆણાની શેરીઓમાં હું ભટકવા લાગ્યો.

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા

ઇનામી હરીફાઇની મુદત

ગયા અંકના રંગીન મુખચિત્રની ઇનામી હરીફાઇની છેલ્લી મુદત ૩૧ ડિસેમ્બર છે.

સંસારનાં શહેરો

૨૭-મૉસ્કો

જર્મનોના ભીષણ હલ્લા સામે પડું-પડું કરતાં પણ દૃઢતાથી ટક્કર ઝીલી રહેલું આ શહેર આજ મહિનાઓથી દુનિયાનું ધ્યાન ખેંચી રહ્યું છે. ૫૦૦ અને ૮૫૦ ફૂટની વચ્ચેની જુદીજુદી ઊંચાઇની સાત ટેકરીઓ પર વસેલું, લેનિનગ્રાડને અગ્નિખૂણે ૪૦૦ માઈલ દૂર મૉસ્કવા નદીને કિનારે આવેલું રશિયાનું આ પુરાતન પાટનગર (અને ઝારોના કાળમાં પણ રાજધાની ન હોવા છતાં તેમના રાજ્યાભિષેકનું સ્થાન) આજે રશિયાના સમાજવાદી પ્રજાસત્તાક સમવાયનું પાટનગર ને સમસ્ત સોવિયેટ પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે; અને એ કેન્દ્રનું ધબકતું હૃદય છે, આ શહેરના મધ્ય ભાગે આવેલી તથા દુનિયાભરમાં પંકાએલી ક્રેમલિન નામની કિલ્લેબંધ રાજગઢી. આછા ગુલાબી રંગની ઇંટોની મજબૂત દીવાલોથી સુરક્ષિત, પાંચ મજબૂત પ્રાચીન દરવાજાવાળી એ ગઢી પ્રાચીન કાળથી રશિયાના રાજકર્તાઓનું નિવાસસ્થાન ને રશિયાના રાજકીય તેમજ ધાર્મિક જીવનનું કેન્દ્રસ્થાન હતી. એમાં ઝારોના પ્રાસાદ, અમીરોના મહેલો અને ભવ્ય દેવળો આવેલાં છે; જેમાં આજે સોવિયેટની રાજકચેરીઓ અને બીજી પ્રવૃત્તિઓ ગુંજી રહી છે.

મૉસ્કવા નદીને સમાંતરે જ જેની એક બાજુ આવેલી છે એવી એ ત્રિકોણાકાર ગઢી સવાસો ફૂટની ઊંચાઈના ખડક પર બાંધેલી છે. એને ફરતો દોઢ માઈલ લાંબો અને ૬૫ ફૂટ ઊંચો મજબૂત ગઢ છે. ઈ.૧૧૫૬માં રૉસ્ટોવના ઠાકોર જ્યૉર્જ ડોલ્ગોરૂકીએ એ ટેકરી પરના પોતાના મહેલ ને બગીચ ફરતી લાકડાની દીવાલ ઊભી કરીને, આ ગઢીની શરૂઆત કરી મૉસ્કોનો પાયો નાખ્યો. એ કાળે પણ તે કીવ અને નૉવગૉરૉડના વ્યાપારમાર્ગો પર આવેલું હતું. અને મૉસ્કવા નદી વાટે વૉલ્ગામાં થઇને જળમાર્ગી વેપાર ચાલતો. તે પછી એ ઠકરાત ધીમેધીમે વધતી ગઈ અને તેના અધિપતિઓએ આજુબાજુના પ્રદેશો પર હકુમત વધારવા માંડી. ઇ.૧૩૦૦માં તેની લાકડાની દીવાલમાં માટીની દીવાલનો વધારો થયો અને ૧૩૬૭માં તે દીવાલ પથ્થરની કરવામાં આવી; તેણે લિથુઆનિયાનો હલ્લો ઝીલ્યો. ૧૫૪૭માં એ મોટી આગે મૉસ્કોને તારાજ કર્યું ને ૧૫૭૧માં તથા ૧૫૯૧માં ક્રીમિયાના તાતાર ખાને હલ્લો કરી જીત્યું ત્યારે ક્રેમલિન સિવાય આખા શહેરને તેણે બાળી મૂક્યું.

અરધા સોળમા અને આખી સત્તરમી સદી સુધી મૉસ્કો રાજા સામેના બળવાખોરો અને આંતરવિગ્રહોનું ધામ રહ્યું. અંતે ૧૭૦૨માં પીટરે કંટાળીને સેન્ટપીટર્સબર્ગ સ્થાપી ત્યાં રાજધાની કરી. ૧૮૧૨માં નેપોલિયનનું વિખ્યાત આક્રમણ આવ્યું, ને ૧૩મી સપ્ટેમ્બરે ફ્રેન્ચોએ ક્રેમલિન કબજે કર્યું તેને બીજે જ દિવસે મૉસ્કોની તવારીખમાં ભયંકર એવી વિનાશક આગે તેને ભસ્મીભૂત કરી નાખ્યું. નેપોલિયન હેરાન થઇને ત્યાંથી જ પાછો ફર્યો, અને ફરીથી મૉસ્કોનું નવસર્જન થવા માંડ્યું.

ઈ. ૧૩૨૫માં ધર્મગુરુ પીટરે તેને ‘ધર્મનગર’ તરીકે સ્થાપ્યું ત્યારથી જ મૉસ્કો ખરું પ્રકાશમાં આવ્યું. ત્યારથી તે છેક ૧૯૧૭ની લાલ ક્રાંતિ સુધી, રાજધાની ઉપરાંત તેનું મહત્ત્વ લોકહૃદયમાં એક ધર્મનગર તરીકે વિશેષ હતું અને ‘પવિત્ર શહેર’ અથવા ‘નાની માતા’ના નામે પ્રજામાં તે આદરણીય ગણાતું. આજે પણ ત્યાં દેવળોની સંખ્યા એટલી બધી છે કે તે દેવળોનું નગર હોય એમ લાગે. એનું સમગ્ર દૃશ્ય રશિયાના સમસ્ત જીવનનું જાણે પ્રતિબિંબ પાડતું હોય એવું લાગે છે. ખેડૂતોનાં જીવનને તાદૃશ્ય કરતાં એનાં પરાંઓમાંનાં લાકડાનાં ઘરો, મધ્યકાલીન અમીરોનાં બેઠા ઘાટનાં, લાકડાના મહેરાબો અને થાંભલાઓવાળાં મકાનો, આધુનિક ઢબનાં અસંખ્ય માળવાળાં નિવાસસ્થાનો અને ફૅક્ટરીઓ, પૂર્વની ભવ્યતા ધરાવતા સોનેરસ્યા ઘુમ્મટોવાળાં વિવિધ રંગે રંગેલાં દેવળો, જૂના કાળના સમ્રાટોના ભવ્ય મહેલો અને એ બધા ઉપર સરસાઈ ચડાવતા લીલા, લાલ અને આસમાની રંગના મીનારાઓ આખા શહેરને રંગદર્શી બનાવે છે. અને આ પશ્ચાદ્‌ભૂમિ સાથે તેની બજારોમાં વિવિધ તરેહના પોશાકો પહેરી ફરતી યુરોપી તથા એશિયાઈ પ્રજાઓ રમ્ય દૃશ્ય ઊભું કરે છે.

રાજવંશીઓનાં સમાધિસ્થાન ધરાવતું યુસ્પેન્સ્કીનું પ્રખ્યાત કૅથેડ્રલ ક્રેમલિનના મધ્ય ભાગે આવેલું છે. ત્યાં ઝારોના રાજ્યાભિષેક સમયે વગાડવામાં આવતો ‘આઈવાન વેલિકી’ નામનો જંગી ઘંટ ૩૨૦ ફીટના મીનારા પર આવેલો છે, જેની સામે જ ‘ઝાર કૉલોકૉલ’ નામનો પેલો દુનિયાની અજાયબીરૂપ ગણાતો મૉસ્કોનો મહાકાય ઘંટ પડેલો છે. ૧૭૩૭માં ઢાળતી વેળા તેમાં ચીરાડ પડી અને તે નકામો થયો.



મૉસ્કવા નદીને કિનારે વસેલા મૉસ્કોનું દૃશ્ય-મધ્ય ભાગે ક્રેમલિન દેખાય છે.

પંચતંત્રની વાર્તાઓ

કાગડાનું ભાષણ સાંભળીને રાજા કરવા કોઈ વાર ફરી સમવાય મેળવીને મન્ત્રણા કરશું એમ કહીને બધા પક્ષી વિખરાઈ ગયા. પોતાના રાજ્યાભિષેકમાં કાગડે પાણો નાખ્યો, એટલે ઘુડ કહે, "હવે મારે તારે વેર છે, કેમ કે કુહાડેથી છેદાયેલું ને દાવમાં બળેલું વન ફરી ઊગે છે, પણ વચનબાણના ઘા રૂઝાતા નથી."

આમ કૌશિક હારે આપણે વેર થયું.'

મેઘવર્ણ કહે. 'તો હવે, બાપુ, આપણે કરવું શું?'


વૃદ્ધ મંત્રી કહે, 'સ્વામિન્, છ ગુણમાંથી સંધિવિગ્રહની વાત થઈ ગઈ. ત્રીજું આસન કામ નહિ આવે, કેમ કે એમ કરતાં બળવાન્ શત્રુને હાથે ગઢનો ને આપણો બેયનો નાશ થાય. યાન એટલે આપણું સ્થાન છોડવું તે કેમ બને? એવો કોણ બળિયો છે જેનો સંશ્રય લઈ શકાય? અને દ્વૈધીભાવ કોની હારે કરવો? એટલે સામદામભેદદંડ એ ચાર નયનો અહિં અવકાશ નથી. પણ શાસ્ત્રમાં નહિ ગણાવેલો છલ નામે પાંચમો ઉપાય છે, એનો અંગીકાર કરીને હું શત્રુનો પરાભવ કરીશ. અને કહ્યું છેઃ

બુદ્ધિથી શત્રુને જીતે દૂબળા બહુ પૂરુષો ।
ધૂતારે બકરો લીધો છેતરી બ્રહ્મદેવને ॥

મેઘવર્ણ કહે, 'એ કેમ?' ચિરજીવી બોલ્યોઃ

કથા ૫

મિત્રશર્મા નામે બ્રાહ્મણે અમાવાસ્યાને દિવસે યજ્ઞ કરવા સારુ કોઈ ગ્રામાન્તરવાસી યજમાન આગળથી બકરો માગીને લીધો, અને એને ખાંધે ચડાવીને પોતાને ગામ આવવા નિકળ્યો. અર્ધે માર્ગે એને ત્રણ ધૂતારા સામા મળ્યા, એણે બ્રાહ્મણ આગળથી કળ કરીને બકરો પડાવી લેવાનો સંકલ્પ કર્યો. એટલે એ બધા ય આગળ થઈ ગયા, ને પહેલાં એક ધૂર્ત બ્રાહ્મણને સામો મળ્યો અને કહ્યું, 'આ અપવિત્ર કૂતરાને કેમ ખાંધે ચડાવ્યો છે?' બ્રાહ્મણ વિચારમાં પડ્યો, કે 'આ દુરાત્મા શું બોલ્યો? કૂતરાને હું કેમ ખાંધે ચડાવું?' એમ કરી થોડેક ચાલ્યો, ત્યાં બીજો ધૂર્ત મળ્યો, તે બોલ્યો. 'દ્વિજરાજ, આ કૂતરાને લોકવિરુદ્ધ થઈ ને ખાંધે ચડાવ્યો છે તે પશુ મારવામાં કુશળ છે કે શું? અને તું બ્રાહ્મણ છે કે વ્યાધ?' આ સાંભળીને બ્રાહ્મણે બકરાને ભોંય ઉપર મૂકી નિરખી જોયો ને વિચાર્યુંઃ 'એ મૂરખ છે, તે આને કૂતરો કહે છે.' પણ તોય એનું મન



ટાલકટોલક થયું. થોડેક ગયો ત્યાં ત્રીજો ધૂર્ત મળ્યો, ને કહે, 'અગને સ્પર્શ કરીશ મા; એક પડખેથી જા, કારણ ઉત્તમજાતિ થઈને કૂતરાને ઉપાડે એ શ્વપાક જ કહેવાય.' હવે બ્રાહ્મણે વિચાર્યું કે, 'મારાં ઇન્દ્રિય વિકલ થઈ ગયાં છે કે શું! બહુમત વાતને પ્રમાણ જ ગણવી જોઇએ. કદાચ આ કૂતરારૂપી માયાવી રાક્ષસ જ હશે.' એમ કરી બકરાને મૂકી ન્હાઈને ઘેર ગયો. ધૂર્ત હસતા હસતા બકરાને લઈને ચાલતા થયા.

એટલે હું કહું છું, 'બુદ્ધિથી શત્રુને જીતે' ઇત્યાદિ.

(ચાલુ) દે. વા.

ફોટોગ્રાફી

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ: મોકૂફ; બીજું ઈનામ: 'જીવતરનું સાધન'–ડી. ડી. બારોટ (મુંબાઇ); ત્રીજું ઇનામ: 'વાત્રકને કાંઠે':–ચંદુભાઇ ભટ્ટ (અમદાવાદ); નોંધપાત્ર: (૧) 'સરાણિયા'–રાવજીભાઈ પટેલ (નડિયાદ); (૨) 'વર્તુલ અને છાયા'–જયકુમાર પંડ્યા (મુંબાઇ); (૩) 'રંગારો'–જયંત લાલન (મુંબાઇ); (૪) 'સ્વર્ગીય પ્રેમ' કંચનરાય અમીન (અમદાવાદ).

ફોટોગ્રાફીની મદદથી ઉદ્યોગોની જુદીજુદી પ્રક્રિયાઓ સંઘરવાની ખાસ જરૂર છે. ભાઈ બારોટના 'જીવતરનું સાધન' ચિત્રમાં કોઈ રેંક રેંટિયો ગૂંથતો જણાય છે. તક જોઇને અનુકૂળ સમયે લેવાએલા આ ચિત્રમાં પાત્રના ચહેરા પર ક્રિયાનો આનંદ સ્પષ્ટ જણાય છે. પાત્રની બેઠક તથા કામ કરવાની રીત કુદરતી છે. પ્રમાણસરનાં છાયાપ્રકાશ પણ ચિત્રને આકર્ષક બનાવે છે. ઝૂંપડીનો થોડો ભાગ, ખપાટિયાં, ગાદીની ભીંત ને તેની પર સુકાતી ફાટેલી ગોદડી ચિત્રકથાની સચોટતામાં ઉમેરો કરે છે. ચિત્ર ઉત્તમ છે, પરંતુ પ્રિન્ટિંગ નબળું છે. નેગેટિવ તપાસ્યા વિના તેનું ચોક્કસ કારણ દર્શાવવું મુશ્કેલ છે.

આંખને રમણીય લાગતા દૃશ્યનો ફોટોગ્રાફ આપણે ઉત્સાહભેર લઇએ છીએ પણ પરિણામ ઘણીવાર નીરસ આવે છે. સાદી (એકરંગી)–monochrome–ફોટોગ્રાફીમાં રંગને સ્થાન નથી અને કૅમેરાના લેન્સમાં (આંખમાં) પસંદગી –selective power–નો અભાવ છે, એટલે સારૂંનરસું બધું ય ચિત્રમાં ઝડપાય છે. આથી દૃશ્ય (landscape) ફોટોગ્રાફી અઘરી ગણાય છે. 'વાત્રકના કાંઠે' ચિત્રમાં ઘણી ઉપયોગી–બીનઉપયોગી વસ્તુઓ સમાવવામાં આવી છે. નદીના તટ વચ્ચે આવેલી દહેરી, પાણીનું વહેણ વગેરે અનુપમ ચિત્રસામગ્રી ભાઈ ચંદુભાઇની નજર સામે હતી, છતાં નહાવા જતા મિત્રોની છબી પાડવાનું લક્ષ્ય રાખી તેમણે ઊંચા દૃષ્ટિકોણથી એક્સ્પોઝર કર્યું, અને જવલ્લે જ સાંપડતી તક ગુમાવી. મંદિરની કમાનમાંથી દૂરદૂરની વાડીઓ અને આકાશ દેખાય તેવી રીતે તે જ જગ્યાએથી નીચા દૃષ્ટિકોણથી ચિત્ર લેવાની જરૂર હતી. આ સ્થળની બીજી મુલાકાતે ઉપરની સૂચના પ્રમાણે એક્સ્પોઝર કરી જોવું. ભાઇ ચંદુભાઈના ચિત્રમાં નજર દહેરી અને સફેદ પોશાકવાળી વ્યક્તિઓ વચ્ચે ભમ્યા કરે છે. ઘાટનાં પગથિયાં તથા બાજુની દીવાલોથી ચિત્રવિસ્તારનો અર્ધોઅર્ધ ભાગ ભરાયો હોવાથી ચિત્ર શુષ્ક લાગે છે. બાકી, ફોટોગ્રાફીનો ક્રિયાભાગ સારો છે.

રાવજીભાઇના 'સરાણિયા' ચિત્રનો વિષય સારો છે. પ્રિન્ટ 'કૉન્ટ્રસ્ટી' પેપર ઉપર કાઢ્યાં હોવાથી વર્ણભેદ પ્રમાણસર દેખાતા નથી. 'વર્તુલ અને છાયા'માં કાંઇ જ આકર્ષક તત્ત્વ નથી. વિષયને અનુરૂપ દૃષ્ટિકોણ હોવો જોઇએ. રોજ નજરે ચડતી વસ્તુ કે સ્થળનું ઊંચા દૃષ્ટિકોણથી લીધેલું ચિત્ર દૃષ્ટિકોણની નવીનતાને લીધે કેટલીકવાર ચિત્તાકર્ષક બને છે, પરંતુ એ અપવાદ હોય છે. શહેરના ફુટપાથ પર દુકાન માંડી ફળ વેચનારાઓનું ચિત્ર સામાન્યરીતે આંખના સમાન અંતરેથી (eye-level) લેવાવું જોઇએ. ભાઇ લાલનનો 'રંગારો'નો વિષય નવીન છે. પાલખમાં બેસી ઐતિહાસિક ઇમારતની દુરસ્તી કરતો કારીગર ભાઈ લાલનનું ચિત્રલક્ષ્ય છે. ચિત્ર જોતાં એ હેતુ સર્યો નથી એમ લાગે છે. ભાઇ કંચનરાયે ઘરમાં ટેબલ કે બાજઠ ઉપર કાચની પક્ષી–જોડીને ગોઠવીને કાલ્પનિક ચિત્ર ઉપજાવ્યું છે. આ પ્રકારની ફોટોગ્રાફીને અંગ્રેજીમાં Table-Top Photography કહે છે. એમાં સંયોજનશક્તિ તથા કલ્પનાની કસોટી થાય છે. કૃત્રિમ પાત્રોની રચના વડે ચિત્રમાં વાસ્તવિકતા તથા નૈસર્ગિક ભાવ ઉપજાવવામાં જ કુશળતા રહેલી છે. 'સ્વર્ગીય પ્રેમ' એક અફળ અખતરો ગણાય.

બલવન્ત ભટ્ટ

(અનુ૦ આગળના પાનેથી) ગાંઠું લઈ આવ્યા. આલાસિયો ગામમાં એવો કોઇ અભાગિયો નહોતો, જેણે કાંઇ નહિ ને કાંઇ ન આપ્યું હોય. જાકોપોને છોડાવવા જોગા પૈસા ઝટ થઈ ગયા.

મોરોક્કો હારે વ્યવહાર કરનારા વેપારીઓએ જાકોપોને છોડાવવા વિષે વાતચીત કરવાનું માથે લીધું. થોડા વખત પછી જાકોપો આવ્યો એનું સામૈયું આખા ગામે કર્યું; ઘંટ વાગે છે, ધજા ફરકે છે, અને જયઘોષ ગાજે છે.

સામૈયામાં દૂબળી, ધોળી પૂણી જેવી, પ્રોષિતપતિકા જેવી નિરાભરણી મેરી પણ આવી હતી, તેના વિવાહ જાકોપો હારે થોડા દિવસ પછી રંગેચંગે થઈ ગયા.

(મીના અંગ્રેજી ઉપરથી) દે. વા.

પિતૃદેવો ભવ

(પિતાને દેવ જાણીને એની સેવા કર)

એપીનાઇ વંત ઉપર આંધી ચડી હતી અને ભૂમધ્ય સમુદ્રના પાણી ઉપર વહેલી સવારની રવિપ્રભા ચમકતી હતી, ત્યારે ઇટાલિયન માછી ઇમાન્યુઅલ જિરાલ્ડો પોતાની માછીહોડી લઇને સમુદ્રયાત્રા કરવા નિકળી પડયો.

ડુંગર ઉપર આલાસિયો નામે ગામ હતું ત્યાં જિરાલ્ડો રહેતો. તે આમ ગયા પછી પોતાની મા તથા બહેનને સંભાળવાનો તથા કાંઠે કાંઠે માછીકામ કરીને કુટુંબનો નિર્વાહ કરવાનો ભાર તેના દીકરા જાકોપોને માથે આવ્યો.

જાકોપોની પ્રિયતમા મેરી માછીજાળ વણતી. તેને તથા જાકોપોને નાનપણથી જ મિત્રતા હતી.

જાકોપો ને મેરી એક સાંઝે બેઠાં હતાં ત્યાં સફરે ગયેલી માછીહોડીઓ પાછી આવી છે એવા સમાચાર ગામમાં ફરી વળ્યા. જાકોપો બંદરે ગયો, પણ પોતાના બાપને એણે ન જોયા. એટલે એણે એક મુસાફર માછીને પૂછ્યું: 'મારા પિતા ક્યાં છે?'

'મને ચોક્કસ ખબર નથી.'

'એ મરી તો નથી ગયા?'

'ના, રે ભાઇ, ના.'

'તો પછી શું થયું?'

'અમે બધા સમુદ્ર ઉપર માછલાં પકડતા હતા ત્યાં બાર્બરીના મુસલમાન ચાંચિયા અમારા ઉપર ખાબકયા; તેનાથી અમે તો ભાગી છૂટયા, પણ જિરાલ્ડોએ અમારા જેટલો ઝપાટો ન માર્યો.'

બીજે દિવસે જિરાલ્ડોને ઉદ્દેશીને દેવળમાં પ્રાર્થના થઈ.

ત્રીજે દિવસે સવારે મેરી બંદરે ગઈ. જાકોપો સમુદ્ર-યાત્રાની તયારી કરીને કાંઠે ઊભો હતો, ને ત્યાં આવીને પોતાને મળી જાય એમ એણે મેરીને સંદેશો કહાવ્યો હતો. મેરી આવી એટલે જાકોપો કહેઃ

'તને મળ્યા વિના મારાથી કેમ જવાય? મા જાણતી નથી કે હું જાઉં છું. એની પીડાનો ક્યાં પાર છે? હું ગયાનું કોઇને કળવીશ મા, માને સંભાળજે. ને મારે સારુ પ્રાર્થના કરજે.'

'પણ તું જાસ ક્યાં?'

'કાલ દેવળમાં મેં નિયમ લીધો કે મારા બાપુની ભાળ કાઢ્યા વિના હું આલાસિયોમાં પગ નહિ મૂકું.'

'પણ તું કરીશ શું?'

'બાપુને ગોતી કાઢીશ, અને એને સાટે હું એના માલિકનો ગુલામ થાઇશ. બુઢ્ઢા ગુલામને ઠેકાણે જુવાન મળી જાય તો કોઇ પણ માલિક રાજીના રેડ થઈ જાય.'

'તહિ તો કાણ જાણે આપણે ફરીને એક બીજાનું મોં જોશું કે નહિ જોઇએ.'

જાકોપો નિકળી પડયો.

દિવસ ઉપર દિવસ વહી જાય છે. મેરી સોનાનાં બુટિયાં પહેરતી નથી, શાલ ઓઢતી નથી, હસતી નથી. ગાતી નથી; પરોઢિયે ઊઠીને દીવાટાણા લગી કામ કર્યાં કરે છે, પરિશ્રમ કરીને શોક હળવો કરવા મથે છે.

મેરીએ એવો મનોરથ ઘડયો, કે પોતાનું આખું જીવન અને પોતાનું સર્વસ્વ વાવરીને જાકોપોના બંધ છોડાવવા. ગુલામછોડામણના પૈસા માલિકો પુષ્કળ માગતા, એટલે જાકોપોને છોડાવવા જોગા પૈસા ભેળા થાય ત્યાં પોતાને ઘડપણ આવી ગયું હશે એમ મેરી જાણતી હતી, તો પણ મરણોન્મુખ વૃદ્ધ પુરુષ દાખલ ભલે પણ પોતાનો પ્રિયતમ પોતાને ગામ આવે એવી આશા તે સેવતી હતી.

જાકોપો અલ્જીરૈં પહોંચ્યો, ને મચ્છી વેચવા બેઠો, ત્યાં એના બાપનો પત્તો એને લાગ્યો. બાપને સાટે દીકરાને રાખી લેવા એનો માલિક તૈયાર હતો એટલે એણે ખુશીથી સાટું કર્યું.

જિરાલ્ડોએ તો એટલું જ જાણ્યું કે કોકે તેની સાંકળ છોડી અને કહ્યું. 'કાફર, જા, તું છૂટો છે.'

જિરાલ્ડો પોતાને ગામ પહોંચ્યો, એને વધાવવા આખું ગામ ભેળું થઇ ગયું. કોઇ હસે છે, કોઇ રુએ છે, સૌ ભગવાનનો અનુગ્રહ માને છે, ત્યાં કાળાં લુગડાં પહેરીને મેરી જિરાલ્ડો આગળ આવી તથા રોઈ પડી. બાવાજી (પ્રીસ્ટ) કહે, 'દિકરી, આ રોવાનો અવસર નથી. બંધવાના બંધ છૂટયા છે.'

પણ જાકોપો બાપને ઠેકાણે બંધાયેલ છે એ ભયાનક સત્ય વૃદ્ધ માછી તથા તેની પત્નીએ જાણ્યું ત્યારે લોકોનું ટોળું વિખરાઈ ગયું, કેમ કે ડોસાડોસીનું દુઃખ કોઇથી જોયું જાય નહિ.

દેવળનો ઘંટ ટન ટન નાદ કરવા મંડયો બાવાજી જાકોપોને નિમિત્તે પ્રભુપ્રાર્થના કરશે, એમ જાણીને બધા ત્યાં આવ્યા. દેવળ આખું ભરાઈ ગયું, એટલે બાવાજી કહે,

'બાપના બંધ છોડાવવા જાકોપો પોતે બંધાઇ ગયો છે આવો ભવ્ય આત્મભોગ આલાસિયોવાસી બીજા કોઇએ આપ્યો જાણ્યો નથી. એટલે બહેનો તથા ભાઇઓ, આપણે એને બચાવવો જોઇએ. આપણે બધા નિર્ધન છિએ, તો પણ એકેએક જણ પોતાથી બને એટલો ઝાઝામાં ઝાઝો ફાળો આપે તો ઠીક ઠીક મોટો આંકડો થઈ જાય, અને એમ કરતાં પૂરા પૈસા નહિ ઊપજે, તો સન્ત નિકૉલસની આગળ ધરેલા પૈસા પણ હું લઈ લઈશ તથા ભગવાન મને ક્ષમા કરશે.'

બાવાજીને ઘેર તો માણસનો ભેર પડયો; કોઇએ પૈસા આપ્યા; કોઇ વાળી, ચૂંક એવું ઘરેણું- (અનુ૦ પાછળના પાને)

મધુકરી



અઠંગ ભાષાશાસ્ત્રી પ્રો. બેઈલી

આજથી ત્રીસ વર્ષ પહેલાં ઇંગ્લંડનું વિલ્ટશાયરમાંનું પોતાનું ઘર છોડી દશ વર્ષનો એક છોકરો આસ્ટ્રેલિયાના એક એકાકી પ્રાંતમાં ગયો. આજ એ કેમ્બ્રિજમાં સંસ્કૃતનો પ્રોફેસર છે. એનું નામ એચ. ડબ્લ્યુ. બેઇલી. એ એકાકી પ્રાંતમાં કોઇ શાળામાં ગોઠવણ ન થઇ શકતાં તે પોતાની જાતે અભ્યાસ કરવા લાગ્યો. વીસ વર્ષે તે ફ્રેન્ચ, જર્મન, સ્પૅનિશ, ઇટાલિયન, રશિયન, લાટિન અને ગ્રીક બરાબર જાણતો હતો અને અરબી, સીરિયાઇ, હિબ્રૂ, તુર્કી, ફારસી હિંદુસ્તાની, તામિલ, સિંહાલીઝ, જાપાનીઝ, અવસ્તા, સંસ્કૃત ને પાલીથી પરિચિત હતો. જાપાનીઝ ભાષા તે રદ્દી છાપાંઓ પરથી શીખ્યો હતો.

૨૨મે વર્ષે વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા યુનિવર્સિટીમાં તે બેઠો અને ગ્રીક ને લાટિનમાં ઑનર્સમાં પહેલા વર્ગમાં પસાર થયો. લંડન તે પ્રો. એફ. ડબ્લ્યુ. ટૉમસના હાથ નીચે કામ કરવા આવ્યો. અહીં સંસ્કૃત, અવસ્તા અને ઇંડો–યુરોપિયનના તુલનાત્મક ભાષાશાસ્ત્રમાં તેણે ફર્સ્ટ ક્લાસ ઑનર્સ લીધા ને લંડન સ્કૂલ ઑફ ઓરિએન્ટલ લૅન્ગ્વેજિઝમાં વ્યાખ્યાતા થયો.

ઉરુગ્વાય

બ્રાઝિલ અને આર્જેન્ટિના વચ્ચે ત્રિકોણાકાર ફાચર જેમ દખ્ખણ આટલાંટિકને કાંઠે આવેલો ઉરુગ્વાય દેશ દક્ષિણ અમેરિકાના બધા દેશોમાં નાનામાં નાનો છે, પણ પ્રગતિમાં ઘણા દેશોથી આગળ છે. કામના આઠ કલાકો, કારખાનાંઓમાં થતી ઇજા માટે વળતરો, વૃદ્ધ વયનાં સાલિયાણાં વગેરે વસ્તુઓ ત્યાંની સમાજ-લોકશાહી (sociodemocratic)સરકારે પહેલેથી જ અમલમાં મૂકી દીધેલી છે. લૅટિન અમેરિકામાં જીવનના ઊંચામાં ઊંચા ધોરણ સાથે શિક્ષણનું ઊંચામાં ઊંચું પ્રમાણ એ ધરાવે છે. દખ્ખણ અમેરિકામાં વીજળીના દીવા સૌ પહેલા અપનાવનાર એનું રાજધાનીનું શહેર મૉન્ટીવીડિઓ હતું. મોટે ભાગે તેની વસતિ સ્પૅનિશ છે, જ્યારે થોડુંઘણું અંગ્રેજ અને ઇટાલિયન તત્ત્વ પણ જોવામાં આવે છે.

ઉરુગ્વાયનો સૌથી મોટો ઉદ્યોગ માંસ છે. જગતની માંસની નિકાસના ૧૫થી ૧૮ ટકા તે એકલું ચડાવે છે. એ સિવાય તે ચામડાં અને ઊન પરદેશ ચડાવે છે ને બીજો કાચો માલ આયાત કરે છે, કારણ એને ગણનાપાત્ર ખનિજ ઊપજ એકે નથી.

એનું રાજધાનીનું શહેર મૉન્ટીવીડિયો દખ્ખણ અમેરિકાનાં બીજાં પાટનગરોને મુકાબલે નવું જ લેખાય. ઈ ૧૭૨૬માં સ્પૅનિયાર્ડ લોકોએ તે સ્થાપેલું. બ્રાઝિલ અને આર્જેન્ટિના એ બે પોર્ટુગીઝ અને સ્પૅનિશ દેશો વચ્ચે ઉરુગ્વાયના કબજા સારૂ બહુ લાંબો ઝગડો ચાલેલો, પણ ૧૮૨૮માં દખ્ખણ અમેરિકાનાં બીજાં રાજ્યો સ્વતંત્ર થયાં તે સાથે ઉરુગ્વાયનું સ્વાતંત્ર્ય પણ માન્ય રાખવામાં આવ્યું. બે વર્ષે રહીને એ નવા પ્રજાસત્તાકનું બંધારણ ઘડાયું.

આમ, શાંતિ સ્થપાયા પછી મૉન્ટીવીડિયોએ ખૂબ ઝડપી વિકાસ સાધ્યો ને પચાસ વરસમાં તો એ આધુનિક શહેરોની હરોળમાં ઊભવા શક્તિમાન બની

જ્યૂડીઆમાં સવાર

• વસંત •

નક્ષત્ર એક પૃથિવી ભણી આંખું જોઇ
ડૂબ્યું પાછું ક્ષિતિજમાં; રજનીય વીતે.
કેવું સવાર ઊઘડે! સઘળી દિશાઓ
આજે ધરે ભભૂતનો અવધૂત રંગ.

શી લ્હેરખી પવનની અતિમંદ આવી
આભાર-વેણુ-રવ લાવતી કોઇ ચેળ!
આવી વળી પવનની બીજી લ્હેરખી, ને
નીચે ખર્યાં વિટપથી ત્રણચાર ફૂલ.

ગાતો હશે પૃથિવીતીર સમુદ્ર ગાન
ઊર્મિભર્યાં, સ્મિતભર્યાં, વિચિપુષ્પવેરી.
રાત્રી ઈશુ જનમની વીતતાં સવાર
જેવું ઊગ્યું, ઊગતું આજ જરા ન જુદું.

આ ભોમધન્ય! જનધન્ય ભૂમિતણા આ
વાત્સલ્યમુગ્ધ જનની શિશુને નિહાળ્યાં.

હરિશ્ચંદ્ર ભ. ભટ્ટ

ગયું. ઉરુગ્વાયના મુખ્ય ઉદ્યોગોનું કેન્દ્ર આ મોન્ટીવીડિયો જ છે, જ્યારે નાનાનાના ઉદ્યોગો કે બેન્ટોસ, સાલ્ટો તથા પેસાન્ડુ જેવાં શહેરોમાં વિકસ્યા છે.

માથું—સાકરિયું કે સરવરિયું?

ગુજરાતની એક આર્ટ્સ કૉલેજના ગોરા અધિષ્ઠાતાની વાત છે. વર્ગમાં માખીની કાંઈક વાત નીકળતાં એમણે ઉદ્ગાર કાઢ્યા: 'કોણ જાણે કેમ, માખીઓ મારા માથાને સાકરનું બનેલું સમજે છે કે શું? હું બંગલે જાઉં છું ત્યારે મારા માથા ફરતી ઊડ્યા જ કરે છે.' આ બાબત એમણે સ્ફોટ મેળવ્યો હશે કે નહિ તે કેમ કહી શકાય? પણ જેને તરસી માખીની પાણી શોધવાની રીતની માહિતી હોય તે આવા ભ્રમમાં પડે નહિ. મક્ષિકાઓ એ મસ્તકને સાકરિયું નહોતી સમજતી; પણ પરસેવાભર્યું એ માથું એમને આકર્ષતું એ ચોક્કસ; કારણ કે તૃષિત કીટકોને માફક આવે એવા જળાશયની ગરજ સારે એવું એ હતું—હોય છે.

જ્યારે મનુષ્ય સ્નાન બાદ જળાશય કે સ્નાનકુંડીમાંથી નીકળે ત્યારે એના શરીર પર આશરે એક રતલ પાણી હોય છે; જળમાં પડીને નીકળેલા મૂષક ઉપર એના વજન જેટલું જ પાણી રહેલું હોય છે; પરંતુ એક ભીની માખીનાં અંગોપાંગ પર રહેલા પાણીનું વજન એના વજન કરતાં અનેક ગણું હોય છે. આથી કરીને કીટકને પાણી પીવા જતી વખતે બહુ સંભાળ રાખવી પડે છે, કારણકે જો ભૂલેચૂકે એ પાણીની સપાટીની નીચે લપસી જાય તો જીવ ખોવાનો જ વારો આવે. કાં તો એ ડૂબી મરે અથવા એની અસહાય સ્થિતિમાં કોઈ જળચરનો શિકાર બની રહે. આ વાત કીટકસમુદાય ખૂબ ધ્યાનમાં રાખતો હોય એમ લાગે છે અને આથી જ માત્ર ભીની જમીન કે એવાં સ્થાનોમાંથી જ પોતાને જોઇતું પાણી પ્રાપ્ત કરે છે. આ જ કારણને લીધે પ્રસ્વેદભીના માનવીના સાંનિધ્યમાંથી વારંવાર ઉડાડ્યા છતાં માખી ખસતી નથી. 'તૃષિતને જળ દેવું' એ ઉપદેશને આવા સંજોગમાં કયો માનવી સ્વેચ્છાથી અનુસરીને પુણ્ય હાંસલ કરવા તૈયાર થશે?

—મ. હ. દેસાઈ

મચ્છરના ઉપદ્રવ સામે

શિયાળો આવતાં સાથે મચ્છરનો ઉપદ્રવ વધતો જાય છે. તેનાથી બચવા માટે ઘણે સ્થળે મચ્છરની ધૂપબત્તીઓ વપરાય છે, પણ તે મચ્છરનો સમૂળ નાશ નથી કરતી. વળી તે સૌને પરવડે પણ નહિ. એક વસ્તુનો ધુમાડો મચ્છરનો જરૂર નાશ કરી નાખે છે, પરંતુ એ ધુમાડો માણસની શ્વાસનળીને નુકસાન કરનાર છે. કોઈ પણ માણસ પોતાના શ્વાસનળીને બચાવીને એ ધુમાડો મચ્છરને જ લાગે એ રીતે તેને બાળે તો મચ્છરનો વિનાશ થઈ જાય છે. એ દવાનું નામ છે 'બેરિયમ સલ્ફાઈડ' અથવા દેશી વૈદકમાં જેને બેરજો કહે છે તે. તેની ધૂણીથી મચ્છર નાબૂદ થાય છે.

પરંતુ આ રીતે સંહારકે મળશે બાંધવા કરતાં-અર્થાત્ મચ્છરોનાં વૃંદોનો વિનાશ કરવાના અખતરા કરવા કરતાં-પોતાની જાતને બચાવવા માટે એક સરસ ઉપાય છે અને તે મચ્છર દૂર રહે તેવું તેલ શરીરે લગાડવાનો. નારંગીનું તેલ મચ્છરને નસાડનારું છે અને જાતે સુગંધી હોવાથી લગાડનારને ત્રાસ આપતું નથી. જ્યાં એ ન મળી શકે ત્યાંના લોકો નીચે મુજબ બીજું એક તેલ બનાવી શકશે:

તલનું તેલ રતલ ૧, ગોમ્ખ્યું મીણ તો. ૫, કપૂર તો. ૧, બેરજો તો. ૧, હીરાકસી તો. ૦ા અને અફીણ તો. ૦ા.

પ્રથમ તલના તેલને પેણીમાં મૂકી ગરમ થવા દેવું અને પછી બીજી ચીજો વાટવા જેવી હોય તેને વાટીને તેલમાં નાખવી. મીણ જેમનું તેમ અંદર નાખવું. ધીમા તાપે તપીને એકરસ થઇ જાય એટલે નીચે ઉતારી કપડાથી ગાળી શીશીમાં ભરી લેવું રાત્રે સૂતાં પહેલાં, કપડાં વગર ખુલ્લાં રહેતાં અંગ પર આછાઆછા હાથે આ તેલ શરીર પર લગાડવાથી નુકસાન થતું નથી. નાનાં બચ્ચાં રાત્રે કપડું શરીર પર રહેવા દેતાં નથી, તેમને આ તેલ લગાડીને સુવડાવવાથી મચ્છરના દંશથી બચાવી શકાય છે. નારંગીનું તેલ મોંઘું પડે તેને માટે પણ આ તેલ ઉપયોગી થઇ પડશે. ('બહુરૂપી' ઉપરથી)

જાડા માણસો માટે ખાસ

ઘણા જાડા માણસો પોતાના શરીરમાં વધી ગએલા મેદથી શરમાતા નજરે પડે છે. એવાઓ માટે એ મેદ ઘટાડવાના થોડા રસ્તા અહીં આપ્યા છે.

પહેલું તો એ કે એવા માણસોએ ભોજન પરથી હમેશાં થોડા ભૂખ્યા ઊઠવું શરીરને ૧૨૦૦થી ૧૫૦૦ કૅલોરી ગરમી રોજની મળી રહે એટલા પ્રમાણમાં જ ભોજન લેતા રહેવાથી અઠવાડિયે બેએક રતલ જેટલું વજન ઘટતું જશે.

ખોરાકમાં છાશ, ખાટાં ફળો, ટમાટા, લીલાં શાક, ભાજી. ફળો વગેરે લેવાં. દરરોજ ૧થી ૩ લીંબુનો રસ લેવો. માંસ, મલાઇ, માખણ; કઠોળ, બટાટા વગેરેનો ત્યાગ કરવો. ઓછું ખાવાથી વચ્ચે ભૂખ લાગે તો એકાદ કાચું ગાજર ખાઇ લેવું.

અને એ બધા સાથે થોડીક કસરતની ઉપેક્ષા પણ ન કરવી. એથી પણ મેદ ઓગળવા સાથે શરીરના સ્વાસ્થ્યને ખૂબ લાભ થાય છે.

ભારતી સંવતો

૨૫-ઈસવી સન

ઈસાઈ ધર્મના પ્રવર્તક ઇશુ ખ્રિસ્તનો જન્મ રોમ નગરની સ્થાપનાના ૭૫૪મા વર્ષ (વિ.સં. ૫૭)માં માની લઈ ડાયોનિશિયસ એકસીગુઅસે આ સન સ્થાપ્યો. જોકે હવે ઘણા વિદ્વાનો માને છે કે ખ્રિસ્તનો જન્મ ઇ. પૂ. ૮થી ૪ વચ્ચે થયો હોવો જોઇએ. આ સન ઇસુની છઠ્ઠી સદીમાં ઇટલીમાં, આઠમી સદીમાં ઇંગ્લંડમાં, નવમી સદીમાં ફ્રાન્સ, બેલ્જિયમ, જર્મની તથા સ્વિટ્ઝર્લંડમા અને ઈ. ૧૦૦૦ સુધીમાં યુરોપના તમામ ઈસાઈ દેશોમાં તેનો પ્રસરી ગયો. આજે તો સૌથી વધુમાં વધુ પ્રચલિત સન એ જ છે.

આ મહિનો (ડિસેમ્બર) ઈતિહાસમાં

તા. ૧ ચાર્લ્સ પહેલાની ક્રૂરતા અને અન્યાયનો વિરોધ કરતી અરજી (પીટિશન) ઇંગ્લંડની પાર્લામેન્ટે તૈયાર કરી-ઈ. ૧૬૪૧

તા. ૫ અસહકારના દિવસોમાં લૉર્ડ સિંહાએ બંગાળના ગવર્નર તરીકે રાજીનામું આપ્યું-ઈ. ૧૯૨૧

તા: ૧૦ સ્પૅનિશ-અમેરિકન વિગ્રહનું સમાપન કરતી પારીસની સંધિ થઈ-ઈ. ૧૮૯૮

તા. ૧૮ હિંદના 'રીફૉર્મ'-સુધારાના કાયદા પસાર થયા-ઇ. ૧૯૧૯

તા. ૨૦ સ્કૉટલૅન્ડમાં પ્રથમ પ્રત્નમીય ધારાસભાની બેઠક મળી-ઈ. ૧૫૬૦

તા. ૨૨ 'જ્યૉર્જ ઇલિયટ'ના પુરુષનામી તખલ્લુસથી લખેલી નવલો વડે અંગ્રેજી સાહિત્યમાં નામ કાઢનાર અંગ્રેજ લેખિકા મેરીઍન ઇવાન્સનું મૃત્યુ-ઇ. ૧૮૮૦

તા. ૨૩ રવીન્દ્રનાથ ઠાકુરની 'વિશ્વભારતી' વિદ્યાપીઠની શાંતિનિકેતનમાં સ્થાપના થઇ-ઈ. ૧૯૨૧

તા. ૨૪ અમેરિકા અને ઈંગ્લંડ વચ્ચેના વિગ્રહની સુલેહ થઈ-ઇ. ૧૮૧૪

તા. ૩૦ હિંદની જંગલકથાઓ તથા બીજી વાર્તાઓથી આપણને જાણીતા, નોબેલ ઇનામના જીતનાર અંગ્રેજ નવલકાર અને કવિ રડિયાર્ડ કિપ્લિંગનો મુંબાઈ મુકામે જન્મ-ઇ. ૧૮૬૫

આ માસની સાહિત્યવિભૂતિ

વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય



સંસ્કૃત સાહિત્ય અને પ્રાચ્યવિદ્યાના આ વિદ્વાન જ્ઞાતાનો જન્મ પોરબંદરમાં સં.૧૯૧૯ના ફાગણ સુદ આઠમે પ્રશ્નોરા નાગર જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતા પ્રભુરામ જીવનરામ વૈદ્ય જામનગરના વિખ્યાત વિઠ્ઠલ ભટ્ટના શિષ્ય હતા અને મુંબાઈમાં તેમણે વૈદ્ય તરીકે નામના મેળવી હતી. તેમના કાકા સારા વેદાંતી હોઈ મુંબાઈમાં વેદાંત પ્રવચન કરતા, જેની છાપ એમના પર અભ્યાસકાળથી જ પડેલી અને સંસ્કૃત ભાષા તથા તત્ત્વજ્ઞાન પર એમને અભિરુચિ પ્રગટેલી. ૧૮૮૩માં મૅટ્રિક થઈ તે એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી. એ. થયા અને ૧૮૯૯માં થોડો વખત સૉલિસિટરનું કરી ૧૯૦૧માં બૅરિસ્ટર થવા ઈંગ્લંડ ગયા પરંતુ બૅરિસ્ટર થઈ આવ્યા છતાં તે વકીલાતના ધંધામાં પડ્યા નહિ, અને વ્યાપાર કહેવાય એવી જુદીજુદી લાઈનમાંથી પોતાનો વ્યવહાર સુખરૂપ ચલાવ્યો. મુંબાઇમાં તેઓ આગેવાન નાગરિક ગણાતા અને જે. પી. બન્યા હતા ઈ. ૧૯૦૪માં વિલાયતથી આવ્યા પછી એ જ વર્ષમાં મુંબાઈમાં ભરાએલી રાષ્ટ્રીય મહાસભામાં તેમણે આગેવાનીભર્યો ભાગ લીધો અને સત્યાગ્રહ શરૂ થતાં રાજકીય ક્ષેત્રમાંથી ફારેગ થયા ત્યાંસુધી વિનીતદળમાં અગ્રણી રહેલા.

એમની સાહિત્યપ્રવૃત્તિની શરૂઆત ઇ. ૧૮૯૦માં એમણે 'સરસ્વતીચંદ્ર' જેવા ગ્રંથની ગણનીય સમાલોચના પુસ્તકરૂપે બહાર પાડી ત્યારથી થઈ. સંસ્કૃત વિદ્યાના ઊંચા સંસ્કાર અને ન્યાયવેદાંતનો સારો વ્યાસંગ હોવાથી 'ન્યાયસાર'નું પુસ્તક તેમણે સંપાદિત કરેલું અને મુંબાઇ વેદધર્મસભાના મુખપત્ર 'આર્યધર્મપ્રકાશ'માં ચિંતનશીલ ધાર્મિક લેખો લખતા. સામાન્ય સાહિત્યસર્જન પ્રત્યે તેમણે ઉપેક્ષા સેવી છે, પણ પ્રાચ્ય વિદ્યા તથા પુરાતત્ત્વસંશોધનમાં તેમને ખૂબ રસ હતો; અને ૧૯૦૨માં વિલાયતની 'ઓરીએન્ટલ કૉન્ફરન્સ'માં ભાગ લીધો ત્યારથી તે એમના અવસાન સુધી હિંદની પણ એકેએક પ્રાચ્યવિદ્યાપરિષદોમાં એમણે હાજરી આપી ઊંડો રસ લીધો છે. પૂનાની ભાંડારકર રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટની આદ્ય સ્થાપનામાં તથા પોષણમાં તેમનો હાથ હતો. ૧૯૧૯માં પૂનામાં એ પ્રકારની પહેલી પરિષદ (ઓરીએન્ટલ કૉન્ફરન્સ) ભરાઇ તેના એ સ્વાગતાધ્યક્ષ હતા; ૧૯૨૮માં ઑક્સફર્ડની આંતરરાષ્ટ્રીય ઓરીએન્ટલ કૉન્ફરન્સમાં 'ઈશાવાસ્યોપનિષદ્' પર વિદ્વત્તાભર્યો નિબંધ વાંચ્યો હતો; અને ૧૯૩૪માં વડોદરાની ઓરીએન્ટલ કૉન્ફરન્સ (પ્રાચ્યવિદ્યાપરિષદ)માં પહેલી જ વાર રખાએલા ગુજરાતી વિભાગના તેઓ અધ્યક્ષ નિમાયા હતા. વિલાયતમાં આ પ્રકારની પરિષદમાં સ્વ. હરિલાલ હ. ધ્રુવ પછી સમસ્ત હિંદ તરફથી જનાર તેઓ પ્રથમ ગુજરાતી હતા. અને ઑક્સફર્ડની પરિષદમાં મહેનત કરીને હિંદી વિભાગને સહાયભૂત એવા ત્રણ ઠરાવો કરાવ્યા હતા, જેમાંનો એક એવો હતો કે યુરોપભરમાં મહાભારતની જેટલી પ્રતો હોય તેનું સંશોધન કરાવી તેની વિગતો, પૂનાના ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટ તરફથી થતા મહાભારત સંપાદનકાર્યમાં મદદ માટે પહોંચાડવી.

આમ, સાહિત્યસર્જનમાં નહિ પણ પ્રાચ્યવિદ્યાસંશોધનના પોષણ અને અને પુરસ્કારમાં અગત્યનો ફાળો આપનાર એ વિદ્વાન ગયા વર્ષના ડિસેમ્બરની ૧૧મી તારીખે અવસાન પામ્યા.

આપણો દેશ જગતની ૧/૫ વસતિ ધરાવે છે તેમ જગતના ૧/૪ નિરક્ષરો પણ ધરાવે છે. ભણેલાઓનું કોમવાર પ્રમાણ લેતાં સૈકડે પારસીઓમાં ૭૯ ટકા, યહૂદીઓમાં ૪૧, બ્રહ્મીઓમાં ૩૬, જૈનોમાં ૩૫, ખ્રિસ્તીઓમાં ૨૮, શીખ કોમમાં ૯, બૌદ્ધોમાં ૯, હિંદુઓમાં ૮, મુસલમાનોમાં ૬, અને બાકીની જાતિઓમાં ૭ ટકાનું પ્રમાણ આવે છે.

જગતમાં નોબેલ-પુરસ્કાર-વિજેતા રવીન્દ્રનાથ ઠાકુરનો જયજયકાર થઈ રહ્યો હતો એ વેળા કૅનૅડામાંથી તેમને અત્યંત માનભર્યું આમંત્રણ આવ્યું પણ એ જ અરસામાં એ દેશે હિંદીઓને ત્યાં જતાં અટકાવવા કેટલાક અન્યાયી કાયદા ઘડ્યા હતા. કવિવરે એ આમંત્રણનો અસ્વીકાર કરી જાહેર કર્યું કે 'જે દેશમાં મારા દેશવાસીઓ સામે આવા કાયદા છે ત્યાં માનપાન મેળવવા હું પગ નહિ મૂકું.'

અનેકાર્થી શબ્દ: **વા**=વાયુ, પવન; તરંગ, ફાંટો; શરીર પર ગટગુમટ નીકળવાનો, માથામાં કે કાનમાં ચસકા નાખવાનો કે સાંધા રહી જવાનો રોગ; જીવ, પ્રાણ; રોગ કે વિચારનું મોજું; અથવા; 'જેટલે અંતરે કે જેટલું' એ અર્થમાં નામને છેડે લાગતો પ્રત્યય (ઉદા૦ ખેતરવા, રાશવા વગેરે.)

કહેવતોના અર્થ: 'નાતે નાતનું વરે ને મુસાબાઇનું વા ને પાણી.' યુક્તિપૂર્વક પારકે પૈસે જશ લેવાની ધૂર્તતા માટે વપરાતી આ કહેવત માટે વાર્તા એવી છે કે મુસાબાઈ નામના વૉરા પર નાતીલાઓએ, તેની સ્થિતિ સારી ન હોવા છતાં બળજબરીએ નાત જમાડવાની ફરજ પાડતાં, મુસાબાઇએ વેર લેવા નાતનાં જ વાસણો ગીરો મૂકી ઉપરથાળે થી પીરસીને નાત જમાડી ! આથી ખુશ થઈ નાતીલાઓએ તેની વાહવાહ બોલાવી ત્યારે મુસાબાઇએ વ્યંગમાં કહ્યું પણ ખરું કે 'નાતે નાતનું વરે ને મુસાબાઈનું વા ને પાણી'; પણ નાતીલા તેને માત્ર વિવેક સમજ્યા. પાછળથી ખરી વસ્તુ સમજતાં પસ્તાયા.

સિડની (ઑસ્ટ્રેલિયા)ના જોસેફ સૅમ્યુએલ્સ નામના માણસને ચોર ઠરાવ્યા માટે ઇ. ૧૮૦૩ના સપ્ટેમ્બરમાં ફાંસીનો હુકમ થએલો. ત્રણ વખત લટકાવ્યા છતાં તેને ફાંસી નિષ્ફળ જવાથી આખરે તેને છોડી મૂકવામાં આવ્યો હતો.



ઈસ્ટ ઇન્ડિયન દ્વિપસમૂહ પાસે થતી 'આર્ચરફિશ' નામની આ માછલી ભાથાની માફક મોંમાંથી પાણીનાં ટીપાં કે પિચકારી ફૂંકીને દરિયાઈ વનસ્પતિ પરનાં જંતુઓને બેહોશ કરી નાખે છે અને તે બેહોશ થઈ પાણીમાં આવી પડે એટલે તેને ગડપ કરી જાય છે.

ફિલિપાઈન બેટો ને જાપાન વચ્ચે પૅસિફિક મહાસાગરની ઊંડાઈ દુનિયાભરમાં વધુમાં વધુ છે: ૩૪,૦૦૦ ફીટ.

ગણિતગમ્મત

$(૧^2+૨^2)-(૧\times૦)=૫$

$(૨^2+૩^2)-(૩\times૧)=૧૦$

$(૩^2+૪^2)-(૫\times૨)=૧૫$

$(૪^2+૫^2)-(૭\times૩)=૨૦$

$(૫^2+૬^2)-(૯\times૪)=૨૫$

$(૬^2+૭^2)\ (૧૧\times૫)=૩૦$

$(૭^2+૮^2)-(૧૩\times૬)=૩૫$

$(૮^2+૯^2)-(૧૫\times૭)=૪૦$

$(૯^2+૧૦^2)-(૧૭\times૮)=૪૫$

$(૧૦^2+૧૧^2)-(૧૯\times૯)=૫૦$

અને એમ આગળ

—કાન્તિલાલ મ. જોષી


ઘોડો પોતાના ઉપર ૧૫૦ રતલ વજન ઉઠાવી શકે છે; ઉંટ ૬૦૦ રતલ.

પાળેલાં કબૂતરોની ઊડવાની ગતિ કલાકના સાઠ માઈલની ગણાઈ છે.


દુનિયાભરમાં દરરોજ ૪૪,૦૦૦ ગાજવીજ સાથેનાં તોફાનો થાય છે.

નિરાશાવાદી—મારી થેલી અરધી ખાલી થઈ ગઈ.

આશાવાદી—હજી મારી થેલી અરધી ભરેલી છે.



બીજ અને વૃક્ષ: ઈ. ૧૮૨૫માં જ્યૉર્જ સ્ટીવન્સને ચલાવેલું પહેલું રેલવે એન્જિન 'રૉકેટ' અને તેમાંથી વિકસીને આજની શ્રેષ્ઠ કક્ષાએ પહોંચેલું ઈંગ્લંડની એલ.એન.ઇ રેલવેનું વિદ્યુતવેગી સ્ટ્રીમલાઇન એન્જિન 'ગોલ્ડન ઈગલ'



કથકલ્લી નૃત્યકારો
ઇચિંગ · શ્રી યજ્ઞેશ્વર શુક્લ



ઉદયપુરના રાજ્યમંદિરે
ફોટો · આબીદમિયાં સૈયદ